અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

Year:8, Issue: 305, Dt.05-10-2023 (Thursday)

Email ; saurashtrakranti@gmail.com

saurashtrakranti
Web: www.saurashtrakranti.com

Posting Licence No. RAJKOT / 678 / 2021-23,VALID UP TO 31-12-2023 posted at Rajkot-RMS published & posting dt.-daily (evening)

Registration of News Paper No. GUJGUJ/2015/65432 Pages: 10 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/- તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાનઃ ૧૨૫, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ–૩૬૦૦૦૧

સુવિચાર

''જે નિરાશ ને ક્યારેય જોતાં નથી તે આશા પણ ક્યારેય ખોતા નથી, અને જે પ્રયત્ન પર જીવી જાણે છે તે કિસ્મત પર ક્યારેય રોતા નથી.''

દિલ્હી શરાબકાંડમાં 'આપ'ને આરોપી બનાવાશે!

મનીષ સીસોદીયાની જામીન અરજી પર સુપ્રીમે રજુ કરેલા તર્કનો અમલ થાય તેવી શકયતા

નવી દિલ્હી,તા.૫

દિલ્હીના શરાબ ગોટાળામાં સીબીઆઈ તથા ઈડી દ્વારા કરવામાં આવી રહેલી તપાસમાં રાજયના પુર્વ નાયબ મુખ્યમંત્રી મનીષ સીસોદીયાની ધરપકડ બાદ ગઈકાલે સાંસદ સંજયસિંહની ધરપકડ પણ કરવામાં આવી છે અને આ શરાબ ગોટાળાના કારણે જે જંગી ભ્રષ્ટાચાર થયો તે નાણાનો ઉપયોગ આમ આદમી પાર્ટીએ ગોવા સહિતની ધારાસભા ચુંટણી લડવામાં કર્યો હતો.

તેવા એન્ફોર્સમેન્ટ વિભાગના દાવા બાદ હવે આ કેસમાં આમ આદમી પાર્ટીને પણ આરોપી બનાવવા તૈયારી છે. ગઈકાલે સુપ્રીમ કોર્ટે મનીષ સીસોદીયાની જામીન અરજીની સુનાવણી સમયે એવું પૂછ્યું હતું કે આ ગોટાળાથી આમ આદમી પાર્ટીને પણ જબરો નાણાકીય લાભ થયો છે તો શા માટે તેને આરોપી બનાવતા નથી.

આમ સર્વોચ્ચ અદાલતે જે સૂચન કર્યુ હતું તેનો અમલ કરવા ઈડીએ નિર્ણય લીધો છે અને 'આપ' ને પણ હવે આરોપી બનાવીને તેની સામે ચાર્જશીટ મુકશે. આજે મનીષ સીસોદીયાની જામીન અરજી સમયે ઈડી આ મુદે જાણ કરી શકે છે. જો ખરેખર તેમ થાય તો ભ્રષ્ટાચારના કોઈ કેસમાં કોઈ રાજકીય પક્ષ આરોપી બન્યુ હોય તેવી આ સંભવત પ્રથમ ઘટના હશે અને તે મુદે રસપ્રદ કાનુની જંગ પણ છેડાશે.

મરવાનું મંજૂર છે, ડરવાનું નહીં : આપ નેતા સંજયસિંહે વિડીયો જાહેર કર્યો

નવી દિલ્હી, તા. ૫ :

આમ આદમી પાર્ટીના નેતા અને રાજ્યસભાના સાંસદ સંજય સિંહે ધરપકડ બાદ એક વીડિયો જાહેર કર્યો હતો. તેમણે કહ્યું કે આજે અચાનક ઈડી મારા ઘરે પહોંચી ગઈ અને આખો દિવસ દરોડા પાડ્યા, પરંતુ કંઈ બહાર આવ્યું નહીં. મારી જબરદસ્તી ધરપકડ કરવામાં આવી રહી છે, પરંતુ અમે આમ આદમી પાર્ટીના સૈનિક છીએ. અમે મોદીજીને કહેવા માંગીએ છીએ કે તમે ચૂંટણી ખરાબ રીતે હારી રહ્યા છો. આ તમારી હતાશા અને પરાજયની નિશાની છે. તેમણે કહ્યું કે, જ્યારે પણ અત્યાચાર વધે છે તો તેની સામે જનતાનો અવાજ બુલંદ થાય છે. સંજય સિંહે કહ્યું કે મરવું સ્વીકાર્ય છે, ડર સ્વીકાર્ય નથી. તેમણે કહ્યું કે હું ભૂતકાળમાં આ વિશે બોલતો રહ્યો છું અને બોલતો રહીશ.

સંજય સિંહની માતાએ કહ્યું કે મારો દીકરો નિર્દોષ છે. તે સત્ય માટે લડતો રહ્યો છે. તેમને ખોટી રીતે ફસાવવામાં આવ્યા છે. હું આશા રાખું છું કે તે જલ્દીથી મારી પાસે આવશે. આમ આદમી પાર્ટીએ કહ્યું કે જેના માથે માતાના આશીર્વાદ હોય તેનું કોઈ કંઈ ન બગાડી શકે. દરેક ક્રાંતિકારીને જેલ જોવી પડે છે, આજે સંજય સિંહને પણ આ વિશેષાધિકાર મળ્યો છે. તેઓ ડરતા ન હતા, તેઓ ડરશે નહીં. અમે અન્યાય સામે લડતા રહીશું.ઈડીની કાર્યવાહી બાદ સીએમ અરવિંદ કેજરીવાલે કહ્યુ કે સંજય સિંહની ધરપકડ એકદમ ગેરકાયદેસર છે. આ મોદીજીનો અહંકાર દર્શાવે છે. તેઓ ચૂંટાઈ આવશે ત્યાં સુધીમાં તો તેઓ ઘણા વધુ વિપક્ષી નેતાઓની ધરપકડ કરી લેશે.

મોદી સરકાર OBC માં આવક મર્યાદા રૂ.૧૨ લાખ કરશે

જાતી આધારીત ગણતરીના વિપક્ષના મુદાનો મુકાબલો કરવા વધુ એક વિકલ્પઃ સામાજીક ન્યાય મંત્રાલય સમક્ષ પ્રસ્તાવઃ કેબીનેટમાં ચર્ચા થશે

નવી દિલ્હી,તા.૫

બિહાર સરકારે જાતી આધારીત ગણના કરાવ્યા બાદ દેશમાં જાતીનું રાજકારણ અને ખાસ કરીને ઓબીસી રાજકારણ જબરુ ચગ્યુ છે અને બિહાર તેમજ વિપક્ષ શાસનના અન્ય રાજયો પણ આ પ્રકારે જાતી આધારીત ગણતરી કરાવે તેમજ કોંગ્રેસ પક્ષ સહિતનો વિપક્ષી ગઠબંધન પણ ૨૦૨૪ની

લોકસભા ચૂંટણીમાં તેને મુદો બનાવે તેવી શકયતાને ધ્યાનમાં રાખીને મોદી સરકાર ઓબીસીમાં ક્રીમીલેયરની આવક મર્યાદા રૂ.૮ લાખથી વધારી રૂ.૧૨ લાખ કરે તેવા સંકેત છે.

જેનાથી વર્ષે ૧૨ લાખ સુધીની આવક ધરાવતા ઓબીસી વર્ગને પણ અનામતનો લાભ મળશે. મોદી સરકારને કોઈપણ ભોગે વિપક્ષના મુદાને તોડી પાડવો છે અને તેથી રોહિણી પંચના રિપોર્ટને લાગુ કરવા માટે હજુ અનેક કાનુની પ્રક્રિયા પણ કરવી પડે તેમ હોય તો તેના બદલે ઓબીસીના એક વર્ગને ખુશ કરવા આવક મર્યાદા વધારશે તો હવે આવકની ગણતરીમાં પગાર અને કૃષિ આવકને પણ સામેલ કરી લે તેવી શકયતા છે.

મધ્યપ્રદેશમાં ચૂંટણી પૂર્વે શિવરાજ સરકારનો મહત્વનો નિર્ણય

સરકારી નોકરીઓમાં મહિલાઓને મળશે ૩૫% અનામત

ભોપાલ, તા.૫:

મધ્યપ્રદેશમાં વિધાનસભા ચૂંટણી પહેલા શિવરાજ સિંહ ચૌહાણે એક મોટી ચાલ ચાલી છે. મધ્યપ્રદેશમાં સરકારી નોકરીઓમાં મહિલાઓ માટે અનામતમાં વધારો કરવામાં આવ્યો છે. અહીં મહિલાઓને હવે ૩૫ ટકા અનામત મળશે. મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણે આ નિર્ણય એવા સમયે લીધો છે જ્યારે તાજેતરમાં કેન્દ્ર સરકારે લોકસભા અને વિધાનસભાઓમાં મહિલાઓને ૩૩ ટકા અનામત આપવાનો કાયદો બનાવ્યો છે. મહિલાઓને આત્મનિર્ભર અને સશકત બનાવવાની દિશામાં સરકારનું આ મહત્વનું પગલુ છે. શિવરાજ સિંહ ચૌહાણે મહિલા દિવસ પર જાહેરાત કરી હતી કે મહિલાઓ માટે અનામત વધારવામાં આવશે. સામાન્ય વહીવટ વિભાગે આ અંગે એક સૂચના બહાર પાડી છે. અત્યાર સુધી રાજ્યમાં મહિલાઓને ૩૩ ટકા અનામત હતું, હવે તેમાં વધારો કરવામાં આવ્યો છે. વન વિભાગ સિવાય રાજ્ય સરકાર હેઠળની તમામ નોકરીઓમાં સીધી ભરતીની જગ્યાઓ પર મહિલાઓ માટે ૩૫ ટકા અનામત હશે. રાજ્યમાં શિક્ષક ભરતીમાં મહિલા માટે ૫૦ ટકા પદ અનામત છે.

મધ્યપ્રદેશમાં નવેમ્બરમાં વિધાનસભાની ચૂંટણી યોજાવા જઈ રહી છે. લગભગ બે દાયકાથી સત્તામાં રહેલી ભારતીય જનતા પાર્ટી સત્તા વિરોધી પરિબળથી ચિંતિત છે. આવી સ્થિતિમાં, એક તરફ ટિકિટની વહેંચણીમાં મોટા નિર્ણયો લેવા માટે દિગ્ગજોને મેદાનમાં ઉતારવામાં આવ્યા છે, તો બીજી તરફ શિવરાજ સિંહ ચૌહાણ ચૂંટણીની તારીખોની જાહેરાત પહેલા દરરોજ કોઈને કોઈ મોટી જાહેરાત કરી રહ્યા છે.

આ દિવસોમાં પોતાને 'મામા' કહેતા શિવરાજ મહિલાઓને ખુશ કરવા દરેક યુક્તિ અજમાવી રહ્યા છે. રાજ્યમાં કુલ ૨ કરોડ ૬૨ લાખ મહિલા મતદારો છે, એટલે કે કુલ મતદારોમાં તેમનો હિસ્સો ૪૯ ટકા છે. આરક્ષણ પહેલા શિવરાજ સિંહ ચૌહાણે 'લાડલી બ્રાહ્મણ' યોજના શરૂ કરી હતી જેના દ્વારા દર મહિને તેમના ખાતામાં પૈસા જમા થાય છે. તે ૧૦૦૦ રૂપિયાથી શરૂ થઈ હતી અને તેને વધારવામાં આવી રહી છે. શિવરાજ સિંહ ચૌહાણે તેને દર મહિને ૩૦૦૦ રૂપિયા સુધી લઈ જવાનો વાયદો કર્યો છે.

ક્રુડતેલ ઢીલુ પડયુઃ ૮૬ ડોલરની સપાટી પર સરકયુ

લંડન તા.૫

ક્રુડતેલ એક તબકકે ૧૦૦ ડોલરની નજીક પહોંચ્યા બાદ ઓચિંતો તેમાં ૮ ટકાનો ઘટાડો થયો છે અને તે ૮૬ ડોલર પ્રતિ બેરલની સપાટીએ પહોંચી જતા ભારતમાં ઓઈલ માર્કેટીંગ કંપનીઓને એક મોટી રાહતના સંકેત છે. છેલ્લા કેટલાક સમયથી ક્રુડતેલનો ભાવ વધતા ઓઈલ માર્કેટીંગ કંપનીઓને મોંઘુ ક્રુડતેલ ખરીદવુ પડતુ હતું પરંતુ ઘરઆંગણે ચૂંટણીના કારણે પેટ્રોલ-ડિઝલના ભાવ વધારવા મુદે મોદી સરકારે મંજુરી ન આપતા ઓઈલ માર્કેટીંગ કંપનીઓ અંડર રીકવરી કરતી હોવાની જે ફરિયાદ હતી તેનો પણ અંત આવશે.

વન-ડે ક્રિકેટ વર્લ્ડકપનો ધમાકેદાર પ્રારંભ

ઈંગ્લેન્ડ-ન્યુઝીલેન્ડ વચ્ચેના પ્રથમ મુકાબલા સાથે વિશ્વકપનો પ્રારંભઃ દુનિયાભરનાં ફેન્સ ક્રિકેટ ફીવરમાં જકડાયાઃ અનેક નવા રેકોર્ડ સર્જાશે

અમદાવાદ,તા.૫

ગત વખતની ફાઈનાલીસ્ટ ટીમો ઈંગ્લેન્ડ અને ન્યુઝીલેન્ડ વચ્ચેના મેચ સાથે આખી દુનિયાનાં ક્રિકેટ ચાહકો ૪૬ દિવસનાં આ ક્રિકેટ કાર્નિવલમાં જકડાયા છે.

અમદાવાદનાં નરેન્દ્ર મોદી સ્ટેડીયમ ખાતે ઈંગ્લેન્ડ-ન્યુઝીલેન્ડના મુકાબલા સાથે શરૂ થયેલા વન-ડે ક્રિકેટ વર્લ્ડકપમાં ભારતનો પ્રથમ મેચ ૮મી ઓકટોબરે ઓસ્ટ્રેલીયા સામે રમાશે. ૧૦ ટીમોનાં ૧૫૦ ખેલાડીઓ વિશ્વ ચેમ્પીયન બનવાના ઈરાદા સાથે સજજ છે.

પ્રથમ વખત આખો વર્લ્ડકપ ભારતમાં રમાય રહ્યો છે અને ભારતને ફેવરીટ ગણવામાં આવી રહ્યું છે. રસપ્રદ વાત એ છે કે ૨૦૧૧ પછી દર વખતે યજમાન દેશ જ વિશ્વ વિજેતા થઈ રહ્યો છે. ૪૬ દિવસ ચાલનારી ટુર્નામેન્ટમાં કુલ ૪૮ મેચો રમવાના છે. ભારતને લાગેવળગે છે ત્યાં સુધી ૨૦૦૭ પછી દર વખતે સેમી ફાઈનલ સુધી પહોંચ્યુ હતું. પરંતુ ૨૦૧૧ માં એક જ વખત ટુર્નામેન્ટ જીતી શકયુ

હતું.ભારત ચોથી વખત વર્લ્ડકપનું યજમાન બન્યુ છે. જોકે, તમામ મેચો ભારતમાં જ રમાતા હોવાનું પહેલીવાર બન્યુ છે. આ પૂર્વે ૧૯૮૭,૧૯૯૬ તથા ૨૦૧૧ માં સંયુકત યજમાની હતી. ટુર્નામેન્ટનાં નિયમમાં અમુક મહત્વપૂર્ણ ફેરફાર પણ કરવામાં આવ્યા છે. બાઉન્ડ્રીની ન્યુનતમ સાઈઝ ૭૦ મીટર રાખવામાં આવી છે જે સામાન્ય રીતે ૬૫ થી ૮૫ મીટર સુધીની રાખવામાં આવી હતી. ૪૯ વર્ષનાં વર્લ્ડકપના ઈતિહાસમાં પ્રથમ વખત વેસ્ટ ઈન્ડીઝ સામેલ નથી.અમ્પાયરનાં સોફ્ટ સીગ્નલનના નિયમમાં પણ બદલાવ છે. ફીલ્ડ અમ્પાયરનાં સોફ્ટ સિગ્નલ વિના જ થર્ડ અમ્પાયર સ્વતંત્ર નિર્ણય લેશે.

દોઢ મહિનો, ચાલનારા આ વર્લ્ડકપમાં અનેક રેકોર્ડ કરવા સર્જાવાનું નિશ્ચિત છે. ભારતીય કમાન રોહીત શર્મા વર્લ્ડકપમાં સર્વાધિક ૬ સદી ફટકારવાનાં સચીનના રેકોર્ડને તોડવાની તક છે.હાલ બન્નેનાં નામે ૬-૬ સદી છે સચીને ૪૫ મેચમાં ૬ સદી કરી છે. રોહીતે માત્ર ૧૭ મેચમાં ફટકારી છે. ઓસ્ટ્રેલીયાનાં ડેવીડ વોર્નરનાં નામે ૫ તથા ઈંગ્લેન્ડનાં જો રૂટના નામે ૩ સદી છે.

તમામ પ્રયાસો છતાં દિલ્હી દેશનું સૌથી પ્રદુષિત શહેર

નવી દિલ્હી તા.૫ :

દિલ્હીનાં પ્રદુષણમાં સુધારા લાવવા માટે છેલ્લા કેટલાંય વર્ષોથી પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. તમામ પાબંદીઓ અને ઉપાયો છતાય દિલ્હી પ્રદુષણનાં મામલે ટોચ પર છે. રેસ્પાયરર લીવીંગ સાયન્સીઝના તાજા રિપોર્ટ અનુસાર દિલ્હી ઉપરાંત એનસીઆરનાં શહેરોમાં ફરીદાબાદ નોઈડા, ગાઝીયાબાદ અને મેરઠ પણ સર્વાધિક ૧૦ પ્રદુષિત શહેરોમાં સામેલ છે.દેશમાં સૌથી સ્વચ્છ હવાવાળુ શહેર મિઝોરમની રાજધાની આઈઝોલ છે.

દેશનુ બીજુ સર્વાધિક પ્રદુષિત શહેર પટણા નોંધાયું છે.ત્રીજા નંબરે બિહારનું જ શહેર મુઝફ્ફરપુર છે. જયારે ચોથા સ્થાને ફરીદાબાદ છે.ત્યારબાદ ક્રમશઃ નોઈડા, ગાઝીયાબાદ, મેરીઠ, નલબાદી, ઓસ્નઓલ, અને ગ્વાલીયર છે. રિપોર્ટ અનુસાર અગાઉની તુલનામાં દિલ્હીની વાયુ ગુણવતામાં મામુલી સુધારો થયો છે. પરંતુ તેમ છતાં તે એક ઓકટોબર ૨૦૨૨ અને ૩૦ સપ્ટેમ્બર દરમ્યાન ૨૦૨૩ દરમ્યાન તે સૌથી પ્રદુષીત શહેર હતું. આ સ્તર સરકારનાં સારા સ્તરથી ત્રણ ગણુ વધુ અને ડબલ્યુએચઓની સુરક્ષીત સીમ-થી ૧૦ ગણુ વધુ છે.

આ છે સૌથી સ્વચ્છ શહેરઃ દેશના ૧૦ સર્વાધિક સ્વચ્છ શહેરોમાં આઈઝોલ ચિકકમંગલુર, મંડીખેડા (હરીયાણા), શિવમોંગા,, મદિકેરી, વિજયપુરા, ગદાગ, ચામરાજનગર, રાયચુર અને મેસુરુ છે. કલાઈમેટ ટ્રેન્ડસની ડિરેકટર આરતી ખોસલા જણાવે છે કે આ વિશ્લેષણથી જાણવા મળે છે કે છેલ્લા કેટલાંક વર્ષોમાં ગંગાના મેદાની વિસ્તારોમાં વાયુ ગુણવતામાં સુધારો થયો છે જોકે ભારે પ્રદુષણને જોતા આ શહેરોમાં સૌથી વધુ પીએમ સ્તરનો અનુભવ જાહેર થયો છે.એટલે પ્રદુષણ વધવાના કારણોની તપાસ કરવાની જરૂર છે.

ત્રિશક્તિ પ્રહારઃ આધુનિક શસ્ત્રો-ટેકનોલોજી સાથે આગામી મહિને ભારતીય સેનાની જબરી યુદ્ધ કવાયત

૩ લાખ સૈનિકો ભાગ લેશેઃ ચીન-પાકને એક સાથે ભરી પીવાની ક્ષમતાની ચકાસણીઃ ભૂમિ-હવાઈ-નૌકાદળ જોડાશે

નવી દિલ્હીઃ.તા.૫

રશિયા અને યુકેન વચ્ચેના યુદ્ધ એ હવે ૨૧મી સદીના સૌથી લાંબા યુદ્ધનું બિરુદ મેળવી લીધુ છે અને સમાન સરહદ ધરાવતા દેશો વચ્ચેનું આ યુદ્ધ નિર્ણાયક બની શકતું નથી તે પણ એક પ્રશ્ન છે તે વચ્ચે ભારતીય સેનાએ આ યુદ્ધ તથા પાડોશી ચીનની તૈયારી અને પાકિસ્તાનના સાથને પહોંચી વળવા આધુનિક નવા જનરેશનના શસ્ત્રો તથા ટેકનોલોજી સાથે એક વિશાળ સ્તરની યુદ્ધ કવાયતની તૈયારી કરી છે.

એક તરફ ભારતીય સેનાની ત્રણેય પાંખને આધુનિક શસ્ત્રો સરંજામ અને ટેકનોલોજી ઉપરાંત તાલીમમાં પણ આધુનિક અભિગમ અપનાવવા રૂા.૩ લાખ કરોડના ખર્ચનું જંગી બજેટ અમલી બન્યુ છે તો બીજી તરફ ૧૨ લાખ જવાનોના એક મજબૂત સૈન્યને એક તાલ સાથે સંયુક્ત યુદ્ધ લડી શકે તે માટે ૨૧ કોપ્સને સમાવી લેતા ત્રિશક્તિ પ્રહાર યુદ્ધ કવાયત રાજસ્થાનમાં યોજાશે.

જે અત્યાર સુધીનું સૌથી મોટું સ્ટ્રાઈક ફોર્મેશન હશે. આ યુદ્ધ કવાયતના પ્રથમ તબકકે નવેમ્બરના પ્રથમ પખવાડીયામાં શરુ થશે અને ૩૦૦૦૦ જવાનો ટી-૯૦ અને અર્જન બેટલ ટેન્ક હોવિત્ઝર તેમની વિશાળ સ્કોવાન હેલીકોપ્ટર ભાગ લેશે અને તેને બેકઅપમાં ફાઈટર જેટ વધારે હેલીકોપ્ટર ચીનુક હેવી લીફ્ટ હેલીકોપ્ટર અને હવાઈદળના વિમાનો પણ ભાગ લેશે.

આ યુદ્ધ કવાયતમાં દુશ્મન દેશમાં ઘુસીને ખૂબ દુર સુધીના પ્રહાર ક્ષમતા તથા પરત આવવાની પણ યુક્તિ પર કામ થશે અને આ પ્રકારના હુમલામાં ગુપ્તચરની ભૂમિકા ઉપરાંત ૧૦૦ માર્ગ બેકઅપ એરસ્ટ્રોપ અને એર રેસ્કયુ વિ. ક્ષમતા ચકાસાશે. ખાસ કરીને ચીનની લશ્કરી શક્તિનો મુકાબલો કરવાનો ધ્યેય આ કવાયતમાં રખાયા છે તો પાકિસ્તાન પણ આ સ્થિતિનો ગેરલાભ ઉઠાવવા કોશિશ કરે નહી તે નિશ્ચિત કરાશે.

Since 1962

RAJMOTI
સીંગનું મોતી, રાજમોતી

Most reputed brand in Groundnut Oil

નાની ઘાણીનું શુદ્ધ ૧૦૦% નેચરલ રાજમોતી સીંગતેલ
ખરીદો ને આખુ વર્ષ લાજવાબ સ્વાદ મહેસુસ કરો.

SHREE RAJMOTI INDUSTRIES
રીટેઈલ વેચાણ ચાલુ છે.
Shop No. 9 & 10, Ground Floor, Yash Complex, Opp East Zone Corporation Office, Bhavnagar Road, Rajkot.
For Free Home Delivery
63525 26922 / 93280 41262 / 93165 26975
ડબલ ફિલ્ટર્ડ સીંગતેલ / રીફાઈન્ડ કપાસીયા તેલ / રીફાઈન્ડ સીંગતેલ

મોબાઈલ ઉત્પાદનમાં ભારતની છલાંગઃ નિકાસમાં પણ અવ્વલ

ચીનથી માત્ર એક ડગલું દૂરઃ ભારતમાંથી ૪૫ હજાર કરોડ રૂપિયાના મોબાઈલ ફોનની નિકાસ કરવામાં આવી
સામાન્ય વપરાશકર્તાઓને સસ્તા મોબાઈલ ફોન મળશે અને ડિજિટલ સેવાઓનો ઉપયોગ કરવાની સુવિધા મળશે

નવી દિલ્હી, તા.૫:

ભારતે મોબાઈલ મેન્યુફેક્ચરિંગમાં મોટી છલાંગ લગાવી છે અને ભારત મોબાઈલ ફોનનું મુખ્ય ઉત્પાદન હબ બની ગયું છે. આનાથી અર્થવ્યવસ્થાને મોટો વેગ મળશે અને રોજગારના નવા રસ્તા ખુલશે. આ સાથે, સામાન્ય વપરાશકર્તાઓને સસ્તા મોબાઈલ ફોન મળશે અને ડિજિટલ સેવાઓનો ઉપયોગ કરવાની સુવિધા મળશે.

ભારતે મોબાઈલ મેન્યુફેક્ચરિંગમાં મોટી છલાંગ

લગાવી છે. લેટેસ્ટ રિપોર્ટ અનુસાર, ભારત બીજા નંબરનો સૌથી મોટો મોબાઈલ મેન્યુફેક્ચરિંગ દેશ બની ગયો છે. મોબાઈલ મેન્યુફેક્ચરિંગના મામલે ભારત ચીનથી માત્ર એક ડગલું દૂર છે. આવી સ્થિતિમાં ડ્રેગનની ચિંતા વધે તે સ્વાભાવિક છે. આ જ કારણ છે કે ચીન ભારતમાં બનેલા સ્માર્ટફોનનો બહિષ્કાર કરવાનો પ્રયાસ કરે છે. મેડ ઈન ઈન્ડિયા આઈફોનમાં હીટિંગને લઈને ચીન પ્રચાર કરી રહ્યું હતું. ચીનના પડકાર સિવાય ભારત ઝડપથી મોબાઈલ ફોનનું ઉત્પાદન કરી રહ્યું છે. તે ભારતમાંથી અન્ય દેશોમાં પણ નિકાસ કરી રહ્યું છે. મતલબ કે, ભારત મોબાઈલ ફોનના મોટા ઉત્પાદન હબ તરીકે ઉભરી રહ્યું છે. કાઉન્ટરપોઈન્ટ ડેટા અનુસાર, ૨૦૨૩માં ભારતમાં એસેમ્બલ થયેલા કુલ મોબાઈલ ફોનમાંથી ૨૨ ટકા નિકાસ કરવામાં આવ્યા હતા. મોબાઈલ મેન્યુફેક્ચરિંગ સામાન્ય વપરાશકર્તાઓને સસ્તા દરે મોબાઈલ ફોન પ્રદાન કરશે. આનાથી દરેક વ્યક્તિ પાસે સ્માર્ટફોનની પહોંચ હશે. દરેક વ્યક્તિ ડિજિટલ સેવાઓ સાથે જોડાઈ શકશે અને વચેટિયા ખતમ થઈ જશે. આ ઉપરાંત, મોબાઈલ મેન્યુફેક્ચરિંગ ભારતમાં મોટા પાયે રોકાણ તરફ દોરી જાય છે, જે રોજગારના નવા રસ્તાઓ ખોલે છે. આવી સ્થિતિમાં દેશની અર્થવ્યવસ્થાને મોટો વેગ મળે છે.

કેન્દ્ર સરકારની મેક ઈન ઈન્ડિયા પહેલની અસર એ છે કે આ વર્ષે એ-લિથી ઓગસ્ટ દરમિયાન ભારતમાંથી ૪૫ હજાર કરોડ રૂપિયાના મોબાઈલ ફોનની નિકાસ કરવામાં આવી છે. ઈન્ડિયા સેલ્યુલર એન્ડ ઈલેક્ટ્રોનિક એસોસિએશન એટલે કે આઈસીઈએના રિપોર્ટ અનુસાર એપ્રિલ-ઓગસ્ટ દરમિયાન ૫.૫ બિલિયન ડોલરની મોબાઈલ નિકાસ કરવામાં આવી હતી, જે નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ની સરખામણીમાં લગભગ ૨.૨ બિલિયન વધુ છે. ચાલુ નાણાકીય વર્ષમાં ભારતમાં લગભગ ૧,૨૦,૦૦૦ કરોડ રૂપિયાના મોબાઈલ ફોનની નિકાસ કરવામાં આવી છે. એપલ આ સમયગાળા દરમિયાન અગ્રણી બ્રાન્ડ રહી છે.

ગુજરાત રિન્યૂએબલ એનર્જી પોલીસીને આવકારતા સૌ.યુનિના કુલપતિ ગિરીશ ભીમાણી

૨૦૩૦ સુધીમાં રાજ્યમાં સમગ્ર વીજ ઉત્પાદનનો ૫૦ ટકા હિસ્સો રિન્યૂએબલ એનર્જી દ્વારા પ્રાપ્ત થશે, વિકાસને વેગ મળશે



(સૌરાષ્ટ્રકાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૫

ગુજરાત રિન્યુએબલ એનર્જી પોલિસી - ૨૦૨૩ ની જાહેરાત કરીને ગુજરાતે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીજીએ આપેલા ગ્રીન ગ્રોથના સંકલ્પને સાકાર કરવાની દિશામાં એક ઐતિહાસિક પગલું ભર્યું છે. ગુજરાત રાજ્યના મૃદુ અને મકકમ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે નાણાં અને ઊર્જામંત્રી કનુભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં આ નવી ગુજરાત રિન્યૂએબલ એનર્જી પોલીસી - ૨૦૨૩ જાહેર કરી છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના આદરણીય કુલપતિ પ્રોફે. ગિરીશભાઈ ભીમાણી ''ગુજરાત રિન્યુએબલ એનર્જી પોલિસી - ૨૦૨૩'' ને આવકારી હતી અને ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ તથા નાણા અને ઉર્જા મંત્રી કનુભાઈ દેસાઈને ખુબ ખુબ અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી હતી.ગુજરાત રાજય એ સમગ્ર રાષ્ટ્રમાં તમામ ક્ષેત્રમાં વિકાસની નવી સિદ્ધિઓ પ્રાપ્ત કરી રહ્યું છે ત્યારે ગુજરાત રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ આ નવી પોલીસી હેઠળ વિકાસની ગતિને વેગ મળશે.

આ તકે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ પ્રોફે. ગિરીશભાઈ ભીમાણી જણાવ્યું હતું કે, આ નવી નિતિ એ વિન્ડ-સોલાર તથા હાઈબ્રીડ ટેકનોલોજી આધારિત રિન્યૂએબલ જનરેશન માટેના પ્રોજેક્ટસની સ્થાપના માટે ગુજરાત રાજય સરકારની પ્રોત્સાહક નીતિ છે.આ પોલિસી વિન્ડ, સોલાર અને હાઈબ્રીડ ટેકનોલોજી પર આધારિત રિન્યૂએબલ જનરેશન પ્રોજેક્ટસની સ્થાપનાને પ્રોત્સાહિત કરનારી અને વ્યાપકપણે રિન્યૂએબલ એનર્જીનાં મુખ્ય સ્ત્રોતોને આવરી લેતી આગવી પોલીસી છે.આ પોલીસીના કારણે ગુજરાત રાજયમાં મોટા પ્રમાણમાં સૌર ઉર્જાનું ઉત્પાદન થશે અને ગુજરાત રાજયની બહાર પણ વિજળીની નિકાસ શકય બનશે.કુલપતિએ વધુમાં જણાવ્યું હતું કે, ''ગુજરાત રિન્યુએબલ એનર્જી પોલિસી - ૨૦૨૩'' નો મુખ્ય ઉદ્દેશ ઊર્જા સુરક્ષા સુનિશ્ચિત કરી રાજ્યના આર્થિક વિકાસને વેગ આપવા સાથે રાજ્યમાં કાર્બન ફુટપ્રિન્ટમાં ઘટાડો કરવાનો છે. વર્ષ ૨૦૩૦ સુધીમાં રાજ્યમાં સમગ્ર વીજ ઉત્પાદનનો ૫૦ ટકા હિસ્સો રિન્યૂએબલ એનર્જી દ્વારા પ્રાપ્ત થશે અને ગુજરાતના વિકાસને વેગ મળશે. સાથે સાથે ગુજરાતમાં મોટા પ્રમાણમાં રોકાણો થશે.વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ હરિત ઊર્જાસ્ત્રોતોનો ઉપયોગ ઉત્તરોત્તર વધારીને ભારતને વર્ષ ૨૦૭૦ સુધીમાં નેટ ઝીરો ઉત્સર્જનનો લક્ષ્યાંક રાખ્યો છે. ગુજરાતે વડાપ્રધાનની આ નેમને પાર પાડવા આ નવી રિન્યૂએબલ એનર્જી પોલિસી અંતર્ગત ૨૦૩૦ સુધીમાં સમગ્ર વિજ ઉત્પાદનનો ૫૦ ટકા હિસ્સો રિન્યૂએબલ એનર્જી દ્વારા પ્રાપ્ત કરવાના ઉદ્દેશ સાથે આ પોલિસીમાં વિવિધ સુવિધાઓ પ્રદાન કરવાની જોગવાઈઓ કરેલી છે.આ પોલીસી અન્વયે પ્રોજેક્ટની નોંધણી, માન્યતા, કમિશનીંગ પ્રમાણપત્ર અને માસિક પ્રગતિ અહેવાલ રજૂ કરવા માટે નોડલ એજન્સી તરીકે ગુજરાત એનર્જી ડેવલપમેન્ટ એજન્સી - **GEDA** કાર્યવાહી કરશે.

વોર્ડ નં.૩માં અંદાજીત રૂ.૫૭ લાખના ખર્ચે રેલનગર અન્ડર બ્રીજનું રીપેરીંગ કામનું ખાતમુહુર્ત

(સૌરાષ્ટ્રકાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૫

રાજકોટ મહાનગરપાલિકાના વોર્ડ નં.૩ રેલનગર વિસ્તારમાં અંદાજીત રૂ.૫૭ લાખના ખર્ચે રેલનગર અન્ડર બ્રીજનું રીપેરીંગ કામનું ખાતમુહુર્ત ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ તથા પદાધિકારીઓના વરદ હસ્તે કરવામાં આવેલ.

આ પ્રસંગે મેયર નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, શાસક પક્ષ દંડક મનીષભાઈ રાડિયા, બાંધકામ સમિતિ ચેરમેન ભાવેશભાઈ દેથરીયા, વોર્ડ નં.૩ના કોર્પોરેટર બાબુભાઈ ઉધરેજા, કુસુમબેન ટેકવાણી, અલ્પાબેન દવે, વોર્ડ પ્રભારી પુર્વેશભાઈ ભટ્ટ, વોર્ડ પ્રમુખ હેમુભાઈ પરમાર, વોર્ડ મહામંત્રી અભયભાઈ નાંઢા, ડો. હેમંત અમૃતિયા, શિક્ષણ સમિતિ સભ્ય હિતેશભાઈ રાવલ, સુનીલભાઈ ટેકવાણી, દીપકભાઈ દવે, મનોહરસિંહ ગોહિલ, દાનાભાઈ કુંગશીયા, જીતુભાઈ કુંગશીયા, બળદેવસિંહ ગોહિલ, શૈલેષભાઈ જેઠવા, ઘનશ્યામસિંહ સોઢા, ગફારભાઈ કુરેશી, હિતુભા જાડેજા, પ્રશાંતભાઈ અમુતિયા, બાભુભાઈ પરેશા, અમુભાઈ રાઠોડ, જનકભાઈ રવેશીયા, તેજસભાઈ રાઠોડ, પ્રવિણભાઈ સોઢા, મહિપાલસિંહ ડોડીયા, દેવ ગોસ્વામી, રાજવીરસિંહ વાઘેલા, મહિપાલસિંહ ઝાલા, ભીખુભાઈ ભાટીયા, ચંદ્રેશભાઈ ટેકવાણી, હિતેષભાઈ, કરણભાઈ, ઈલાબેન પડીયા, દક્ષાબેન વાઘેલા, હિનાબા ગોહિલ, પલ્લવીબેન જોષી, નયનાબેન, કુપાલીબા ઝાલા, નેહાબેન, રક્ષાબા જાડેજા તથા લતાવાસીઓ ઉપસ્થિત રહેલ.(૪.૧)

રાજકોટઃBAPS સ્વામિનારાયણ અક્ષરધામમાં ભારતીય અમેરિકન મહિલાઓના અમેરિકન સમાજમાં પ્રદાન વિષયક કાર્યક્રમ યોજાઈ ગયો. આ કાર્યક્રમ તાઃ ૮ ઓક્ટોબર, ૨૦૨૩ ના રોજ અક્ષરધામ મહામંદિરના ભવ્ય ઉદઘાટન સમારોહ નિમિત્તે, ૩૦ સપ્ટેમ્બરથી ઉજવાઈ રહેલાં વિશિષ્ટ કાર્યક્રમોની હારમાળાના એક ભાગ રૂપે યોજવામાં આવ્યો હતો. સમાજમાં સંસ્કાર,સેવા અને સંસ્કૃતિ જાળવી રાખવામાં નારીશકિતના અમૂલ્ય પ્રદાન અને તે માટે અક્ષરધામ કઈ રીતે પ્રેરણારૂપ બની રહ્યું છે, તે કેન્દ્રવર્તી વિચાર સાથે અનેકવિધ પ્રસ્તુતિઓ અને સ્વાનુભવો રજૂ કરવામાં આવ્યા હતા. વિવિધ વયની લગભગ ૪૩ મહિલાઓ દ્વારા રજૂ કરવામાં આવેલી સિમ્ફની સાથે કાર્યક્રમની શરૂઆત થઈ હતી, ત્યારબાદ ૨૦૦ થી યુવતીઓ અને મહિલાઓ દ્વારા નૃત્ય પ્રસ્તુતિ કરવામાં આવી હતી, જેમાં ભારતીય નૃત્યના ઉત્તમ સ્વરૂપ ભરતનાટ્યમનો પણ સમાવેશ થાય છે.

વંદેમાતરમ ટ્રેનનું સ્લીપર વર્ઝન : કોચની અંદરની તસ્વીરો જાહેર : ફલાઈટ જેવી લકઝરી હશે

ગાંધીનગર,તા.૫

ભારતની સૌથી આધુનિક વંદેમાતરમ ટ્રેનનું સ્લીપર વર્ઝન માર્ચ ૨૦૨૪થી લોન્ચ થવાનું છે. વિમાનના બિઝનેસ કલાસ જેવી લકઝરી-વૈભવ વંદેમાતરમ ટ્રેનના સ્લીપર વર્ઝનમાં આપવામાં આવનાર છે. કેન્દ્રીય રેલવેપ્રધાન અશ્વિની વૈષ્ણવે આજે આ સ્લીપર ટ્રેનના ફોટા સોશ્યલ મીડિયામાં શેર કર્યા હતા અને એવું ટવીટ કર્યુ હતું કે 'કમીંગ શૂન...૨૦૨૪ના પ્રારંભે' વંદેમાતરમ ટ્રેનમાં હાલ સીટીંગ સુવિધા જ છે. એવા નિર્દેશો છે કે સ્લીપર વર્ઝનમાં બર્થ પહોળી રાખવામાં આવી છે. ઉપરાંત કોચ પણ અંદરથી સુશોભિત-લકઝરીયસ હશે. વિમાનની જેમ એર હોસ્ટેસ હશે. ટ્રેન-કોચમાં ટોઈલેટ સહિતની આધુનિક સુવિધા ઉપલબ્ધ બનાવવા-માં આવશે.

સદભાવના વૃદ્ધાશ્રમમાં સંગીતનો કાર્યક્રમ યોજાયો

(સૌરાષ્ટ્રકાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૫

વાગુદળ ગામમાં આવેલ સદભાવના વૃદ્ધાશ્રમમાં ''સ્વરાગ સિમ્ફની સંગીત ગ્રૂપ દ્વારા કલાનગરી ભાવનગરના આદરણીય કલાગુરુ દક્ષાબેન મહેતાના આશીર્વાદથી ભાવનગરના યુવા સંગીતકાર ધ્રુવ પંડ્યા અને તેમની ટીમ દ્વારા સંગીતનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં શાસ્ત્રીય સંગીત, ભજન, કિર્તન અને જૂના ફિલ્મી ગીતો સંગીતના સૂર રેલાવીને વડીલોને આનંદિત કર્યા હતાં. આ પ્રસંગે વૃધ્ધાશ્રમના આદરણીય સંચાલક ખુશીબેન પટેલ, સુપરવાઈજર પિયુષભાઈ પટેલ, સેવાકાર્ય જીતેન્દ્રભાઈ પારેખ, કિશોરભાઈ જોશી અને દિનેશભાઈ હાજર રહીને કાર્યક્રમમાં સૌને પ્રોત્સાહિત કરી આભિનંદન પાઠવ્યા હતા. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે ભારતના યૂથ ઓપોર્ચ્યુનિટીઝ એમ્બેસેડર કેવલકુમાર કે. પાવરા અને આધ્યાત્મિક ઉદ્યોગ સાહસિક જયદીપભાઈ સખીયા દ્વારા જેહમત ઉઠાવામાં આવી હતી.(૪.૧)

રાજકોટ જીલ્લા ભાજપ દ્વારા સ્વચ્છતા અભિયાનની ઉજવણી

જીલ્લા ભાજપના તમામ મંડલ મથકો પર જવા મળતો સ્વચ્છતા અભિયાનનો ઉત્સાહ

(સૌરાષ્ટ્રકાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૫

''એક તારીખ, એક કલાક'' સૂત્ર સાથે મહાશ્રમદાનનું આયોજન, રાજકોટ જીલ્લાભરમાં સ્વચ્છતા અભિયાન હાથ ધરાયું, સાફ-સફાઈ કરી લોકોને પોતાના વિસ્તારને સ્વચ્છ રાખવા અપીલ. સ્વચ્છતા હી સેવા થકી સ્વચ્છતાના આગ્રહી એવા પૂજ્ય ગાંધી બાપુને સાચા અર્થમાં શ્રધ્ધાંજલી અર્પણ કરવા હેતુસર ''એક તારીખ, એક કલાક''ના સૂત્ર સાથે રાજકોટ જીલ્લાના તમામ મંડલ મથકો પર મહા શ્રમદાનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગારબેજ ફ્રી ઈન્ડિયાની થીમ સાથે તમામ ગામ કચરા મુક્ત બને તે માટે સમગ્ર જીલ્લાના મંડલ મથકો પરના આરોગ્ય કેન્દ્રો, આંગણવાડીઓ, શાળાઓ, પ્રવાસન સ્થળો, ગૌ-શાળાઓ, બસ સ્ટેન્ડ, ધાર્મિક સ્થળો તેમજ ગામના જાહેર સ્થળો કે જ્યાં કચરો નાખવામાં આવતો હોય તેવી જગ્યાઓને સ્વચ્છ કરવાનું અભિયાન હાથ ધરવામાં આવ્યું છે.

આ મહા શ્રમદાન થકી સિંગલ યુઝ પ્લાસ્ટિક ફ્રી અને ઝીરો વેસ્ટને પ્રોત્સાહન મળે તે પ્રકારનો મુખ્ય અભિગમ રહ્યો છે ત્યારે ઉપલેટા શહેર/તાલુકા, ભાયાવદર શહેર, ધોરાજી શહેર/તાલુકા, જામકંડોરણા તાલુકા, જેતપુર શહેર/તાલુકા, ગોંડલ શહેર/તાલુકા, કોટડાસાંગાણી, લોધિકા, રાજકોટ, પડધરી, જસદણ શહેર/તાલુકા, વિછીયા તાલુકા સહિતના વિસ્તારો, જ્યારે ગોંડલ નગરપાલિકાના વિસ્તારમાં આવતા તમામ વોર્ડમાં સ્વચ્છતા અભિયાનની શરૂઆત કરવામાં આવી હતી. મહાત્મા ગાંધીજીની પ્રતિમાને સુત્તરની આટી પહેરાવી મહા શ્રમદાનના કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

જેમાં જીલ્લા સંગઠન પ્રભારી ધવલભાઈ દવે, જીલ્લા અધ્યક્ષ અલ્પેશભાઈ ઢોલરીયા, મહામંત્રીઓ નરેન્દ્રસિંહ જાડેજા, હરેશભાઈ હેરભા, રવિભાઈ માંકડિયા સહીત રાજકોટ જીલ્લા ભાજપના હોદેદારો, સાંસદઓ, કેબીનેટમંત્રીઓ, ધારાસભ્યઓ, જીલ્લા મોરચાના હોદેદારો, મંડલના પ્રમુખ-મહામંત્રીઓ, જીલ્લા પંચાયત, તાલુકા પંચાયત, અને નગરપાલિકાના ચુટાયેલા હોદેદાર સહીત બુથ સુધીના તમામ કાર્યકર્તાઓ આ અભિયાનમાં જોડાયા હતા. તેમ પ્રેસ-મીડિયા ઈન્ચાર્જ તથા સહ-ઈન્ચાર્જ અખબારી યાદીમાં જણાવે છે.(૪.૧)

વૈષ્ણવાચાર્ય વ્રજરાજકુમારજીની અધ્યક્ષતામાં ટોરોન્ટો બાદ

વી.વાય.ઓ કેનેડા દ્વારા અન્ય ૪ શહેરોમાં પુષ્ટીમાર્ગીય વૈષ્ણવ હવેલી સંકુલ કાર્યરત થશે

વી.વાય.ઓ કેનેડાના તત્વાવધાનમાં વૈકુંવર, એડમિન્ટન, કેલગરી, તેમજ ઓટાવામાં પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ હવેલી શ્રીનાથધામ વેલી સંકુલનું આવનાર સમયમાં નિર્માણ હાથ ધરાશે

(સૌરાષ્ટ્રકાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૫

વિશ્વભરમાં પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સંપ્રદાયના અમૂલ્ય સંસ્કારો તેમજ સનાતન ધર્મની સુવાસને પ્રસરાવવા ધર્મ સેવા સાથે સામાજિક તમામ પેહલુઓને સ્પર્શતી સેવાઓ અર્થે અગ્રેસર વૈશ્વીક સંસ્થા વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશન(વી.વાય.ઓ) દ્વારા અનેકવિધ સેવાકીય ચક્રો વિશ્વના અલગ અલગ દેશોમાં કાર્યરત છે.

શ્રીવલ્લભકુલાભુષણ વૈષ્ણવાચાર્ય પૂજ્ય વ્રજરાજકુમારજીની અધ્યક્ષતામાં તાજેતરમાં જ વી.વાય.ઓ કેનેડાના તત્વાવધાનમાં કેનેડાના કેલેડોન ટોરોન્ટો ખાતે ''શ્રીનાથધામ વ્રજભૂમિ સંકુલ'' ખાતે

ભવ્યાતિભવ્ય શ્રીપ્રભુ સ્વરૂપ આવિર્ભાવ મહોત્સવ સંપન્ન થયો હતો. કેનેડાના હજારો ભાવિકજનો આ મહોત્સવમાં સંમલિત થઈને ભાવવિભોર બન્યા હતા.હાલમાં પૂજ્ય વ્રજરાજકુમારજી જયારે કેનેડાના ધર્મ પ્રચાર યાત્રા અર્થે કેનેડાના અલગ-અલગ શહેરોમાં પરિભ્રમણ કરી રહ્યા છે ત્યારે વી.વાય.ઓ કેનેડા દ્વારા તાજેતરમાં જ વૈકુવર ખાતે કાર્યક્રમ દરમ્યાન પૂજ્ય વ્રજરાજકુમારજીની પ્રેરણાથી અને આપશ્રીના શુભાશિષથી એક જાહેરાત થઈ હતી જેના ભાગરૂપે કેનેડાના અન્ય ચાર શહેરો પૈકી વૈંકુવર, એડમિન્ટન, કેલગરી, તેમજ ઓટાવામાં પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ હવેલી શ્રીનાથધામ વેલી સંકુલનું આવનાર સમયમાં નિર્માણ હાથ ધરાશે કેનેડાના ધર્મપ્રેમીજનો ભાવિકોની વર્ષો પર્યન્ત રહેલી આતુરતાસભર લાગણીઓને સનમાનીને પૂજ્ય મહારાજશ્રીની પ્રેરણાથી વી.વાય.ઓ કેનેડા દ્વારા આ અતિદીવ્ય ભગવદ મહામનોરથની જાહેરાત થઈ હતી.

આ જાહેરાત થતા જ કેનેડા સ્થિત વૈષ્ણવ સમાજ એવમ ધર્મપ્રેમી સમુદાયમાં અવિરત આનંદની લાગણી વ્યાપી હતી અને સોશ્યિલ મીડિયાના માધ્યમથી દેશ વિદેશના વૈષ્ણવોએ વધાઈ સાથે શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી.(૪.૧)

સાયન્સ સિટી ખાતે 'વિશ્વ અવકાશ સપ્તાહ' ની ઉજવણીનો કરાયો પ્રારંભ

તા. ૧૦ ઓકટોબર સુધી ચાલનાર આ ઉજવણીમાં વિદ્યાર્થીઓને લગતા અનેક કાર્યક્રમો યોજાશે

અમદાવાદ,તા.૫

અમદાવાદ સ્થિત ગુજરાત સાયન્સ સિટી ખાતે 'વિશ્વ અવકાશ સપ્તાહ' ની ઉજવણીનો પ્રારંભ કરાયો હતો. આ સપ્તાહની ઉજવણી મુખ્યત્વે સ્પેસ અને ઉદ્યોગસાહસિકતા થીમ આધારિત કરાશે.

આ સાપ્તાહિક ઉજવણીના ભાગરૂપે સમગ્ર સપ્તાહ દરમિયાન ગુજરાત સાયન્સ સિટીમાં અવકાશ સંશોધન અને ટેકનોલોજી પર વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે સ્પેસ પરેડ, સ્પેસ રંગોળી, સ્પેસ મ્યુઝીક, રોકેટરી વર્કશોપ, ક્વિઝ સ્પર્ધા, પેપર પ્લાન મેકિંગ, પોપ્યુલર સાયન્સ ટોક, સ્પેસ મૂવીનું પણ આયોજન કરાશે. આ ઉપરાંત સ્વચ્છ ભારત, સ્વચ્છ અવકાશ વિષય પર વકતૃત્વ સ્પર્ધા અને મોડલ મેકિંગ સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાત સાયન્સ સિટી અવાર નવાર વિજ્ઞાનલક્ષી કાર્યક્રમોનુ આયોજન કરે છે. ત્યારે સાયન્સ સિટીમાં, **GUJ-COST, SAC- ISRO** અને ગુજરાત સાયન્સ સિટીના સંયુક્ત ઉપક્રમે વિશ્વ અવકાશ સમાહની ભવ્ય ઉજવણીની શરૂઆત કરવામાં આવી હતી.

રાજકોટ ડીસ્ટ્રીક્ટ બાસ્કેટબોલ એસોસીએશન અને રાજકોટ સ્વનિર્ભર શાળા સંચાલક મંડળના સહયોગથી

આઠ દિવસીય જીનિયસ બાસ્કેટબોલ ચેમ્પિયનશીપ ૨૦૨૩-૨૪ નો શુભારંભ

તા. ૦૧ થી ૦૮ ઓકટોબર દરમ્યાન ચાલનાર ટુર્નામેન્ટનો ઉદઘાટન સમારંભ એક્રોલોન્સ કલબ ખાતે યોજાયો

(સૌરાષ્ટ્રકાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટના જાણીતા જીનિયસ ગ્રુપ ઓફ ઈન્સ્ટિટ્યૂશન્સ દ્વારા રાજકોટ ડીસ્ટ્રીક્ટ બાસ્કેટબોલ એસોસીએશન અને રાજકોટ સ્વનિર્ભર શાળા સંચાલક મંડળના સહયોગથી જીનિયસ બાસ્કેટબોલ ચેમ્પિયનશીપ ૨૦૨૩-૨૪આઠ દિવસીય બાસ્કેટબોલ ટુર્નામેન્ટનું ભવ્ય આયોજન તા. ૦૧ થી ૦૮ ઓકટોબર દરમ્યાન કાલાવડ રોડ સ્થિત એક્રોલોન્સ કલબ શરૂ કરવામાં આવેલ છે. જેમાં અન્ડર ૧૨, અન્ડર ૧૪ અને અન્ડર ૧૯ વયજુથના બોયસ એન્ડ ગર્લ્સ ભાગ લીધો છે. આ ટુર્નામેન્ટના આયોજનનો હેતુ યુવા રમતવીરોને એકત્ર કરીને બાસ્કેટબોલ ક્ષેત્રે કારકિર્દી બનાવવા માટે પ્રોત્સાહિત કરવાનો છે.

આ છ દિવસીય બાસ્કેટબોલ ટુર્નામેન્ટના ઉદ્ઘાટન સમારંભમાં અતિથી સ્થાને ભરતભાઈ સોનવાણી,રમેશભાઈ ટીલાળા, સ્મિતભાઈ પટેલ,અતુલભાઈ દોશી, દિલીપભાઈ લાડાણી અનેગોપીભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં જીનિયસ ગ્રુપના ચેરમેન ડી. વી. મહેતા એ અતિથીઓને આવકારતા ટુર્નામેન્ટનો સંક્ષિપ્ત પરિચય આપ્યો હતો. પધારેલા મહાનુભાવોના હસ્તે ટોર્ચ લાઈટીંગ અને બલુન રીલીઝીંગ સેરેમની બાદ બાસ્કેટબોલ ટુર્નામેન્ટનો પ્રારંભ રાષ્ટ્રગીત ગાઈને કરવામાં આવ્યો હતો. આ ટુર્નામેન્ટમાં ભાગ લેનાર ટીમને ૫ **vs** ૫ ફોર્મેટમાં ૦૧ થી ૦૮ ઓક્ટોબર દરમ્યાન એક્રોલોન્સ કલબ ખાતે દરરોજ સાંજે ૫ થી ૯ કલાકે રમાડવામાં આવે છે. આ ટુર્નામેન્ટની વધુ વિગત મેળવવા માટે જીનિયસ સ્કૂલના સ્પોર્ટસ હેડ શ્રી મનિન્દર કૌર કેશપને +૯૧ ૮૭૫૮૪૪૫૦૬૧ અને ટેરેન્સ ફર્નાન્ડીસને +૯૧ ૯૮૯૮૦૦૧૭૭૧ ઉપર સંપર્ક કરવા અખબારી યાદીમાં જણાવાયું છે.

જીનિયસ બાસ્કેટબોલ ચેમ્પિયનશીપ ૨૦૨૩-૨૪બાસ્કેટબોલ ટુર્નામેન્ટના આયોજન માટે સંસ્થાના ચેરમેન ડી. વી. મહેતા, સીઈઓ ડિમ્પલબેન મહેતાના માર્ગદર્શનમાં ટેરેન્સ ફર્નાન્ડીસ, જીનિયસ સ્કૂલની ટીમ અને રાજકોટ ડીસ્ટ્રીક્ટ બાસ્કેટબોલ એસોસીએશનનાં સભ્યો તથા રાજકોટ સ્વનિર્ભર શાળા સંચાલક મંડળના મહામંત્રી પરિમલભાઈ પરડવા અને પુષ્કરભાઈ રાવલ તેમજ અન્ય હોદેદારો દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.(૪.૧)

તંત્રી લેખ

જીવનની અમુલ્ય તક ગુમાવી...!

યુવાધનને આજિવિકા પુરી પાડવી તે સૌથી મોટી સમસ્યા છે. આજનો યુગ ગળાકાપ સ્પર્ધાનો યુગ છે. આ સંજોગોમાં યુવાનો કયા ક્ષેત્રમાં જોડાવવું અને ભવિષ્ય કેવું હશે તે બાબતે ખુબજ મૂંઝવણ અનુભવે છે. યોગ્ય માર્ગદર્શનને અભાવે ગેરમાર્ગે દોરાય છે. અને સરવાળે જીવનની અમુલ્ય તક ગુમાવી બેસે છે. તો આવા સમયે યુવાનોને શાળા-કોલેજની સાથે સાથે કારકિર્દી નિર્માણની તકો વિષે પૂરતી માહિતી આપવી જ રહી. ભારત દેશ વિશ્વની સૌથી વધુ યુવાધન ધરાવતો દેશ છે. ખૂબ મોટી યુવા વસ્તી ધરાવતો ભારત દેશ બની શકે છે...જ્યાં સુધી ગુજરાતનો સવાલ છે ત્યાં સુધી એવું માનવામાં આવે છે કે ગુજરાત વ્યાપારી પ્રજા ધરાવતું રાજ્ય છે. અહી શિક્ષણ અને નોકરીનું બહુ મહત્વ નથી. પરંતુ આ માન્યતા ભૂલભરેલી છે. અહી પણ યુવાનોની કારકિર્દી માટે શિક્ષણ અને ત્યારબાદ નોકરી ખુબ જ મહત્વની છે. મોટાભાગે કારકિર્દી માટે ખુબજ મર્યાદિત વિકલ્પો જેવા કે ડોક્ટર, એન્જિનિયર, સી.એ. વિશે વિચારવામાં આવે છે. પરંતુ આજકાલ સરકારી નોકરીમાં પણ ગુજરાતનાં યુવાનોનું પ્રમાણ વધતું જાય છે. ખાનગી નોકરી અને સરકારી નોકરી વચ્ચે તુલના કરવામાં આવે તો પ્રથમ તુલના પગારની કરવામાં આવે છે. સાતમા પગારપંચ મુજબ જોતાં સરકારી નોકરીમાં પગાર ધોરણ સંતોષકારક છે. સાથે રજાઓ અને વિવિધ લાંબા ગાળાના લાભો જોવા જઈએ તો ઘણી સંતોષકારક કારકિર્દી ઘડી શકાય. જોકે ખાનગી ક્ષેત્રે પણ હવે પરિસ્થિતિ સુધરી રહી છે. પગાર કરતા વધુ મહત્વનુ પાસું વ્યવસાયિક સંતોષ અથવા જોબ સેટીસ્ફેકશન ગણી શકાય. ખાનગી નોકરીમાં પણ તે મળી શકે! પરંતુ લાંબાગાળે ખાનગી ક્ષેત્રે એકનું એક કાર્ય કરીને કંટાળો આવતો જાય છે. પૈસા પાછળની ભાગદોડમાં તણાવભરી જીવનશૈલીનું નિર્માણ થાય છે. જ્યારે સરકારી નોકરીમાં કામગીરીમાં બદલાવ આવે છે. કામગીરીની વૈવિધતા વિપુલ છે. તેને ખાનગી ક્ષેત્ર સાથે તુલના ન થઈ શકે. એક સરકારી અધિકારી તરીકે આજે આરોગ્ય ખાતા સાથે કામ કરતાં હોય તો કાલે શિક્ષણ તો કેટલાક વર્ષો બાદ ઉદ્યોગ કે મહેસૂલ ક્ષેત્રે કામ કરવાની તક મળે. આમ નવું નવું શીખવાની તકો અને સર્જનાત્મકતા મળે છે. અનેક લોકો સરકારી કચેરીએ વિવિધ કામો લઈને આવતા હોય છે. લોકો રડતા-રડતા આવે અને હસતાં-હસતાં પાછા જાય ત્યારે નોકરીની સાથે સમાજસેવા કરવાનો સંતોષ કોઈ અન્ય રીતે તુલના કરી શકાય નહિ. આ પ્રકારની કામગીરીમાં સમાજમાં એક પ્રકારની પ્રતિષ્ઠા પણ મળે છે. જોકે સરકારી નોકરીમાં બદલી થવાની શક્યતા માટે હમેશા તૈયાર રહેવું પડે. જેમ-જેમ ઉપરની પોસ્ટ પર આગળ વધીએ તેમ-તેમ બદલીની શક્યતા વધતી જાય. પણ પ્રત્યેક ક્ષેત્રે કોઈ વિવિધતા તો રહેવાની જ! વળી સરકારી નોકરી મેળવવા માટે લાંબાગાળાની તપશ્ચર્યા હોય છે. ખાનગી નોકરીની જેમ તરત મળી જતી નથી. સામે સરકારી નોકરીમાં જે જોબ સિક્યોરિટી મળે છે તેની ખાનગીમાં તુલના ન થઈ શકે. કોરોના જેવી મહામારીમાં આપણે જોઈયે છીયે કે લાખો લોકોએ ખાનગી નોકરીઓ ગુમાવી. કોર્પોરેટ ક્ષેત્રે વ્હાઇટ કોલર જોબ પણ ચપટીવારમા જતી રહી. પગારો કટ થયા. જ્યારે સરકારી સેવકોની સુરક્ષાનુ શું મહત્વ છે તે આવા સમયમા ખ્યાલ આવે.

આત્મીય કોલેજ ખાતે ભૂકંપનું કંપન અનુભવાતા વિદ્યાર્થીઓનુ સલામત સ્થળે સ્થળાંતર

ઘાયલ વિદ્યાર્થીઓને ફાયર વિભાગની ટીમોએ રેસ્ક્યુ કરી એમ્બ્યુલન્સમાં સ્થળ પર સારવાર આપી નજીકની હોસ્પિટલે ખસેડ્યા

(સૌરાષ્ટ્રકાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ તા.૫

આત્મીય કોલેજ ખાતે ક્લાસરૂમમાં વિદ્યાર્થીઓનું લેક્ચર ચાલુ હતું તેવા સમયે અચાનક ભૂકંપના આચકા આવતા કોલેજ ખાતેની વોર્નિંગ એલાર્મ ગુંજી ઉઠી હતી. આ સાથે વિદ્યાર્થીઓમાં નાસભાગ મચી ગઈ હતી. ક્લાસરૂમના પ્રાધ્યાપકે સમય સૂચકતા વાપરી વિદ્યાર્થીઓને સલામત સ્થળે જવા માટે તુરત જ સૂચના આપી હતી. અને કોલેજ દ્વારા ઈમરજન્સી ફાયર વિભાગને જાણ કરવામાં આવતા નજીકના સ્થળેથી ફાયર વિભાગની ટીમો સ્થળ પર રવાના થઈ ચૂકી.

આત્મીય કોલેજ કેમ્પસ ફાયર વિભાગના બંબાઓ, એમ્બ્યુલન્સની સાયરનથી ગુંજી ઉઠ્યું હતું. ફાયર વિભાગની ટીમ દ્વારા રેસ્ક્યુ સાધનો, સ્ટ્રેચર લઈને જે જગ્યાએ સૌથી વધુ અસર થઈ હતી તેવા ક્લાસરૂમ સુધી પહોંચી. કોલેજના એન.સી.સી.ના કેડેટસ દ્વારા તેઓને ગાઈડ કરવામાં આવ્યા હતા. ફાયર વિભાગના રેસ્ક્યુના જવાનોએ ઘાયલ લોકોને તુરત જ સ્ટ્રેચરમાં અને ખંભા ઉપર ઉઠાવી સલામત સ્થળે લઈ જઈ એમ્બ્યુલન્સમાં જરૂરી પ્રાથમિક સારવાર પૂરી પાડી હતી.

જ્યારે અન્ય ટીમો દ્વારા રેસ્ક્યુના સ્પેડર, કટર, રેમજેક, ન્યૂમેટીક જેક, એર બેગ સહિતના સાધનો વડે અસરગ્રસ્ત રૂમમાં પહોંચી બાંકડા તેમજ દિવાલ નીચે દબાયેલા ઘાયલ વિદ્યાર્થીઓને સલામત રીતે બહાર કાઢી તેઓને તુરંત જ વધુ સારવાર અર્થે હોસ્પિટલે પહોંચાડ્યા હતા.

જિલ્લા વહીવટી તંત્ર વતી મામલતદાર રુદ્ર ગઢવી, સર્કલ ઓફિસર ઝાલા, તેમજ ડિઝાસ્ટર સેલના ડીપીઓ ભરતભાઈ બારડ તેમજ કોર્પોરેશન ડિઝાસ્ટર સેલના પ્રોજેક્ટ ઓફિસર હસમુખભાઈ ભાસ્કરે ઉપસ્થિત રહી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

આ સમગ્ર રેસ્ક્યુ ઓપરેશનમાં ફાયર વિભાગના ડેપ્યુટી ચીફ ફાયર ઓફિસર બી. જે. ઠેબાની આગેવાનીમાં સ્ટેશન ઓફિસર મુબારક જુણેજા, રોહિત વિગોરા, લિડિંગ ફાયર ઓફિસર વિનોદ મકવાણા સહિત ફાયર વિભાગના કર્મચારીઓ જોડાયા હતા

રેસ્ક્યુ ઓપરેશન પૂર્ણ થતા મામલતદાર રુદ્ર ગઢવીએ આ સમગ્ર ઘટનાને મોક ડ્રિલ હોવાનું જણાવતા ફાયર તેમજ ડિઝાસ્ટર સેલના અધિકારીઓ અને કર્મચારીઓ હાશકારો અનુભવ્યો હતો .

આ તકે મામલતદારએ સૌને અભિનંદન પાઠવી આ મોક ડ્રીલ સફળ રહ્યાનું જણાવ્યું હતું . ગઢવીએ જણાવ્યું હતું કે, કલેક્ટર પ્રભવ જોશી દ્વારા આ પ્રકારની કુદરતી આફતો અંગે સમયાંતરે મોકડ્રીલ યોજવાનું આયોજનના ભાગરૂપે આજરોજ આત્મીય યુનિવર્સિટી ખાતે ભૂકંપ અંગેની મોક ડ્રીલ યોજાઈ હતી આ તકે તેમણે આત્મીય કોલેજના સંચાલક, પ્રાધ્યાપક અને સ્ટાફગણનો સહકાર બદલ આભાર માન્યો હતો.(૪.૧)

રાજકોટ જિલ્લામાં ઓદ્યોગિક સેમિનાર-પ્રદર્શન સહિતના વિવિધ કાર્યક્રમો યોજાશે

(સૌરાષ્ટ્રકાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ તા.૫

ગુજરાત રાજ્યમાં વેપાર-ધંધા-ઉદ્યોગોના વિકાસ માટે રાજ્ય સરકાર દ્વારા યોજાતી ''વાઈબ્રન્ટ સમિટ-૨૦૨૪'' આગામી ૧૦ થી ૧૨ જાન્યુઆરી દરમિયાન ગાંધીનગર ખાતે યોજાશે, જેમાં જિલ્લા કક્ષાએથી ઉદ્યોગકારો અને વેપાર સમૂહોનું પ્રતિનિધિત્વ કરી શકે તેવા ઉદ્દેશ્યથી રાજકોટ જિલ્લા કક્ષાએ આગામી ટુંક સમયમાં 'વાઈબ્રન્ટ ગુજરાત, વાઈબ્રન્ટ રાજકોટ'નો કાર્યક્રમ યોજાશે.''વાઈબ્રન્ટ ગુજરાત, વાઈબ્રન્ટ રાજકોટ'' ઈવેન્ટમાં સ્થાનિક ઉત્પાદનોના પ્રચાર-પ્રસાર માટે ૨-૩ દિવસના એક્ઝિબિશનનું આયોજન કરવામાં આવશે. જેમાં વન ડિસ્ટ્રિક્ટ વન પ્રોડક્ટ (**ODOP**), સ્ટાર્ટ અપ્સ, સ્થાનિક સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો (**MSMES**) વગેરેનો સમાવેશ કરવામાં આવશે. આ ઉપરાંત, સેલ્ફ હેલ્પ ગ્રૂપ્સ, ફાર્મર્સ પ્રોડ્યુસર્સ ઓર્ગેનાઇઝેશન્સ (**FPOs**), મહિલા ઉદ્યોગ સાહસિકો, ખાદી અને ગ્રામોદ્યોગ, કુટિર ઉદ્યોગો વગેરેને પણ આ કાર્યક્રમોમાં સાંકળવામાં આવશે. આ એક્ઝિબિશનમાં વન ડિસ્ટ્રિક્ટ વન પ્રોડક્ટ હેઠળ પસંદગી કરાયેલી પ્રોડક્ટ્સને અગ્રતા આપવામાં આવશે. આ કાર્યક્રમો માટે કેપેસિટી બિલ્ડીંગ, ઉદ્યોગ સાહસિકતા, એક્સપોર્ટ પ્રમોશન, માર્કેટ લિંકેજ માટે સેમિનાર/વર્કશોપનું આયોજન કરવામાં આવશે. ઉપરાંત, ક્રેડિટ લિંકેજ પ્રોગ્રામ હેઠળ લોન મેળાઓનું પણ આયોજન કરવામાં આવશે. લોન મેળાઓના આયોજન માટે જિલ્લા લીડ બેંક મેનેજર દ્વારા સ્ટેટ લેવલ બેંકર્સ કમિટી (**SLBC**), નેશનલ બેંક ફોર એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ (**NABARD**), સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ બેંક ઓફ ઈન્ડિયા (**SIDBI**) સાથે સંકલન કરવામાં આવશે.(૪.૧)

જામકંડોરણા તાલુકાના સોડવદર અને હરિયાસણ ખાતે 'સબ કી યોજના,સબ કા વિકાસ' કાર્યક્રમ અંતર્ગત ગ્રામસભા યોજાઈ

(સૌરાષ્ટ્રકાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ તા.૫

રાજકોટ જિલ્લા પંચાયત કચેરી દ્વારા જિલ્લાના જામકંડોરણા તાલુકાના સોડવદર ગામે સરપંચ મહેશભાઈ ભાલોડીયા તથા હરિયાસણ ગામે સરપંચ શ્રી નરેન્દ્રભાઈ સાવલિયાના અધ્યક્ષ સ્થાને ગ્રામસભા યોજાઈ હતી.

પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ હેઠળ 'સબ કી યોજના, સબ કા વિકાસ' કાર્યક્રમ અંતર્ગત યોજાયેલી બીજા તબક્કાની ગ્રામસભા બાબતે તલાટી કમ મંત્રી ડી.સી.પંડ્યાએ જણાવ્યું હતું કે, ગ્રામસભામાં પંચાયત વિકાસ સૂચક આંકનું વાંચન કરાયું

હતું. ગ્રામ સભામાં લોકોને ટીબી મુક્ત પંચાયત વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા તથા સરકારની યોજનાઓ મનરેગા, પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ મિશન વિશે વિગતવાર ચર્ચા કરાઈ હતી.

આ સાથે જ ગ્રામ્ય કક્ષાએ ઉપસ્થિત કોઈ પ્રશ્ન અંગે ગ્રામસભામાં થયેલી રજૂઆતોને હલ કરવામાં આવી હતી તેમજ 'સ્વચ્છતા હી સેવા' ઝુંબેશનું આયોજન તથા 'જળ જીવન મિશન' કાર્યક્રમ વિષે વિશેષ આયોજન સહ ચર્ચા કરવામાં આવી હતી.

આ તકે ઉપસરપંચી જયદેવસિંહ જાડેજા, સભ્યઓ રવજીભાઈ સારીયડા, જયસુખભાઈ ઉમરેઠિયા, કિરીટભાઈ બાબરીયા, તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયતના સદસ્યો, આશાવર્કર બહેનો, વી. સી. ઈ તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.(૪.૧)

એલીવેશનનું કામ કરતી વેળાએ જીવતા વાયર પર પટકાયેલ રાજકોટના યુવકનું સારવારમાં મોત

મોરબી રોડ પર સેટેલાઈટ ચોક પાસેનો બનાવ: બનાવનો વીડિયો વાયરલ થયો'તો: નિતેશ વાળાએ ખાનગી હોસ્પિટલમાં દમ તોડયો: બે વર્ષની પુત્રીએ પિતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં કલ્પાંત

રાજકોટ તા.૫

રાજકોટના મોરબી રોડ પર સેટેલાઈટ ચોક પાસે શ્રી વિલા સોસાયટીમાં મકાન પર એલીવેશનનું કામ કરતી વેળાએ નજીકથી પસાર થતા જીવતા વાયર પર પટકાતા આજીડેમ ચોકડી પાસે રહેતા સગર યુવકનું સારવાર દરમિયાન મોત નિપજતા પરીવારમાં અરેરાટી વ્યાપી ગઈ હતી.

પ્રાપ્ત વિગત મુજબ આજીડેમ ચોકડી પાસે રામ પાર્ક શેરી નં.૨માં રહેતા નિતેશભાઈ વાલાભાઈ નવેરા (ઉ.૩૭) ફેબ્રીકેશન એલીવેશનનું કામ કરતા હતા અને ગઈ તા.૨૬/૯ના તેઓ મોરબી રોડ પર આવેલ સેટેલાઈટ ચોક નજીકની શ્રીવિલા સોસાયટીમાં આવેલ મકાનના બીજા માળે ફેબ્રીકેશન એલીવેશનનું કામ કરતા હતા ત્યારે અચાનક શરીરનું બેલેન્સ ગુમાવતા તેઓ ત્યાં નજીકથી પસાર થતા ૧૧ કેવી વોટના જીવતા વાયર પર પટકાયા હતા અને તેમાં જ લટકી ગયા હતા. બનાવ સ્થળે સ્થાનીકો એકઠા થઈ જતા વિજ પ્રવાહ બંધ કરાવી યુવકને નીચે ઉતારી ૧૦૮ મારફતે સારવારમાં અત્રેની ખાનગી હોસ્પીટલમાં ખસેડાયા હતા. જયાં તેમનું ચાલુ સારવાર દરમિયાન મોત નિપજયું હતું. બનાવ અંગે બી ડીવીઝન પોલીસને જાણ થતા સ્ટાફ દોડી આવ્યો હતો અને જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમ અર્થે સીવીલ હોસ્પીટલમાં ખસેડાયો હતો.

બનાવ અંગેનો વિડીયો સોશ્યલ મીડીયામાં વાયરલ થયો હતો. વધુમાં મૃતકના લગ્ન સાત વર્ષ પહેલા થયેલ હતા અને સંતાનમાં બે વર્ષની એક પુત્રી છે તેમજ બે ભાઈ એક બહેનમાં નાના હતા. બનાવથી પરીવારમાં કાળો કલ્પાંત છવાયો હતો.

યુ જી સી એચ આર ડી સી અને સાયન્સ ક્લબ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ના સંયુક્ત ઉપક્રમે

ભારતની અવકાશ ક્ષેત્રે અદભુત સફળતા વિષયક રાષ્ટ્રીય વૈજ્ઞાનિક ડો. વિશાલ જોશી મારફત વ્યાખ્યાન યોજાયું

(સૌરાષ્ટ્રકાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૫

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યા શાખાના વિદ્યાર્થીઓ અને દેશભરમાંથી તાલીમ લેવા આવેલા અધ્યાપકોને ભારતનું અવકાશ ક્ષેત્રે અદભુત પ્રદાન અંગે ભારતના ખ્યાતનામ વૈજ્ઞાનિક **PRL** ના ડોક્ટર વિશાલ જોશી મારફત ઈસરો અને તેની આનુસંગીક રાષ્ટ્રીય સંશોધન સંસ્થાનો અને તેમના પ્રદાન અંગે ખૂબ જ રસપ્રદ બે કલાક નું જ્ઞાનના આદાન-પ્રદાન સાથેનું વ્યાખ્યાન યોજાયેલ હતું જેના ઉદઘાટન સત્રમાં દીકરાનું ઘર અને રાજકોટ ભાજપ શહેર પ્રમુખ મુકેશભાઈ દોશી, યુનિવર્સિટીના કુલ સચિવ ડોક્ટર હરીશભાઈ રૂપારેલીયા, ભૌતિકશાસ્ત્ર ભવનના અધ્યક્ષ પ્રોફેસર નિકેશભાઈ શાહ, યુ જી સી એચ ડી સી ના ડેપ્યુટી ડાયરેક્ટર ડોક્ટર ધીરેનભાઈ પંડ્યા, વિજ્ઞાન ક્લબના કોર્ડીનેટર ડોક્ટર પિયુષભાઈ સોલંકી અને ડોક્ટર દેવીતભાઈધ્રુવ, પ્રોફેસર એંચ ઓ જેઠવા, ડોક્ટર મેઘા વાગડિયા અને જુદા જુદા ભવનના રસ ધરાવતા અધ્યાપકો, ફેકલ્ટી ઈન્ડક્શન પ્રોગ્રામમાં ભાગ લીધેલ રાજ્યભરના અધ્યાપકો તથા વિજ્ઞાનના જુદી જુદી શાળાના ૩૦૦ થી વધુ બાળકોએ ભાગ લીધો હતો.

સાયન્સ ક્લબ, ભૌતિકશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી તેમજ યુજીસી એચઆરડીસી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે વિજ્ઞાન આરોહણના સાતમા મણકાનું આયોજન કરવામાં આવેલ. વિજ્ઞાન આરોહણ એ વૈજ્ઞાનિક વ્યાખ્યાનોની એક શ્રેણી છે જે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ભૌતિકશાસ્ત્ર ભવનમાં ચાલી રહેલ સાયન્સ કલબની વિવિધ પ્રવૃત્તિઓમાથી એક છે. ભારત અવકાશ સંશોધન ક્ષેત્રે હરણફાળ ભરી રહ્યું છે ત્યારે તાજેતરમાં જ લોન્ચ થયેલા ઇસરોના ૨ મિશનો વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કરવા વિજ્ઞાન આરોહણના સાતમા મણકા માં ''ચંદ્રયાન ૩ અને આદીત્ય **L1:**

વૈજ્ઞાનિકોનું ભારતના વૈશ્વિક વિકાસમાં અનન્ય પ્રદાન મુકેશભાઈ દોશી

ભારતની અવકાશ ક્ષેત્રે અદભુત સફળતા'' વિષય પર **PRL** અહેમદાબાદના વૈજ્ઞાનિક ડો. વિશાલ જોશી ના રસપ્રદ અને માહિતીસભર વ્યાખ્યાન નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ નું આયોજન સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સેનેટ હોલ ખાતે કરવામાં આવ્યું હતું જેમાં વિવિધ શાળા કોલેજનાં વિદ્યાર્થીઓ રૂબરૂ તેમજ ઓનલાઈન માધ્યમોથી જોડાયાં હતાં. કાર્યક્રમ માં મુખ્ય અતિથિ તરીકે ''દીકરા નું ઘર'' વૃદ્ધાશ્રમના ટ્રસ્ટી અને ભાજપ રાજકોટ શહેર પ્રમુખ મુકેશભાઈ દોશી ઉપસ્થિત રહ્યા હતા.(૪.૧)

એટ્રોસીટીના ગુન્હામાં આરોપીનો નિર્દોષ છુટકારો

(સૌરાષ્ટ્રકાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૫

ભીખાભાઈ જીવાભાઈ મકવાણાએ સને ૨૦૧૮ની સાલમાં નાનાસખપર ગામમા સહકારી ડેરીમા નોકરી કરતા પોપટભાઇ કીસાભાઈ બંધીયા વિરૂધ્ધ ગોંડલ તાલુકા પોલીસ સ્ટેશનમાં એટ્રોસીટી અન્વયેની ફરિયાદ કરેલ. આ કેસમાં આરોપી પોપટભાઇ કીસાભાઈ બંધીયા વતી એડવોકેટ તરીકે રઘુવીર આર. બસીયા રોકાયેલ હતા. આ કેસમા કુલ ૮ મૌખિક પુરાવાઓને તેમજ ૭ દસ્તાવેજી પુરાવાઓને અદાલતમા તપાસવામાં આવેલ. અદાલતે બચાવના પક્ષના એડવોકેટની દલીલ ગ્રાહ્ય રાખી આરોપી પોપટભાઈ કીસાભાઈ બંધીયાને નિર્દોષ છોડવાનો હુકમ કરેલ. આ કેસમાં આરોપી પોપટભાઇ કીસાભાઈ બંધીયા વતી એડવોકેટ તરીકે રઘુવીર બસીયા તથા વિમલ ભટ્ટ રોકાયેલ હતા.

PMSVANidhi યોજના હેઠળ શેરી ફેરિયાઓની લોન મંજુરી માટે બેંકો ખાતે કેમ્પનું આયોજન

(સૌરાષ્ટ્રકાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૫

ભારત સરકાર દ્વારા શેરી ફેરિયાઓ માટે **PMSVANidhi (PM Street Vendors AtmaNirbharNidhi)** યોજના મારફત શેરી ફેરિયાઓ તેઓની આજીવિકા પુનઃસ્થાપિત કરી શકે તે હેતુથી પ્રથમ તબક્કામાં રૂ.૧૦,૦૦૦ તથા પ્રથમ લોન પૂર્ણ થયેલ લાભાર્થીઓને રૂ.૨૦,૦૦૦ તેમજ બીજી લોન પૂર્ણ થયેલ લાભાર્થીઓને રૂ.૫૦,૦૦૦ ત્રીજી વર્કિંગ કેપિટલ લોન સિક્યુરીટી વિના બેંકો મારફત સરળતાથી મળી રહે તે માટે આજ તા.૦૫/૧૦થી તા.૦૭/૧૦દરમ્યાન લોન મંજુરી માટે જે તે બેંકમાં (લગત બેંકમાં) કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. આ યોજનામાં રાજકોટ શહેરના હોકર્સ ઝોન તથા શહેરના છુટાછવાયા સ્થળે ફેરી કરતા શેરી ફેરિયાઓએ લોન ફોર્મ ભરેલ હોય તે લાભાર્થીએ લગત બેંકનો સંપર્ક કરવાનો રહેશે.

વિશેષમાં આ યોજનાનો લાભ સરળતાથી મળી રહે તે માટે ગુજરાત અર્બન લાઈવલીહુડ મિશન ગાંધીનગરનાં માર્ગદર્શન મુજબ રાજકોટ મહાનગરપાલિકા અને બેંકો દ્વારા લોન મંજૂરીની પ્રક્રિયા સરળતાથી થાય તે પ્રકારની વ્યવસ્થા કરવામાં આવેલ છે. આ માટે જે શેરી ફેરીયાઓ લોન મંજુરીની પ્રક્રિયામાં છે તેવા લાભાર્થીઓને મહાનગરપાલિકાની પ્રોજેક્ટ શાખા દ્વારા દ્વારા લાભાર્થીઓને વન ટુ વન ટેલીફોનિક સંપર્ક કરી બેંક ખાતે ખાતામાં લોનની રકમ જમા કરવા સંબંધિત કામગીરી કરવામાં આવે છે અત્યાર સુધીમાં ત્રણેય તબક્કાઓ મળી કુલ ૨૩૧૯૩ ફેરીયાઓની લોન મંજુર થયેલ છે. લાભ લેવા ઇચ્છતા લાભાર્થીઓએ મોબાઈલ ઉપરાંત આધાર કાર્ડ, ચુંટણી કાર્ડ, બેંક પાસબુક, ઓરીઝનલ અને ઝેરોક્ષ નકલ સાથે લગત બેંકનો સંપર્ક કરવાનો રહેશે. વિશેષમાં, ડીજીટલ પેમેન્ટને પ્રોત્સાહન મળી રહે તે માટે શેરી ફેરિયાઓ દ્વારા **BHIM UPI, PayTm, PhonePe, GooglePay, BharatPay, AmazonPay** દ્વારા પેમેન્ટ કરવામાં આવે તે માટે ફેરીયાઓને બેંક દ્વારા માર્ગદર્શન પણ આપવામાં આવશે. આ કેમ્પનો લાભ લેવા જે ફેરિયાઓની લોન મંજુરીની પ્રક્રિયામાં છે તેવા તમામ લાભાર્થીઓને તા.૦૪/૧૦થી તા.૦૭/૧૦ નાં રોજ બેંકનો સંપર્ક કરવા રાજકોટ મહાનગરપાલિકા દ્વારા અનુરોધ કરવામાં આવે છે.(૪.૧)

નાની લાખાવડમાં અગાઉના ઝઘડાનો ખાર રાખી નણંદ-ભાભી ઉપર હુમલો

કૈલાશબેન મેણીયા, તેના ભાભી મનિષાબેન અને હેતલબેન સરિયાને મૂંઢ ઇજા થતાં સારવાર લીધી : ૮ સામે ગુનો નોંધાયો

રાજકોટ, તા.૫

નાની લાખાવડમાં અગાઉના ઝઘડાનો ખાર રાખી નણંદ ભાભી ઉપર હુમલો કરાયો હતો. કૈલાશબેન મેણીયા, તેના ભાભી મનિષાબેન અને હેતલબેન સરિયાને મૂંઢ ઇજા થતાં સારવાર લીધી હતી. જસદણ પોલીસ મથકે ૮ સામે ગુનો નોંધાયો હતો. આરોપીમાં મુન્ના રોજાસરા, તેના કૌટુંબિક મહેશ, જીતેશ, શૈલેષ, બીજલ, શાંતુબેન, વિજુબેન, છગનભાઈની અટકાયત કરવા તજવીજ કરાઈ હતી.

ફરિયાદી કૈલાશબેન ભાવેશભાઇ મેણીયા (કોળી) (ઉ.વ.૨૫, રહે.જસદણ,પોલારપર રોડ, રામપરા વિસ્તાર, નદીના કાંઠે, માર્કેટવાળી શેરી) બંગડીમાં ડાયમંડ બેસાડવાનું કામ કરી મારા પરિવારનું ગુજરાન ચલાવું છું. મારે સંતાનમાં એક દિકરો નામે કુલદીપ (ઉ.વ.૧.૫) છે. અને મારા લગ્ન ચાર વર્ષ પહેલા જસદણ ખાતે અમારી જ્ઞાતિના રીતરિવાજ મુજબ થયેલ. ગઈકાલે સવારના આશરે પોણા અગિયાર વાગ્યે હું જસદણથી નાની લાખાવાડ ગામે મારા પિતાજીની તબિયત સારી ન હોય, જેથી હું મારું એક્ટીવા લઈને ગયેલ અને નાની લાખાવાડ ગામે જુગાભાઈ વેજીયાના ઘર પાસે પહોંચતા ત્યાં મારા કૌટુંબિક બનેવી શૈલેષ કલાભાઈ રોજાસરા મને મળેલ અને મને કહેલ કે, મુન્ના બીજલ રોજાસરા તેના ઘરે તેના દાદીનું શ્રાદ્ધ છે જેથી તેના ઘરે આવેલ છે તેમ કહી મને ત્યાં લઈ ગયેલ અને મેં રસ્તામાં મારા મમ્મીને ફોન કરી કહેલ કે, હું મુન્નાભાઈના ઘરે છું. તેમ વાત કરતા મારા મમ્મી ગીતાબેને કહેલ કે હું તારા ભાભીને ત્યાં મોકલું છું મારા બંન્ને ભાભી મનિષાબેન વિષ્ણુભાઈ સરીયા તથા હેતલબેન ધર્મેશભાઈ સરીયા બંન્ને ત્યાં આવી ગયા હતા. દરમિયાન મુન્ના રોજાસરા, મહેશ છગન રોજાસરા, જીતેશ છગન રોજાસરાએ બધા મારી પાસે આવેલ અને મુન્નાભાઈ રોજાસરાએ એક લાકડાના ધોકા જેવું લઈને મને ગરદન ઉપર મારી દીધેલ અને મહેશએ મને ડોક ઉપર માર મારવા લાગેલ અને તેવામાં ત્યાં જીતેશ પણ આવેલ અને તેને મને જમણા હાથની કોણી ઉપર મુંઢ માર મારેલ અને શૈલેષભાઈએ મને હાથના કાંડા ઉપર મુંઢ માર મારેલ અને પછી ત્યાં દેકારો થતા અમે બહાર આવતા, શાંતુબેન બીજલભાઈ રોજાસરા તથા વિજુબેન છગનભાઈ રોજાસરાએ બંન્ને ત્યાં આવેલ અને મને તથા મારા ભાભીને પકડી રાખેલ અને બીજલ નાથા રોજાસરા અને છગન નાથા રોજાસરાએ બંન્ને ઢીકા પાટુનો માર મારવા લાગેલ અને પછી મને મારા બંન્ને ભાભીએ કોઠીના રસ્તે લઈ ગયેલ અને ત્યાથી ૧૦૮ એમ્બ્યુલન્સનને ફોન કરતા તે આવી

જતા મને મારા બંન્ને ભાભીઓ જસદણ સરકારી હોસ્પિટલ ખાતે સારવારમાં લઈ ગયેલ હતા અને ત્યા મને તથા મારા ભાભીને દાખલ કરેલ હતા. આ બનાવ બનવાનું કારણ એવું છે કે, આરોપીઓ સાથે અગાઉ બે વર્ષ પહેલા માથાકુટ થયેલ હોય જેનો ખાર રાખી મને લાકડાના ધોકા વડે મુંઢ માર્યો અને બંન્ને ભાભીઓને મુંઢ માર ઈજા કરેલ. જસદણ પોલીસના હેડ કોન્સ્ટેબલ પ્રણવભાઈ વાલાણીએ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી આરોપીઓની અટકાયત કરવા તજવીજ કરી હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષ સ્થાને FICCIની નેશલન એક્ઝિક્યુટિવ કમિટિ મિટિંગનો શુભારંભ

આઝાદીના શતાબ્દી પર્વે ગુજરાતને ૧ ટ્રીલિયન ડોલર ઇકોનોમી બનાવવાનું લક્ષ્યઃ મુખ્યમંત્રી

ગુજરાત, મહારાષ્ટ્ર,ઓરિસ્સા, તમિલનાડુ સહિતના રાજ્યોથી આવેલા કમિટિ મેમ્બર્સે કર્યો પરામર્શ

અમદાવાદ, તા.૫

અમદાવાદમાં આયોજિત FICCIની નેશલન એક્ઝિક્યુટિવ કમિટિ મિટિંગને સંબોધિત કરતા મુખ્યમંત્રીએ જણાવ્યું કે, તાજેતરમાં જ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરક ઉપસ્થિતિમાં વાઇબ્રન્ટ સમિટના વીસ વર્ષ પૂરા થવા પર સમિટ ઓફ સક્સેસની ઉજવણી થઈ. તેમણે કહ્યું કે, વાયબ્રન્ટ સમિટ બ્રાન્ડિંગ નહીં પણ બોન્ડિંગની વડાપ્રધાનની લાગણીને FICCIએ ખરા અર્થમાં સાર્થક કરી છે. ત્યારે આઝાદીના અમૃતકાળમાં વિકસિત ભારત માટે વિકસિત ગુજરાત બનાવવાની સરકારની તૈયારી છે. જેના માટે જાન્યુઆરી ૨૦૨૪માં આયોજિત થનારી વાયબ્રન્ટ સમિટની થીમ ગેટ વે ટુ ધ ફ્યુચર રાખવામાં આવી છે. એમ તેમણે કહ્યું.

૨૦૦૩થી આજદિન સુધીની દરેક વાયબ્રન્ટ સમિટમાં FICCIની સહભાગિતાને બિરદાવતા મુખ્યમંત્રીએ ઉમેર્યું કે, ગુજરાતને ભારતના ગ્રોથ એન્જીન તરીકે ઓળખ અપાવવામાં FICCIનું મહત્વનું યોગદાન છે. અને આઝાદીના શતાબ્દી પર્વે ગુજરાતને ૧ ટ્રીલિયન ડોલર ઇકોનોમી બનાવવાના સરકારના લક્ષ્યની પૂર્તિ માટે પણ યોગદાન મળશે તેવો વિશ્વાસ મુખ્યમંત્રીએ વ્યક્ત કર્યો.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદીના નેતૃત્વમાં ભારતે અભૂતપૂર્વ પ્રગતિ કરીને વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા તરીકે ખ્યાતિ મેળવી. તેમણે ઉમેર્યું કે, કોરોનાકાળમાં જ્યારે દુનિયાનો કારોબાર અટકી ગયો હતો ત્યારે વડાપ્રધાનએ દરેક ભારતીયમાં આત્મવિશ્વાસ ભર્યો. જેના કારણે દેશ વિશ્વવ્યાપી મહામારીમાંથી ઉગરી શક્યો. એમ તેમણે ઉમેર્યું.

ગુજરાતના અવિરત વિકાસ વિશે જણાવતા મુખ્યમંત્રીએ કહ્યું કે, દેશમાં ગુજરાતની ભૌગોલિક ભાગીદારી ૬% છે જ્યારે જીડીપી માં ૮% યોગદાન છે. કુલ ઔદ્યોગિક ઉત્પાદનમાં પણ ગુજરાતનું યોગદાન ૧૮% છે. સાથોસાથ દેશની કુલ નિકાસમાં ગુજરાતનો હિસ્સો ૩૦ ટકા છે. તેમણે કહ્યું કે, બે દાયકા પહેલા રાજ્યનું કુલ ઔદ્યોગિક ઉત્પાદન ૧.૨૭ લાખ કરોડ હતું જે હવે ૧૬.૧૯ લાખ કરોડ સુધી પહોંચ્યું છે. આમ, ગુજરાત એક મોડલ સ્ટેટ તરીકે પ્રસ્થાપિત થયું છે.

ગુજરાતને પોલિસીડ્રિવન રાજ્ય ગણાવી મુખ્યમંત્રીએ કહ્યું કે, તાજેતરમાં જ ગુજરાતે રિન્યુએબલ એનર્જી પોલિસી લોન્ચ કરી છે. પોલિસી દ્વારા વિન્ડ, સોલાર અને હાઇડ્રો એનર્જી પ્લાન્ટ સ્થાપવા માટે પ્રોત્સાહન આપવામાં આવશે. આ પોલિસી થકી આગામી સમયમાં રિન્યુએબલ એનર્જી ક્ષેત્રે પાંચ લાખ કરોડનું રોકાણ થવાની આશા તેમણે વ્યક્ત કરી હતી.

મુખ્યમંત્રીએ પર્યાવરણની જાળવણી પર ભાર મુકતા જણાવ્યું કે, ઉદ્યોગ-વ્યવસાયમાં ગુણવત્તા પર જેટલું ધ્યાન આપવામાં આવે છે તેટલું ધ્યાન પર્યાવરણ માટે હાનિકારક બાય પ્રોડક્ટ પર પણ આપવામાં આવે તે જરૂરી છે. પર્યાવરણ જાળવણી માટે જરૂરી ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરવામાં FICCI જેવા સંગઠનો અગ્રીમ ભૂમિકા ભજવે તેવું આહવાન કરી રાજ્ય સરકાર તેમની પડખે રહેશે તેવો વિશ્વાસ અપાવ્યો હતો.

આજના પ્રસંગે FICCIના હોદ્દેદારો દ્વારા મુખ્યમંત્રીનું અનોખી રીતે સ્વાગત કરાયું હતું. તીર્થધામ વૈષ્ણોદેવી ખાતે આ ખાસ પ્રસંગ નિમિત્તે ૧૦ વૃક્ષો વાવવામાં આવશે. જેના પ્રમાણરૂપે ગ્રીન સર્ટિફિકેટ મુખ્યમંત્રીને અર્પણ કરાયું.

મિટિંગમાં FICCIના પ્રેસિડેન્ટ સુબ્રકાંત પાંડા, વાઇસ પ્રેસિડેન્ટ હર્ષવર્ધન અગ્રવાલ, ગુજરાત એકમના પ્રેસિડેન્ટ રાજીવ ગાંધી, પૂર્વ પ્રેસિડેન્ટ અને ઝાયડ્સ ગ્રુપના ચેરમેન પંકજ પટેલ તથા ગુજરાત, મહારાષ્ટ્ર, ઓરિસ્સા, તમિલનાડુ સહિતના રાજ્યોથી આવેલા કમિટિ મેમ્બર્સે પરામર્શ કર્યો.

જાથાના સદસ્યે પિતૃ કાર્યને બદલે વૃધ્ધાશ્રમમાં ભોજન કરાવશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૫

વર્તમાન સમયમાં ભારતમાં ધાર્મિક દ્રષ્ટિએ શ્રાધ્ધ પક્ષના દિવસો છે. દિવંગતના માનમાં પ્રદેશ પ્રમાણે રીત-રિવાજો જોવા મળે છે. લોકો પોતાની શ્રાધ્ધ પ્રમાણ અનુસરતા હોય છે. ભારત જન વિજ્ઞાન જાથાની વિચારધારાને માનનારો સમુહ મોટા પ્રમાણ છે તેથી રવિવારે પિતૃને કોરાણે મુકી સદ્‌ભાવના વૃધ્ધાશ્રમમાં ૧૬૦ બુર્જગોનો સામુહિક ભોજન સમારોહ રાખવામાં આવ્યો છે.

જાથાના સદસ્ય વિરડા વાજડીના દિનેશ હુંબલના પિતા રાવતભાઈનું વર્ષ ૨૦૨૧ માં અવસાન થયું હતું. ધાર્મિક માન્યતા પ્રમાણે ત્રણ વર્ષે શ્રાધ્ધમાં ભળે છે. તેથી જામનગર રોડ ઉપર આવેલ સદ્‌ભાવના વૃધ્ધાશ્રમમાં રવિવાર તા.૮ મી ઓકટોબર ૧૬૦ બુજર્ગો માટેનો ભોજન સમારંભ રાખેલ છે. માનવીય અભિગમ જ કલ્યાણકારી છે. આ પ્રસંગે પરિવારના માતા રત્નાબેન, ગીતાબેન, મિલન, માધવ અને જાથાના સદસ્યોની હાજરીમાં દિવંગતને યાદ કરી તેના કાર્યોને જીવનમંત્ર કાયમી બનાવવાનો નિર્ધાર અમલમાં છે.

શ્રી બોલબાલા ચેરીટેબલ ટ્રસ્ટ અને શહિદ ઉધમસિંહ ટાઉનશીપ દ્વારા

પવિત્ર ભાદરવા માસમાં સમુહ રાંદલમાંના ૧૦૮ લોટા ઉત્સવનું ધાર્મિક આયોજન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૫

શ્રી બોલબાલા ચેરીટેબલ ટ્રસ્ટ અને શહિદ ઉધમસિંહ ટાઉનશીપ દ્વારા આયોજીત પવિત્ર ભાદરવા માસમાં સમુહ રાંદલમાંના ૧૦૮ લોટા ઉત્સવનું ધાર્મિક કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવમાં આવશે.

બોલબાલા સંસ્થા પુર્ણ શ્રધ્ધા સભર યજમાનના સહયોગથી આ કાર્યક્રમમાં સવારે ૮ કલાકે શ્રી રાંદલ માતાજીનું સ્થાપના કરવામાં આવશે.

રવિવારે વાહેલી સવારથી મોડી રાત્રી સુધી માતાજીના દર્શન, પુજન, અર્ચન, મહિલા ધુન મંડળની બહેનો દ્વારા ધુન-કિર્તન તેમજ રાસ-ગરબાની રમઝટ બોલાવવામાં આવશે. ટ્રસ્ટ દ્વારા માં રાંદલને રાજી કરવાનો,સર્વ યજમાનોના સઘળા મનોરથમાં પરીપુર્ણ કરે તેવા ભાવ સાથે માતાજીને યાચના કરવામાં આવશે. આ અવસરે અનેક સહયોગી દાતાઓનો સાથ-સહકાર સાંપડી રહ્યો છે.

આ અવસરે ૧૫૦૦ કરતા વધુ ગોરણીઓના પગ ધોવાનો,૫૦૦ જેટલા ભાવિકો,યજમાન પરિવાર તેમજ ૨૦૦ કાર્યકર્તા વગેરે માટે પૂજન,ભોજન-પ્રસાદ તેમજ ગોરણીઓને આકર્ષક ગીફ્ટ વગેરે કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે.

આ આયોજનમાં ભારતીબેન ચુડાસમાં, હેતલબેન જેઠવા, ભારતીબેન સાંચલા તેમજ બોલબાલા ટ્રસ્ટના ટ્રસ્ટી જયેશ ઉપાધ્યાય તથા ટ્રસ્ટના કાર્યકર્તાઓ દ્વારા ધાર્મિક કાર્યક્રમને સફળ બનાવવા તડામાર તૈયારી સાથે અનેરો ઉત્સાહ

વહેલી સવારથી આયોજીત આ ધાર્મિક કાર્યક્રમમાં લોટા નોંધવાનું પ્રારંભ,ભાગ લેવા,દર્શન,અર્ચન તેમજ પૂજનનો લાભ લેવા ટ્રસ્ટ પ્રમુખ જીજ્ઞેશભાઈ ઉપાધ્યાય દ્વારા શહેરની ધર્મપ્રેમી જનતાને અનુરોધ કરેલ છે.

લોટા બુકીંગ સ્થળ: 'બોલબાલા સેવા સંકુલ' ૩-ગીલપરા મેઈન રોડ, કેનાલ રોડ નજીક, રાજકોટ ફોન: ૦૨૮૧-૨૨૩૭૦૦૦/૨૨૪૩૦૦૮/ ૯૩૭૪૧૦૩૫૨૦/૨૧

માનસીક રીતે અસ્થિર વૃદ્ધાનો પરીવાર સાથે મેળાપ કરાવતી એલ્ડરલાઇન તેમજ સિવિલ હોસ્પિટલની હેલ્પડેસ્ક ટીમ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૫

રાજકોટમાં એક અસ્વસ્થ વૃધ્ધાની જાણ થતા ૧૦૮ દ્વારા સિંધી કોલોની શાક માર્કેટ પાસેથી તેમને હોસ્પિટલ લઇ જવામાં આવ્યાં હતાં. પ્રાથમિક તપાસમાં દર્દીને અશક્તિ હોવાનું જણાતા તેમને મેડિસિન વોર્ડમાં દાખલ કરવામાં આવ્યાં હતાં. દર્દીઓને સહાય આપવા માટે સિવિલ હોસ્પિટલ દ્વારા ખાસ શરૂ કરાયેલ હેલ્પડેસ્ક ટીમના જોકીનાબેન, ચિરાગભાઇ, ઉમેશભાઇ દ્વારા દર્દી સાથે વાતચીત દ્વારા તેઓનું ગામ તેમજ તેમના પુત્રનું નામ મળતાં પરિવારનો સંપર્ક કરવામાં આવ્યો હતો. પુત્ર અને પરિવારે વૃદ્ધાને રાખવાની ના પાડી દેતાં એલ્ડરલાઇનનો સંપર્ક કરવામાં આવ્યો હતો.

૬ ઓકટોબર, વિશ્વ સ્મિત દિવસ

દિલ કી ગહેરાઈમાં ગમ ક્યા છુપાના, ચાર દિન કી જિંદગી હૈ સદા મુસ્કુરાના

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૫

દર વર્ષે ઓકટોબર મહિનાના પહેલા શુક્રવારે વિશ્વ સ્મિત દિવસ ઉજવવામાં આવે છે. હસવું ફક્ત એક ભાવ જ નથી, પરંતુ અનેક સમસ્યાનું સમાધાન પણ છે. હસવાથી વ્યક્તિ લાંબા સમય સુધી સ્વસ્થ અને યુવાન રહી શકે છે. જ્યારે કોઈ પણ વ્યક્તિ હસે છે ત્યારે તેના ચહેરા પરનો ખીલખીલાટ જ એનાં સુઘડ સ્વાસ્થ્યની ચાડી ખાઈ જતું હોય છે. લોકોના ચહેરા પર હાસ્ય લાવવા માટે અનેક પ્રકારના કોમેડી શો અને ફિલ્મો બનાવવામાં આવે છે. તે મનોરંજનની સાથે વ્યક્તિને તણાવથી પણ દૂર રાખે છે. ફિલ્મો ઉપરાંત હાસ્ય પર અનેક ગીતો પણ બની ચુક્યા છે. મહાન અભિનેતા રાજ કપૂરે પણ પોતાની ફિલ્મ અનારીમાં કિસી કી મુસ્કુરાહટો પે હો નિસાર ગીત ગાઈને લોકોને હસવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. જીવનની સ્થિતિ ગમે તે હોય, પરંતુ જિંદગીમાં હાસ્યનું એક અલગ જ મહત્ત્વ હોય છે. હસવાથી શારીરિક અને માનસિક રીતે સ્વસ્થ રહી શકાય છે. જે પરિવારમાં ખુશી અને હાસ્યનો માહોલ હોય ત્યાં બધું સારું જ થતું હોય છે. ઘરમાં દરેક વ્યક્તિ હસતું હોય તો વાતાવરણ પોઝીટીવ રહે છે અને ઘરમાં કલેશ થવાની સંભાવના ઓછી રહે છે. હસવાથી મગજમાં ડોપામાઈન નામનું હોર્મોન રીલીઝ થાય છે.

જેનાથી માણસને માનસિક શાંતિ મળે છે અને હાર્ટ અટેક, ડાયાબિટિસ, ઈન્ફેક્શન સહિત અનેક બીમારીઓ થવાનો ખતરો ઘટી જાય છે. સ્માઈલ એ દરેક બીમારીની દવા છે જેનાથી આખા શરીરની માંસપેશીઓ પ્રભાવિત થાય છે, જેનાથી લોકોની અંદર પોઝિટિવ થિન્કિંગ આવે છે આ માટે સદાય હસતું રહેવું જોઈએ.

સાવરકુંડલા રહેણાંક મકાનમાં ગેસ સિલિન્ડર લીક થતાં આગ

(બિપીન પાંધી દ્વારા) સાવરકુંડલા. તા.૫: સાવરકુંડલાના વજલપરા વિસ્તારમાં આવેલ એક રહેણાંક મકાનમાં આજે સવારે ગેસ સિલિન્ડર લીકેજ થતાં વિકરાળ આગ લાગી મકાન માલિક નટુ ભાઈ કાલાવાડીયાએ નગરપાલિકાને જાણ કરતા તાત્કાલિક ધોરણે ફાયર ફાઈટર તેમજ

નગરપાલિકા સદસ્ય અને કાર્યકર્તાઓની ટીમ આવી પહોંચતી હતી આ ઉપરાંત પીજીવીસીએલની ટીમ પણ તાત્કાલિક આવી જતા વીજ કનેક્શન કટ કરવામાં આવ્યું હતું અને એકાદ કલાકની જહેમત બાદ આગને કાબુમાં આવી હતી. મકાન લાકડા અને વિલાય તે નળિયાનું હોય કાટમાળને મોટું નુકસાન થયું હતું ઉપરાંત ઘરવખરીને પણ મોટે પાયે નુકસાન થયું હતું સદભાગ્ય કોઈ જાનહાનિ થઈ ન હતી.

સોમનાથ-ચિતલ-લાઠી-અમદાવાદ વચ્ચે વંદે ભારત ટ્રેન શરૂ કરવામાં આવે તેવી માંગ

(ભિલાપ રૂપારેલીયા દ્વારા)

અમરેલી, તા.૫

લાઠીનાં પૂર્વ ધારાસભ્ય વિરજી ઠુંમરે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને પત્ર પાઠવેલ છે.પત્રમાં જણાવેલ છે કે, સોમનાથ મંદિર એ દેશની પવિત્ર ભોળાનાથ સાથે જોડાયેલી મહત્વની ભૂમિ છે. જુનાગઢ ગીર પર્વત એટલે કાઠીયાવાડનું એક પ્રસિધ્ધ યાત્રાધામ છે. તાજેતરમાં સોમનાથથી સોમવારે વારાણસી ખાતે ગુરૂવારે વારાણસીથી સોમનાથ ખાતે ટ્રેન આપેલ છે.

આ મીટરગેજ લાઈન થોડા સમય અગાઉ બ્રોડગેજમાં રૂપાંતર કરી સૌપ્રથમ વર્ચુલથી લુણીધાર-ભાવનગર ટ્રેનને લીલીઝંડી આપી શુભ શરૂઆત થયેલ. લાઠી વિસ્તારનાં ધારાસભ્ય તરીકે ખીજડીયા જંકશન અમરેલીથી નજીક તેજ દિવસે મારા હસ્તે લીલીઝંડી આપી આ ટ્રેનનો શુભારંભ થયેલ. આ બ્રોડગેજ લાઈન ઉપર ટ્રેન વ્યવહાર શરૂ કરાવેલ છે. અગાઉના સમયમાં અમદાવાદથી સોમનાથ મેલ રોજ ચાલતો હતો.

રાજકોટથી દિલ્હી રાજધાની શરૂ થયેલ છે, જામનગરથી વંદે ભારત ટ્રેન અમદાવાદ સુધી તાજેતરમાં શરૂ થયેલ છે. હવે માત્ર સૌરાષ્ટ્રમાં સોમનાથ-જુનાગઢ અમરેલી જિલ્લાને અમદાવાદ તેમજ ગાંધીનગરની રોજેરોજની સારી સગવડતા મળે તે હેતુથી સોમનાથનાં ધારાસભ્ય વિમલભાઈ ચુડાસમાએ પણ વંદે ભારત ટ્રેનની માંગણી કરેલ છે અને આ જિલ્લાનાં બધા જ પક્ષના તમામ આગેવાનો પણ સોમનાથથી વંદે ભારત ટ્રેન શરૂ થાય અને લાંબા સમયથી ટ્રેન વ્યવસ્થાથી વંચિત અમરેલી જિલ્લાને પણ લાભ મળે તે હેતુથી વંદે ભારત ટ્રેન તાત્કાલીક અસરથી શરૂ કરાવશો તેમ અંતમાં જણાવેલ છે.

અમરેલીમાં મેલેરીયા, ડેન્ગ્યુ અને ચિકનગુનીયાને અટકાવવા ઝૂંબેશ

(ભિલાપ રૂપારેલીયા દ્વારા)

અમરેલી, તા.૫

ચોમાસાની ઋતુમાં વરસાદી પાણીનો ભરાવો થવાથી અને મચ્છર ઉત્પતિ માટે અનુકૂળ વાતાવરણ સર્જાતા મચ્છરોની ઘનતા વધે છે અને ચેપી મચ્છરોના કરડવાથી ફેલાતા મેલેરીયા, ડેન્ગ્યુ અને ચિકુનગુનીયાના કેસોમાં વધારો જોવા મળે છે. અગમચેતીના પગલારૂપે મેલેરીયા શાખા, જિલ્લા પંચાયતની સુચનાથી અમરેલીમાં મેલેરીયા, ડેન્ગ્યુ અને ચિકુનગુનીયાના કેસો નોંધાયેલ છે તેના આસપાસના ઘરોમાં સઘન સર્વે કામગીરી કરાવવામાં આવેલ, જેમાં અર્બન હેલ્થ સેન્ટરના આરોગ્ય કાર્યકરો ઉપરાંત ૧૦ વેકટર કંટ્રોલ કર્મચારીઓ અને અમરેલી તાલુકાનાં અન્ય પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના આરોગ્ય કાર્યકરો ડેપ્યુટ કરી ખાસ ઝુંબેશ સ્વરૂપે કામગીરી કરવામાં આવેલ.

અમરેલી શહેરી વિસ્તારની

શહેરનાં ૩૨૦૦ કરતાં વધારે રહેણાંક મકાનની મુલાકાત લઈ ૧૦ હજાર કરતાં વધારે પાત્રોની ચકાસણી કરાઈ

વાહકજન્ય રોગોની પરિસ્થિતિ ધ્યાને લઈ આ ટીમો દ્વારા શહેરના ૩૨૯૪ ઘરની મુલાકાત લઈ ૧૦૯૭૩ પાત્રોની મચ્છર ઉત્પતિ માટે તપાસ કરતાં ૧૮૫ ઘરો અને ૨૬૮ પાત્રોમાં મચ્છરના પોરા જોવા મળેલ. ટીમ મારફતે શહેરની ખાનગી હોસ્પિટલો, શોપિંગ સેન્ટરો અને સરકારી બિલ્ડીંગોની પણ મુલાકાત લેવામાં આવી હતી અને તેમાં પણ પોઝિટિવ પાત્રો જોવા મળેલ.

આગામી સમયમાં દર અઠવાડિયે આ રીતે ટીમવર્ક દ્વારા સઘન સર્વેલન્સ, પોરાનાશક કામગીરી અને આરોગ્ય શિક્ષણ હાથ ધરી વાહકજન્ય રોગ અટકાયતી કામગીરીનું આયોજન કરવામાં આવેલ છે. ત્યારે લોકો પણ આ કામગીરીમાં સહકાર-યોગદાન આપે એ માટે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી અને જિલ્લા મેલેરીયા અધિકારી દ્વારા અપીલ કરવામાં આવે છે.

હત્યાના ગુન્હામાં આરોપીનો નિર્દોષ છુટકારો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૫

ફરિયાદી સાગર રૂખડભાઈ બોરિયા અને મરણજનાર ભૂપત ઘૂઘાભાઈ બોરિયા બને જણા ભાવનગર રોડ સબસ્ટેશન વાળી શેરીમાં પોતાના મિત્ર જિગાભાઈ ભરવાડને મળવા એક્ટિવા મો.સા. લઈને ગયા હતા ત્યાં જીગાભાઈને મળી ચુનારાવાડ ચોક પાસે કાળીબેનની ચા ની હોટલ એ અમારા મિત્ર વિશાલ માનસૂરીયાને તેનું મો.સા. આપવા ગયેલા ત્યાં બધા તાપણું કરી તાપતા હતા એ વખતે ત્યાં ભૂપતનો મિત્ર સિકંદર ઉર્ફે સિકલો હુસેનભાઈ જુણેજા ત્યાં એક લાલ કલરનું પલ્સર મો.સા. લઈને ત્યાં આવેલ અને ભૂપતને કહેવા લાગેલ કે તારે શિવાજીનગરમાં રહેતા અસ્લમ પઠાણ સાથે માથાકૂટ થયેલ છે જે અસ્લમ મારો ખાસ મિત્ર છે. જેથી તું મારી ગાડીમાં બેસીજા આપણે તેના ઘરે જઈને સમાધાન કરી આવીએ તેમ કહેતા ભૂપતભાઈને કહેલ કે સિકંદર માથાભારે છે તું તેની સાથે એકલોના જા અમે પણ સાથે આવીએ છીએ તેમ કહેતા સિકંદર ઉર્ફે સિકલો હુસેનભાઈ જુણેજા એ કહેલ કે હું ભૂપતભાઈ સાથે જાવ છું તમારે લોકોને આવવાની જરૂરિયાત નથી અને બંને જણા વિશાલભાઈના એક્ટિવામાં અસલમ પઠાણના ઘરે ગયેલ પરંતુ તેઓને આ સિકંદર ઉર્ફે સિકલો હુસેનભાઈ જુણેજા ઉપર ભરોસો ન હતો આથી ફરિયાદી સાગરભાઈ તથા સાથે બેઠેલા કાનો અરજણભાઈ મુંધવા બંને આ લોકોની પાછળ ગયેલા આશરે રાત્રે એકાદ વાગ્યા આસપાસ ફરિયાદી તથા કાનાભાઈ અસ્લમ પઠાણના ઘરે પહોંચેલા ત્યારે જોયેલ તો અસ્લમ પઠાણના ઘરની આગળ અસ્લમ પઠાણ જેના હાથમાં ખુલ્લી છરી હતી અને સિકંદર ઉર્ફે સિકલો હુસેનભાઈ જુણેજાએ ભૂપતભાઈના બંને હાથ પાછળથી પકડી રાખેલ હતા અને આ બંને જણા ગાળો બોલતા હતા અને અસ્લમ પઠાણએ ભૂપતભાઈને તેના હાથમાં રહેલ છરીના બે ઘા છાતીના ભાગે મારતા ભૂપતભાઈ ત્યાં થી છૂટી અને ભાગવા જતાં અસ્લમ પઠાણ એ તેને પકડી લીધેલ અને સિકંદરે તેના પેન્ટના નેફામાંથી ખુલ્લી છરી કાઢી એક ઘા છાતી તથા બીજો ઘા સાથળના ભાગે મારેલ આ વખતે ભૂપતભાઈ નીચે પડી ગયેલ અને ફરિયાદી સાગરભાઈ તથા તેની સાથે ગયેલ કાનાભાઈ ત્યાં ગયેલ તો આ સિકંદર અને અસ્લમ ગાળો આપવા લાગેલ ત્યારબાદ ડોકટરે ભૂપતભાઈને જોઈ તપાસી મરણ ગયેલ જાહેર કરતાં બાદમાં ફરિયાદી સાગરભાઈ રુખડભાઈ બોરિયા દ્વારા પોલિસ ને ફરિયાદ આપવામાં આવેલ હતી જેથી પોલિસે ગુન્હો નોંધી બંને આરોપીઓની ધરપકડ કરવામાં આવેલ હતી અને ત્યારબાદ અદાલત સમક્ષ બંને આરોપીઓને રજૂ કરેલ અને અદાલતે આરોપીઓ સિકંદર ઉર્ફે સિકલો હુસેનભાઈ જુણેજા અને અસ્લમ પઠાણને જેલ હવાલે કરેલા. ત્યારબાદ કેસ સેશન્સ કોર્ટમાં ચાલી જતાં બનાવ નજરે જોનાર સાહેદો, ગુજરનારના ભાઈની જુબાની, વિવિધ પંચનામાં ના પંચો, તથા તપાસ કરનાર અધિકારી વિગેરે ની જુબાની નોંધ્યા બાદ તથા ફરિયાદપક્ષ અને આરોપીના વકીલ ની દલીલો સાંભળ્યા બાદ તથા આરોપી તરફે રજૂ ઉચ્ચ ન્યાયાલયોના ચુકાદાઓ ધ્યાને લઈ રાજકોટ એડિશનલ સેશન્સ કોર્ટ દ્વારા બને આરોપીઓ સિકંદર ઉર્ફે સિકલો હુસેનભાઈ જુણેજા અને અસ્લમ પઠાણ ને નિર્દોષ ઠરાવી છોડી મૂકવામાં

આવેલ છે.

આ કેસમાં આરોપીઓ વતી ધારાશાસ્ત્રી રૂપરાજસિંહ પરમાર, કે.એમ.મેહતા, અજીતભાઇ પરમાર, હુસૈનભાઈ હેરંજા, શક્તિભાઈ ગઢવી, જયદેવસિંહ ઝાલા, પાર્થરાજસિંહ ઝાલા, રવિભાઈ લાલ, જીતભાઈ શાહ અને ફેઝાનભાઈ સમા રોકાયા હતા.

ચેક રિર્ટન કેસમાં આરોપીને ૧ વર્ષની સજા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૫

છગનભાઈ મોહનભાઈ ગમઢાએ તેમના મીત્ર અને ઓળખીતા અને મુંબઈ મુકામે રહેતા હિતેશ ગીરીશભાઈ બંગાળીને મિત્રતા અને ઓળખાણના નાતે ઉછીના પેટે રોકડા રૂા. ૪૦,૦૦,૦૦૦- અકે રૂપિયા ચાલીસ લાખ પુરા. મદદ માટે આપેલા હતા જે રકમ છગનભાઈ ગમઢાએ પરત માંગતા હિતેશ ગીરીશભાઈ બંગાળીએ ચેક આપેલ હતો જે ચેક ફરીયાદીએ તેમની બેંકમાં ડીપોઝીટ કરતા ચેક ફન્ડ્રસ ઈન્સફીસીયન્ટના શેરા સાથે પરત ફરતા ફરીયાદીએ તેમના વકીલ મારફત કોર્ટમાં ફરીયાદ દાખલ કરેલી હતી.

જે કેસ ચાલી જતા કોર્ટે મુંબઈના આરોપી હિતેશ ગીરીશ ભાઈ બંગાળીને તકસીરવાન ઠરાવી સજાનો હુકમ કરેલ છે. જેમાં આરોપી હિતેશ ગીરીશ ભાઈ બંગાળી ને ૧(એક) વર્ષની સાદી કેદની સજા અને ચેકની રકમ ૬૦ દિવસમાં ફરીયાદને ચુકવી આપવી અને જો ચેકની રકમ ન ચુકવે તો વધુ ૧ (એક) વર્ષની સજાનો હુકમ કરેલ છે. આ કેસમાં ફરીયાદી તરફે વકીલ અતુલ સી. ફળદુ, રોકાયેલા હતા.

અમારા પત્રકાર બાબતમાં કોઈ ફરિયાદ હોય તો અમને આ નંબર પર જણાવો
મો.9429787729
email:-saurashtrakranti@gmail.com

સરગમક્લબ અને કમાણીફાઉન્ડેશનના સયુંકત ઉપક્રમે દિવ્યાંગો માટે

ત્રિ-દિવસીય વિના મુલ્યે જયપુર ફૂટ કેમ્પ યોજાયો

ત્રણ દિવસ કેમ્પમાં ૭૪ દર્દીએ લાભ લીધેલ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૫

સાંસ્કૃતિક,સામાજિક અને તબીબી ક્ષેત્રમાં અગ્રેસર રહેનાર સરગમ ક્લબ શહેરમાં જયપુર ફૂટકેમ્પના રૂપમાં વધુ એક સેવાકેન્દ્ર ચલાવી રહેલ છે. સરગમ ક્લબ અને કમાણી ફાઉન્ડેશનના સયુંકત ઉપક્રમે તા.૧/૧૦ થી ૩/૧૦ સુધી આ જયપુર કેમ્પ યોજાયેલ. આ કેમ્પમાં કુલ ૭૪ દર્દીએ લાભ લીધેલ જેમાં કેલીપર્સનાં દર્દી-૩૪ અને લેગ (પગ) ના ૩૧, રીપેરીંગ ૯ દર્દીઓએ વિનામુલ્યે લાભ લીધેલ.

સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળાના જણાવ્યા અનુસાર, આ કેમ્પમાં જરૂરતમંદોને વિનામૂલ્યે કૃત્રિમ પગ બેસાડવામાં આવે છે. સાથોસાથ કેલીપર્સ અને ઘોડી વગેરે વિનામૂલ્યે આપવામાં આવેલ છે.

આ કેમ્પની સફળતા માટે સરગમ ક્લબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા તથા કમાણી ફાઉન્ડેશનનાં સહયોગથી અને તેના માર્ગદર્શન હેઠળ સરગમ સેવા કેન્દ્રના ચેરમેન અરવિંદભાઈ પટેલ અને આ કેમ્પમાં કમાણી ફાઉન્ડેશનના દીપકભાઈ કમાણી તેમજ રશ્મીભાઈ કમાણીનો સહયોગ મળેલ છે. આ કેમ્પને સફળ બનાવવા માટે કમાણી ફાઉન્ડેશનના કિશોરભાઈ પરમાર, જે. કે. સરાઠે, પ્રફૂલભાઈ મીરાણી, કનૈયાલાલ ગજેરા, અનવરભાઈ ઠેબા તેમજ સરગમ કલબના કમિટી મેમ્બર, તેમજ સરગમ લેડીઝ-કમિટી મેમ્બરો, કૈલાશબેન વાળા, ચેતનાબેન સવજાણી, જયશ્રીબેન વ્યાસ, ભાવનાબેન મહેતા, સુધાબેન દોશી, મધુરિકાબેન જાડેજા, આશાબેન ભૂછડા, હર્ષાબેન ક્થ્રેચા, હર્ષાબેન પીઠડિયા, મિતલબેન ચગ, દિવ્યાબેન ઉમરાણીયા વગેરેએ જહેમત ઉઠાવી હતી. આ કેમ્પ માં રાજસ્થાનનાં ડોકટરો જગનલાલ ચોધરી, હેમંત શર્મા, તુફાનસિંહ તોમર, રામપ્રસાદ મેઘવાલ વગેરે સેવા આપેલ, આવનારા તમામ દર્દી ઓને વિના મુલ્યે ચા પાણી આપવામાં આવેલ.

આગામી કેમ્પ તા.૧/૧૧/૨૩ નાં રોજ ૩ દિવસ માટે યોજાશે.

સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા દ્વારા 'સ્વચ્છતા હી સેવા-કચરા મુકત ભારત' અન્વયે શ્રમદાન કરાયુ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૫

ભારત સરકારના સ્વચ્છતા અભિયાન અન્વયે સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયા દ્વારા પહેલી ઓકટોબરના રોજ પોલીસ મુખ્યાલય પાસે, રેસકોર્ષ પાર્ક, રાજકોટ ખાતે સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત બેંકના અધિકારીઓ-કર્મચારીઓ દ્વારા એક કલાક શ્રમદાન કરાયુ હતું. આ ઉપરાંત ભારતીય સ્ટેટ બેન્કની ગોંડલ, મોટી મારડ, મોવિયા, વીરપુર અને રામોદ શાખાના કર્મચારી ગણ અને સ્થાનિક નાગરિકોએ પણ શ્રમદાનમાં યોગદાન આપ્યું હતું.

આ સેવા કાર્યમાં નામાંકિત હોદ્દેદારો, ભારતીય સ્ટેટ બેન્ક પ્રશાસનિક કાર્યાલય, રાજકોટના આશુતોષ શર્મા (ઉપ મહા પ્રબંધક), નીરજ જોષી (સહાયક મહા પ્રબંધક, ક્ષેત્રીય રાજકોટ-૧), અજય જોબનપુત્રા (સહાયક મહા પ્રબંધક), હર્ષ દલાલ(મુખ્ય પ્રબંધક), નરેન્દ્રસિંહ સોલંકી (મુખ્ય પ્રબંધક-અગ્રણી બેન્ક), પવન શર્મા (ડી.જી.એસ., અધિકારી સંગઠન), વસંત આચાર્ય, વિજયસિંહ આર્ય (ડિરેક્ટર-આરસેટી)ની સાથે બેન્કના કર્મચારી ગણ, આરસેટી સ્ટાફ અને ત્યાં તાલીમ લેતી વિદ્યાર્થીનીઓએ પણ શ્રમદાન કર્યુ હતું.

રાજકોટના આણંદપરમાં 'સબ કી યોજના, સબ કા વિકાસ' કાર્યક્રમ અંતર્ગત ગ્રામસભા યોજાઈ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૫

રાજકોટ જિલ્લા પંચાયત કચેરી દ્વારા જિલ્લાના વિવિધ ગામોમાં ગત તા.૨ના રોજ ગ્રામસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અન્વયે રાજકોટ તાલુકાના આણંદપર (નવા) ગામ ખાતે સરપંચ લાલજીભાઈ સોલંકીની અધ્યક્ષતામાં ગ્રામસભા યોજાઈ હતી.

પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ હેઠળ સબ કી યોજના, સબ કા વિકાસ કાર્યક્રમ અંતર્ગત યોજાયેલી બીજા તબક્કાની ગ્રામસભા બાબતે તલાટી કમ મંત્રી મહેશભાઈ મુંગરાએ જણાવ્યું હતું કે ગ્રામસભામાં પંચાયત વિકાસ સૂચક આંકનું વાંચન કરાયું હતું. પીપલ્સ પ્લાન કેમ્પેઈન ૨૦૨૩-૨૪નું આયોજન અને ૧૫મું નાણાપંચ સોશિયલ ઓડીટ કરાયું હતું. તેમજ સ્વચ્છતા હી સેવા ઝુંબેશનું આયોજન તથા જળ જીવન મિશન કાર્યક્રમની ચર્ચા કરાઈ હતી.

આ તકે ઉપસરપંચ હિતેન્દ્રભાઈ ડાભી તથા તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયતના સદસ્યો તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

આટકોટના લુહાર સમાજની વિદ્યાર્થીની ધારાબેન ચૌહાણ પીએચડી થયા

(ધર્મેશ કલ્યાણી દ્વારા)

જસદણ, તા.૫

જસદણ તાલુકાના આટકોટના રહેવાસી દક્ષાબેન અને ઘનશ્યામભાઈ વિઠ્ઠલભાઈ ચૌહાણના પુત્રી તથા મમતાબેન અને ઘનશ્યામભાઈ બાલુભાઈ મકવાણા (ધારી)ના પુત્રવધુ તેમજ શાંતિનિકેતન કોલેજના વાણિજ્ય વિભાગનાં આસિસ્ટન્ટ પ્રોફેસર ધારાબેન હિતેશભાઈ મકવાણાએ જે.કે.એમ. કોમર્સ અને બી.બી. એ. કોલેજ જૂનાગઢ, ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીમાં સ્ટ્રેસ મેનેજમેન્ટ અભ્યાસ અંગેનો મહાશોધ નિબંધ પરિપૂર્ણ કર્યો હતો. આથી એમના નિબંધને યુનિ. એ માન્યતા આપી પી એચ.ડી.ની પદવી એનાયત કરી હતી. જે.કે.એમ. કોમર્સ અને બી.બી. એ. કોલેજ, જૂનાગઢના આસિસ્ટન્ટ પ્રોફેસર ડો. ઉર્વશીબેન દેવમુરારીના માર્ગદર્શન હેઠળ તેમને મહાશોધ નિબંધ તૈયાર કર્યો હતો.

રામકૃષ્ણ મિશનના ઉપાધ્યક્ષ સ્વામી ગૌતમાનંદજી ગુજરાતની મુલાકાતે

કોમ્પ્યુટર બ્લોકનું ઉદ્ઘાટન, બે પુસ્તકોના લોકાર્પણ કર્યા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૫

તાજેતરમાં સમસ્ત રામકૃષ્ણ મઠ અને મિશનના ઉપાધ્યક્ષ તથા ચેન્નઈ મઠના અધ્યક્ષ સ્વામી ગૌતમાનંદજી રામકૃષ્ણ મિશનની ૧૨૫ મી જયંતી નિમિત્તે રાજકોટની વિશેષ મુલાકાતે પધાર્યા હતા. તેમણે ૨૮ સપ્ટેમ્બરના રોજ રાજકોટ આશ્રમ ખાતે બંધાયેલા નવા કમ્પ્યુટર બ્લોકનું ઉદ્ઘાટન કર્યું હતું. જ્યારે તા.૨૯ ના રોજ યોજાયેલી જાહેર સભામાં તેઓએ વક્તવ્ય આપ્યું હતું. સાથોસાથ રાજકોટ આશ્રમ દ્વારા પ્રકાશિત પુસ્તક માનવતાનું પ્રસસ્કુટિત પદ્મ તથા રામકૃષ્ણ મિશન ઈન ગુજરાત વિથ ફોકસ ઓન ગુજરાત તીર્થયાત્રાથ સ્મરણિકાનું તેમના વરદ્હસ્તે વિમોચન થયું હતું.

ઉપરાંત ૯૫ વર્ષની જૈફ વયે પણ તેમણે દ્વારકા, સોમનાથ, પોરબંદરમાં જે સ્થળે સ્વામી વિવેકાનંદ રહ્યા હતા એ સ્થળની વિશેષ મુલાકાત લીધી હતી.

૧૮૧ અભયમની ટીમે મહિકાના દંપતિનું દાંપત્યજીવન બચાવ્યું

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૫

૧૮૧ મહિલા હેલ્પલાઇનમાં રાજકોટ શહેરના મહિકા ગામ ખાતેથી એક પીડિત મહિલાનો હેલ્પલાઇનમાં ફોન આવ્યો, જેથી બહુ જ ઓછા સમયમાં ફોન પર જણાવેલ સ્થાન પર ૧૮૧ ટીમ કાઉન્સેલર શિવાની પરમાર, હોમગાર્ડ હેતલબેન તથા પાયલોટ કૌશિકભાઈ સાથે પહોંચી ગઇ અને પીડિતાને સાંત્વના આપી તેની સમસ્યા સાંભળી હતી.

પીડિત મહિલાએ તેમને પોતાની ભૂલ સ્વીકારી જણાવ્યું હતું કે, તેમના લગ્નને ૮ મહિના થયા હતા. તેમણે ઘર સામે રહેતા પરીણિત યુવક સાથે ફોન નંબરની આપ-લે કરી હતી આ બાબતની જાણ તેમના પતિને થતા તેઓ પીડિતાને ઘરમાં રાખવા માટે તૈયાર ન હતા તેમજ પીડિતાને પોતાના પતિ સાથે જ રહેવુ હોવાથી તેણીએ ૧૮૧ની મદદ લીધી હતી. ૧૮૧ની ટીમે પીડિતાના પતિ સાથે ચર્ચા કરી તેમનુ તથા તેમના પરિવારનુ કાઉન્સેલીંગ કરી નારી સંરક્ષણ ગૃહ તથા સખી વન સ્ટોપ સેન્ટરની માહિતી આપી હતી. કાઉન્સેલિંગથી પીડિતાના પતિ તથા તેના પરિવાર પિડિતાની ભૂલને માફ કરી તેને સ્વીકારી સુખદ સમાધાન કરવા તૈયાર થયા હતા. આમ ૧૮૧ અભયમની ટીમે એક દંપતિના દાંપત્યજીવનને તૂટતા બચાવ્યું હતું.

રઘુવંશી ખેલૈયાઓ માટે રમશે રઘુવંશી સ્પર્ધા આયોજન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

જામનગર, તા.૫

શ્રી રઘુવંશી સોશિયલ ગ્રુપ, જામનગર દ્વારા લોહાણા જ્ઞાતિના ૧૪ વર્ષ સુધીનાં બાળકો અને ૧૪ વર્ષથી વધુ ઉંમરના બહેનો માટે આદ્યશકિત માં નાં ઉપાસનાનું પર્વ નવરાત્રી શરૂ થવા જઇ રહ્યું છે ત્યારે આ પર્વના આગમનનાં અવસર રૂપે એક દિવસ માટે વિવિધ સ્પર્ધાઓનું આયોજન આગામી તારીખ ૮/૧૦ રવિવારે સાંજે ૬:૩૦ વાગ્યે દયાશંકર બ્રહ્મપુરીની વાડી, કાશી વિશ્વનાથ મહાદેવના મંદિરની સામે કરવામાં આવ્યુ છે. આ સ્પર્ધામાં ભાગ લેવા ઇચ્છતા સ્પર્ધકોએ પોતાની એન્ટ્રી, ઓળખપત્ર સાથે મેળવી લેવા સંસ્થાની એક અખબારી યાદી માં જણાવાયું છે.

સેવા સંસ્થા વિવેકાનંદ યુથ કલબ દ્વારા ગાંધી જયંતિ નિમિતે

શહેરના ત્રણ વરિષ્ઠ ગાંધીવાદી વડીલોનું અભિવાદન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૫: શહેરની જાણીતી સેવા સંસ્થા વિવેકાનંદ યુથ કલબ દ્વારા ગાંધી જયંતિના દિવસે આજીવન ખાદી અને ગાંધી વિચારને સમર્પિત રહેનારા સાચા અને સારા અર્થમાં મુકસેવકો એવા વરિષ્ઠ ગાંધીવાદીઓ હિંમતભાઈ ગોડા, ધીરૂભાઈ ધાળલીયા, વલ્લભભાઈ લાખાણીનું તેઓની સુદીર્ઘ યશસ્વી અને નિષ્ણાંક સેવાઓને ધ્યાનમાં લઈને ત્રણે મહાનુભાવોનું અભિવાદન કરવામાં આવ્યું હતું.

લાખો રૂપિયાની ઉચાપાતના ગુન્હામાં કર્મચારી જામીન મુકત

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૫: આરોપી જી.ટી.પી.એલ. કંપનીમાં રીન્યુ ટીમમાં સેલ્સ એકઝીકયુટીવ તરીકે નોકરી કરતા હતા જેનો લાભ લઈ કંપનીના કસ્ટમરનો પ્લાન પુર્ણ થતા પહેલા કસ્ટમરનો ટેલીફોન સંપર્ક કરી કંપની વતી વાત કરી પ્લાન સમજાવી કસ્ટમરને વિશ્વાસમાં લઈ પોતાના અથવા અન્યના બેંક એકાઉન્ટ નંબર આપી તેમાં પ્લાનના નાણા જમા લઈ જી.ટી.પી. એલ. કંપનીના નામે ખોટી રસીદ બનાવી કસ્ટમરને આપી તેનો સાચા તરીકે ઉપયોગ કરી અલગ-અલગ કસ્ટમરના કુલ મળી રૂા. ૧,૬૧,૫૬૪ અકે રૂપિયા એક લાખ એકસઠ હજાર પાંચસો ચોસઠ પુરા જી.ટી.પી.એલ. કંપની સાથે છેતરપીડી અને વિશ્વાઘાત તેમજ ઉચાપત કરી ગુન્હો કરેલ હોવાથી આરોપી વિરૂધ્ધ ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન ખાતે ગુનો નોંધાવલ હતો. જે ગુનાના કામે આરોપીની પોલીસ દ્વારા ધરપકડ કરતા તેને કોર્ટમાં રજુ કરતા કોર્ટ દ્વારા આરોપીને જયુડીશ્યલ કસ્ટડીમાં લઈ જેલ હવાલે કરવામાં આવેલ હતા.

ત્યારબાદ આરોપીએ પોતાના એડવોકેટ મારફત સેશન્સ કોર્ટમાં ઉપરોકત ગુન્હામાં રેગ્યુલર જામીન અરજી દાખલ કરી હતી. જેથી આરોપીના એડવોકેટની દલીલો ગ્રાહય રાખીને સેશન્સ કોર્ટએ આરોપીને રૂ.૧૫,૦૦૦ ના જામીન તથા તેટલી જ રકમના મુચરકો આપ્યેથી રેગ્યુલર જામીન પર મુકત કરવાનો હુકમ કરેલ હતો. આ કેસમાં આરોપી વતી એડવોકેટ ધનશ્યામ જી. વાંક અને રાજેશ ડી. ખાંભલીયા રોકાયેલ હતા.

સગીરાના અપહરણ, દુષ્કર્મના ગુન્હામાં આરોપી જમીન મુકત

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૫: ભોગ બનનારના પિતાએ પોતાની પુત્રી બ્યુટી પાર્લરમાં કોચીંગ કરતી હોય અને મોડી રાત્રી સુધી ભોગબનનાર ઘરે પરત ન આવતા બ્યુટી પાર્લર સંચાલીકાને ફોન કરતા ભોગ બનનાર તેની ફેન્ડ સાથે બજારમાં ખરીદી કરવા જઈએ છીએ અને અડધી કલાક પછી પરત આવશુ એવી વાત કરેલ પરંતુ મોડી રાત સુધી બન્ને પરત આવેલ નથી. જેથી ફરીયાદીએ ભોગ બનનાર પુત્રી ગુમ થયાની હકીકત જણાવેલ જેથી ઘરના બધા સભ્યોએ આજુબાજુમાં તેમજ સગા વ્હાલાઓમાં તપાસ કરેલી પરંતુ ભોગ બનનાર ક્યાંય મળી આવેલ ન હતી જેથી ફરીયાદીએ પોતાની રીતે તપાસ કરતા પોતાની ભોગ બનનારની પુત્રીને પાડોશમાં રહેતા વિશાલ લાલવાણી સાથે પ્રેમ સબંધ હોય અને અગાઉ પોતાના મોબાઈલ ફોનમાં આ વિશાલનો ફોન આવેલ હતો અને ભોગ બનનાર મોબાઈલ ફોનમાં તેની સાથે સતત ફોનમાં વાતચીતો કરતી જેથી ફરીયાદીએ આ પાડોશમાં તપાસ કરાવતા આ વિશાલ પણ ઘરે નહીં હોવાની હકીકત જાણવા મળેલ જેથી આ વિશાલ જ ભોગ બનનારનું લગ્ન કરવાની લાલચ આપી દુષ્કર્મ કરવાના અપહરણ કરી ગયેલાની હકીકત ધ્યાનમાં આવતા જેથી આ કામના ફરીયાદીએ બનાવ અંગેની ફરીયાદ આપેલ હતી. જેના અનુસંધાને પ્ર.નગર પો.સ્ટે. દ્વારા આરોપી વિશાલ લાલવાણીની ધરપકડ કરવામાં આવેલ જેમાં આરોપીએ ભોગ બનનારની સાથે શરીર સબંધ બાંધેલાની હકીકત ખુલવા પામતા તેમજ આ ગુન્હામાં અન્ય વ્યકિતઓએ પણ સક્રિય મદદગારીનો ભાગ ભજવેલ હોય જેથી પોલીસ દ્વારા સ્પે. પોકસો કોર્ટમાં આરોપી વિરૂધ્ધ ફરીયાદમાં કલમનો ઉમેરો કરતો હુકમ ફરમાવેલ હતો. કોર્ટ સમક્ષ રજુ કરતા આરોપીને જયુડીશ્યલ કસ્ટડીમાં મોકલવાનો હુકમ ફરમાવેલ હતો ત્યારબાદ આરોપી દ્વારા જામીન ઉપર છુટવા માટે સેશન્સ અદાલતમાં જામીન અરજી ગુજારેલ હતી જે જામીન અરજી ચાલવા ઉપર આવતા બન્ને પક્ષકારો વચ્ચે થયેલ દલીલો અને રજુઆત તેમજ મૌખીક તેમજ લેખીત પુરાવાને ધ્યાનમાં લઈ સ્પે. પોકસો કોર્ટના જજ પશાંત જૈન દ્વારા આરોપી વિશાલ ગોરધનભાઈ લાલવાણીને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવાનો હુકમ ફરમાવેલ છે. આ કેસમાં આરોપી વતી એડવોકેટ જીજ્ઞેશ એમ, સભાડ, રણજીત બી. મકવાણા રોકાયેલા હતા.

ગાંધીનગરની પાણીની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા માગણી

ગાંધીનગર, તા.૫: છેલ્લા કેટલાક દિવસોથી ગાંધીનગર શહેરને બિન- આરોગ્યપ્રદ અને અપૂરતું પાણી મળી રહ્યું છે. કોઈને કોઈ બહાને ગાંધીનગરને પૂરતા ફોર્સથી, પૂરતું પાણી મળી શકતું નથી. આવું વારંવાર થાય છે. આ સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા માટે શહેરની સ્વૈચ્છિક સામાજિક સંસ્થાઓએ મુખ્યમંત્રીને પત્ર દ્વારા વિનંતી કરી છે. ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદ અને શહેર વસાહત મહામંડળ દ્વારા સ્માર્ટ સીટી ગાંધીનગરને અનુરૂપ પીવાના પાણીની સમસ્યાનો ઝડપી અને યોગ્ય ઉકેલ કરવા માગણી કરવામાં આવી છે. શહેરની અન્ય સાત જેટલી સ્વૈચ્છિક સંસ્થાઓના સહયોગ સાથે કરાયેલી આ માગણીમાં જણાવવામાં આવ્યું છે કે ત્રણ અલગ અલગ તંત્રો દ્વારા કરવામાં આવતી પાણીની વ્યવસ્થાને કારણે પાણી ડહોળાઈ રહ્યું છે. લોકોની વેદનાને વ્યક્ત કરતા જણાવાયું છે કે ગાંધીનગરમાં થતી પીવાના પાણીની આ વારંવારની દૂર્વ્યવસ્થાને સુધારવા માટે તજજ્ઞોની સમિતિ નીમીને યોગ્ય ઉકેલ શોધવાની આવશ્યકતા છે. પાણી પૂરું પાડતા તંત્રમાં પણ યોગ્ય તજજ્ઞોની નિમણૂંક કરવાની જરૂરિયાત છે. ૨૪ કલાક પાણી પૂરું પાડવાની યોજનાના અમલ પહેલાં, દરરોજ માત્ર બે કલાક પૂરતા દબાણથી, સ્વચ્છ અને આરોગ્યપ્રદ પૂરતું પાણી મળતું થાય એ સ્માર્ટ સિટી ગાંધીનગરની પ્રાથમિક આવશ્યકતા છે. આ બાબત ઝડપી પગલાં લેવાય તેવી અપેક્ષા શહેરની સેવાભાવી સ્વૈચ્છિક સંસ્થાઓએ મુખ્યમંત્રી સમક્ષ વ્યક્ત કરી છે.

PACKAGINGHUB
प्रोडकट आपका,
सजावट हमारी ।
Hitesh Kakadia | 93777 75636
6-Mira Udhyog, Plot No.27,
Nr, Ajay Weight Brige Rajkot-360003
www.packaginghub.in e-mail : hitesh@packaginghub.in

કોકલીયર ઈમ્પ્લાન્ટ સર્જરી થકી ૧૭૭ બાળકોની શ્રવણ શક્તિ ખીલવતી પી.ડી.યુ.હોસ્પિટલ

જન્મથી જ સાંભળી ન શકતા બાળકોને રૂ. ૧૦ લાખના ખર્ચે નિઃશુલ્ક સર્જરી : બાળકના જન્મના થોડા દિવસોમાં તેની સાંભળવાની ક્ષમતા અંગે ચકાસણી જરૂરી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૫

જન્મથી જ જો બાળક સાંભળી ન શકે તો તે બોલવામાં પણ અશક્ત જ રહે છે. કુદરતી રીતે જ સાંભળી ન શકતા બાળકો માટે ટેક્નોલોજીના સહારે શ્રવણશકિત આપતી આધુનિક કોકલીયર ઇમ્પ્લાન્ટ સર્જરી રાજકોટની પી.ડી.યુ. હોસ્પિટલ (સિવિલ) ખાતે નિઃશુલ્ક કરી આપવામાં આવે છે. ઈ.એન.ટી. વિભાગમાં વર્ષ ૨૦૧૬ થી શરૂ કરવામાં આવેલી આ સર્જરી થકી હાલ સુધીમાં ૧૭૭ બાળકોને સાંભળતા બોલતા કરી આપવામાં આવ્યા હોવાની માહિતી સિવિલ અધિક્ષક ડો. આર.એસ. ત્રિવેદીએ આપી છે.

સિવિલ હોસ્પિટલ ખાતે વસીમભાઇના ચાર વર્ષીય ટવીન્સ પૈકી અલી હસનની જયારે અન્ય બાળક અલી હુસૈનની આવતીકાલે કોક્લીયર સર્જરી સાથે એક સમાહમાં ૫ બાળકોની સર્જરી કરવામાં આવી છે.

સામાન્ય પરિવારમાંથી આવતાં બાળકોના પિતા રીક્ષાચાલક હોઈ તેમના સંતાનોની સાંભળવાની ક્ષમતા પરત લાવવા ખાનગી હોસ્પિટલમાં સંપર્ક કરેલો. પરંતુ તેનો ખર્ચ ૨૫ લાખથી વધુ હોઈ તેઓને આ ખર્ચ પરવડે તેમ નહોતો. સિવિલ ખાતે આ પ્રકારની સર્જરી અંગે જાણવા મળતા તેઓએ અહીં સારવાર માટે સંપર્ક કરતા સર્જરી સાથે તેમના બાળકોની શ્રવણ શક્તિના

હાઈ રિસ્ક પ્રેગ્નન્સી, કમળો, વાયરલ ઈન્ફેકશન કે મગજનો તાવ બાળકોની બહેરાશ માટે જવાબદાર

જે બાળકો નાનપણથી સાંભળી શકતા નથી, તેમના માટે આ સર્જરી આશીર્વાદ સમાન છે. આ સારવાર હેઠળ બાળકના કાનની પાછળ એક સર્જરી કરવામાં આવે છે. જેમાં એક ચિપ બેસાડવામાં આવે છે. ત્યાર બાદ બહારના ભાગે એક મશીન મુકવામાં આવે છે. જે લોહચુંબક સમાન હોવાથી એ ચિપ સાથે જોડાયેલું રહે છે. તેમજ ઇલેક્ટ્રોડને આંતરિક કાનમાં દાખલ દ્વાર પણ ખુલ્યા હોવાનું પરિવારજનોએ ખુશી સાથે જણાવ્યું હતું.

એક સર્જરીમાં સામાન્ય રીતે ૩ કલાકની સર્જરીનો સમય લાગતો હોય છે, ત્યારે એક જ દિવસમાં ૩ બાળકની સર્જરીના કરનાર સિવિલના એસોસિએટ પ્રોફેસર ડો. સેજલ મિસ્ત્રી અને ડો. પરેશ ખાવડુ જણાવે છે કે, કરવામાં આવે છે.

આ સર્જરી કરતા પહેલા વિવિધ મેડિકલ રિપોર્ટ્સ જેવા કે, સીટી સ્કેન, એમ.આર.આઈ. ૨-ડી ઈકો તેમજ લોહીના રીપોર્ટસ કરવામાં આવે છે. આ તમામ રીપોર્ટ નોર્મલ હોય તો જ બાળકની સર્જરી કરવામાં આવે છે. સર્જરી બાદ અંદાજે દસ દિવસ સુધી બાળકને સારવાર હેઠળ રાખવામાં આવતા હોવાનું ડો. સેજલ જણાવે છે.

બાળક સાંભળવાની અશક્તિના મુખ્યત્વે બે કારણો હોઈ શકે, જે અંગે વિગતે વાત કરતા ડો. સેજલ જણાવે છે કે, જન્મથી જ સાંભળી ન શકતા બાળકના માતા-પિતા બહેરાશ ધરાવતા હોય તો તેમના સંતાનોમાં જિનેટિકલી આ ખામી આવી શકે. અથવા અમુક કિસ્સામાં હાઈ રિસ્ક પ્રેગ્નન્સી, પીળો કમળો, વાયરલ ઈન્ફેક્સન કે મગજમાં તાવ આવી જવાની સારવારની સાઈડ ઈફેક્ટને કારણે બહેરાશ આવી શકે છે,

બાળક સાંભળી શકે છે કે નહીં તે ચેક કરવું જરૂરી છે. સામાન્ય રીતે બાળક એકથી દોઢ મહિનાનું થાય એટલે તે અવાજ પ્રત્યે રીસ્પોન્સ આપે છે. બાળક સૂતું હોય અને કોઈ મોટો અવાજ થાય અને ઝબકી જાય તો તેની શ્રવણ શક્તિ કામ કરે છે. જો બાળક આવો કોઈ રીસ્પોન્સ ન આપે તો કાનના ડોક્ટર પાસે પરીક્ષણ કરાવવું જરૂરી છે.

બાળકની સર્જરી બાદ તેને બોલતા કરવામાં સૌથી મોટો રોલ સ્પીચ થેરાપીનો છે. રાજ્ય સરકાર દ્વારા તેના માટે પણ ખાસ વ્યવસ્થા કરવામાં આવે છે. સર્જરી બાદ બાળકને નક્કી કરાયેલા સેન્ટર પર નિઃશુલ્ક સ્પીચ થેરાપી આપવામાં આવે છે.

રાજ્ય સરકાર દ્વારા બહેરાશ ધરાવતા બાળકોની સાંભળવા, બોલવાની ક્ષમતા પુનઃપ્રસ્થાપિત કરી સામાન્ય બાળકોની જેમ તેઓ સામાન્ય જીવન જીવી શકે તે માટે યથાર્થ પ્રયાસ કરવામાં આવી રહ્યા છે.

પૂજા હોબી સેન્ટર અને પોદાર જમ્બો કિડસ દ્વારા

૩૨માં વર્ષે ટેલેન્ટ શોનું ભવ્ય આયોજન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૫

પૂજા હોબી સેન્ટર તથા પોદાર જમ્બો કિડસ દ્વારા સતત ૩૨માં વર્ષે ભવ્ય ટેલેન્ટ શો ૨૦૨૩નું આયોજન થવાનું છે. જેમાં બે વર્ષથી ૨૨ વર્ષે સુધીના ૩૫૦ થી વધારે બાળકો પોતાની પ્રતિભા રજૂ કરશે.

આ ટેલેન્ટ શોમાં બાળકો આરતી,ફેન્સી ડ્રેસ,જેમાં ગણેશ,શિવજી,લક્ષ્મીજી વગેરે મોડેલિંગમાં ૩૫ થી વધારે બાળકો કેટ વોક રજૂ કરશે. આ ઉપરાંત રાઉન્ડ એન્ડ રાઉન્ડ,ચંદા,ચમકે,રાષ્ટ્રીય એકતા,આજ હે સન્ડે,પંજાબી ધમાલ,બ્રાઝિલ, ઓ માય ફેન્ડ ગણેશા,ઝુબી ડૂબી, ઈસરો કી ચંદ્ર ગાથા, જીમનાસ્ટિકસ,કિખ્ના લીલા, સપને રે, પાવર ગરબા,ચક ધૂમ ધૂમ,બીટ બેકર્સ,સુપર ડાન્સ અને હેવન કમ અર્થ જેવી ૨૧ કૃતિઓ એક પછી એક એકથી ચડીયાત રજૂ કરશે. રાજકોટ ઉપરાંત જૂનાગઢ, મોરબી, ઉપલેટા, જામનગર, પોરબંદરના બાળકો આ સ્પર્ધામાં ભાગ લેવાના છે. તમામ એઈજ ગ્રુપમાં એક બે ત્રણ નંબર જજીસના નિર્ણય મુજબ આપવાનો રહેશે.

આ ટેલેન્ટ શો ૨૦૨૩માં નેશનલ તથા ઈન્ટરાનેશનલ સ્કેટિંગ ડાન્સિંગ,જીમનાસ્ટીક,યોગા,હુલ્લાહુપ, તથા ડ્રોઈંગના બાળકોનું સન્માન કરવામાં આવશે. આમંત્રિતો તથા વાલીની હાજરીમાં આ શોનું આયોજન તા.૭-૧૦ શનિવારના રોજ હેમુગઢવી હોલમાં યોજવાનું છે. સ્કેટીંગ-ડાન્સીંગ-યોગા-જીમ્નાસ્ટીકસ તથા હુલ્લાહુપની નેશનલ તથા ઈન્ટરનેશનલ લેવલની કૃતિઓ બાળકો રજૂ કરશે.

પૂજા હોબી સેન્ટર તથા પોદાર જમ્બો કીડસ અમીન માર્ગના તમામ

૩૫૦થી વધુ બાળકો ભાગ લેશે

કમીટી મેમ્બરો સિમરનદીદી, આસ્થાદીદી, મીનાદીદી, ભાવનાદીદી, વિધીદીદી, નમ્રતાદીદી, દિમીદીદી, કિંજલદીદી, દિયાદીદી, સોનલદીદી, અલ્પાદીદી, કિંજલદીદી, કિરણદીદી, આકાંક્ષાદીદી, અફસાનાદીદી, કિખ્ના સર, હર્ષિલ સર, ડો.પુજા રાઠોડ,નકુલ રાઠોડ,દીપુદીદી તથા સંચાલિકા પુષ્પાબેન રાઠોડ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

રાજકોટ જીલ્લા ભાજપ દ્વારા તમામ મંડલ મથકો પર 'દલિત વસ્તી સંપર્ક' કાર્યક્રમ અંતર્ગત વિભિન્ન સેવાકીય કાર્યક્રમોની ઉજવણી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૫

રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી.નડ્ડાના નીર્દેશોનુસાર તેમજ પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલ, પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકરજીના માર્ગદર્શન હેઠળ રાજકોટ જીલ્લા ભાજપ દ્વારા તા.૧૭ સપ્ટેમ્બર થી ૨ ઓકટોબર સેવા પખવાડીયા અંતર્ગત વિવિધ સેવાકીય કાર્યક્રમો ઉજવવામાં આવ્યા. જેમાં તા.૨૬ સપ્ટેમ્બરથી ૨જી ઓકટોબર દલિત વસ્તી સંપર્ક કાર્યક્રમ અંતર્ગત રાજકોટ જીલ્લાના તમામ મંડલ મથકોના વિસ્તારમાં દલિત વસ્તીમાં જઈ રાજ્ય અને કેન્દ્ર સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ અંગેની જાણકારી આપી તેમજ સરકારના મંડલ મથક વિસ્તારના વિકાસ અંગેના કાર્યોની લોકો પાસેથી સૂચનો લીધા તેમજ વિવિધ શ્રેણીના પ્રબુદ્ધ નાગરીકોનો સંપર્ક કર્યો તેમજ ડો.બાબા સાહેબ આંબેડકરજીની પંચ તીર્થ પ્રતિમાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત તમામ મંડલ મથકોના વિસ્તારમાં આવેલા ધાર્મિક સ્થાનની મુલાકાત લીધી. આ સાથે રાજકોટ જીલ્લા ભાજપના અનુસુચિતજાતી મોરચા દ્વારા રાજકોટ જીલ્લાના અનુસુચિતજાતી વિસ્તારોની યાદી બનાવી અને એ વિસ્તારમાં મોરચા દ્વારા સંકલન કરી કાર્યકર્તાઓના નામ, સંપર્ક નંબરોની વિગતો મેળવી અભિયાનને વધુ સફળ બનાવવામાં આવ્યું.

જેમાં જીલ્લા સંગઠન પ્રભારી ધવલભાઈ દવે, જીલ્લા અધ્યક્ષ અલ્પેશભાઈ ઢોલરીયા, મહામંત્રીઓ નરેન્દ્રસિંહ જાડેજા, હરેશભાઈ હેરભા, રવિભાઈ માંકડિયા સહીત રાજકોટ જીલ્લા ભાજપના હોદેદારો, સાંસદઓ, કેબીનેટ મંત્રીઓ, ધારાસભ્યઓ, જીલ્લા મોરચાના હોદેદારો, મંડલના પ્રમુખ-મહામંત્રીઓ, જીલ્લા પંચાયત, તાલુકા પંચાયત, અને નગરપાલિકાના ચુટાયેલા હોદેદાર સહીત બુથ સુધીના તમામ કાર્યકર્તાઓ આ અભિયાનમાં જોડાયા હતા. તેમ પ્રેસ-મીડિયા ઇન્ચાર્જ તથા સહ-ઇન્ચાર્જ અખબારી યાદીમાં જણાવે છે.

ગ્લોબલ કન્ફેડરેશન ઓફ કાઉ બેઝ્ડ ઈન્ડસ્ટ્રી (જી.સી.સી.આઇ.) દ્વારા

ગોકુલમ્-ગૌ આધારિત અર્થવ્યવસ્થા લાઈવ વેબિનાર સિરીઝમાં ૧૪ માં વેબીનારનું આયોજન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૫

ભારત સરકારના પૂર્વ કેન્દ્રીય મંત્રી, રાષ્ટ્રીય કામધેનુ આયોગના પૂર્વ ચેરમેન, પૂર્વ સાંસદ ડો વલ્લભભાઈ કથીરિયાના માર્ગદર્શનમાં વિશ્વમાં પ્રથમ વખત ગ્લોબલ કન્ફેડરેશન ઓફ કાઉ બેઝ્ડ ઈન્ડસ્ટ્રી (જી.સી.સી.આઇ.) ગૌ સંવર્ધન પર આધારિત એક કાર્યક્રમ અને ગૌ આધારિત જીવન અને અર્થવ્યવસ્થાને સમર્પિત વ્યક્તિત્વ સાથેના સંવાદોની શ્રેણી તરીકે લાઈવ વેબિનાર ગોકુલમ - ગૌ આધારિત અર્થવ્યવસ્થા સિરીઝનું આયોજન થયું છે. આ વેબિનાર સિરીઝ ગૌ સંવર્ધન, ગૌ રક્ષણ, ગૌ આધારિત અર્થવ્યવસ્થાના પુનઃનિર્માણ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આ મહત્ત્વપૂર્ણ વેબિનાર હેઠળ, ગૌ સંવર્ધન અને ગૌ આધારિત જીવન અને અર્થવ્યવસ્થા પર નિષ્ણાંત, રાષ્ટ્રીય, આંતર રાષ્ટ્રીય વક્તાઓ માર્ગદર્શન આપે છે.

ગોબરના નેનો પાર્ટિકલના વેલ્યુએશનમાં વધારો કરીને એકગ્રામના ૧૦ ડોલરથી ૪૦ ડોલર વેલ્યુ પહોંચાડી

ગોકુલમ - ૧૪ માં ડો સત્ય પ્રકાશ વર્મા કે જેઓ અમહિર પેઇન્ટ્સ ના ફાઇન્ડર છે, જે ગોબર ના નેનો પાર્ટિકલ નો ઉપયોગ કેવી રીતે કરી શકાય તેના પર માર્ગદર્શન આપશે.

આ વેબિનાર ૭ ઓકટોબર, શનિવારનાં રોજ સવારે ૧૧ કલાકે ગ્લોબલ કન્ફેડરેશન ઓફ કાઉ બેઝ્ડ ઈન્ડસ્ટ્રી (જી.સી.સી.આઇ.)નાં ફેસબુક પેઈજ ઓફીશીયલ જી.સી.સી.આઇ તેમજ યુ ટ્યુબ ચેનલ ગ્લોબલ કાઉ ફેડરેશન પર લાઈવ કરવામાં આવશે.

અમરેલીના મોટા ભમોદ્રા ખાતે ભુગર્ભ સંપના કામનું ખાતમુહુર્ત કરતા સાંસદ

રૂ. ૯.૩૯ લાખના ખર્ચે ૧ લાખ ૯૦ હજાર લીટરનો ભુગર્ભ સંપ મંજુર કરવામાં આવ્યો

અમરેલી, તા.૫: અમરેલી જીલ્લાના સાવરકુંડલા તાલુકાના મોટા ભમોદ્રા ગામ ખાતે સાંસદ નારણભાઈ કાછડીયા અને ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના વરદહસ્તે ભુગર્ભ સંપના કામનું ભૂમિપૂજન કરી, કચરા કલેકશન માટે ઈ-વ્હીકલ ગ્રામ પંચાયતને અર્પણ કરવામાં આવી. ગુજરાત સરકારના પાણી પુરવઠા બોર્ડ તરફથી ગ્રામજનો માટે પાણીનો સંગ્રહ થઈ શકે તે હેતુથી રૂા. ૯,૩૯,૦૦૦ ની ધનરાશી સાથે ૧,૯૦,૦૦૦ લીટરનો ભુગર્ભ સંપ તેમજ જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી તરફથી કચરા કલેકશન માટે રૂા. ૨,૯૯,૦૦૦ ની ધનરાશી સાથે ઈ-વ્હીકલ મંજુર કરવામાં આવેલ છે.

અવસાન નોંધ

રાજકોટ : રમેશભાઈ ભાનુશંકરભાઈ તેરૈયા (ઉ.વ.૬૨) (ચૂડા) તે રાજેન્દ્રભાઈના મોટાભાઈ, રોહિતભાઈ, જયદીપભાઈ, કોમલબેનના પિતા તથા અજયભાઈ, વિજયભાઈ અને સપનાબેનના મોટાબાપુનું તારીખ ૫ ઓક્ટોબરના રોજ અવસાન થયું છે. સદ્ગતનું બેસણું તારીખ ૯ ઓક્ટોબરના સાંજે ૪ થી ૬ વાગ્યે ગંગનાથ મહાદેવ મંદિર, યોગી પાર્ક, શેરી નંબર-૭, રાણી ટાવર પાછળ, કાલાવડ રોડ રાજકોટ ખાતે રાખવામાં આવ્યું છે.

સાંઈનાથ હોમિયોપેથીક હોસ્પિટલ, કૃષ્ણ ટાઉનશીપ સી.જે.ગ્રુપ દ્વારા

નિઃશુલ્ક સર્વરોગ નિદાન મેડિકલ કેમ્પનું આયોજન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૫

કૃષ્ણ ટાઉનશીપ,મવડી મુક્તિધામ સામે, કણકોટ રોડ, રાજકોટ. કેમ્પમાં રાજકોટ હોમીયોપેથીક મેડિકલ કોલેજ, પાટ્ણ યુનિવર્સિટી સંચાલિત સાંઈનાથ હોમીયોપેથીક હોસ્પિટલના તજજ્ઞ ડો.હિતાર્થ મહેતા, ડો. કિંજલ મહેતા, ડો. માધવી વાગડીયા, ડો. પાર્થ દવે,, ડો.નિરવ ગણાત્રા,ડો.મીરા વાઘેલા (જનરલ ચેકઅપ) તેમજ દાંતના ડો. નિતાબેન ટાંક, (ફીઝીયોથેરાપીસ્ટ) ડો.વૈશાલીબેન મકવાણા, (લેબોરેટરી ચેકઅપ) માં દયાબેન હિરપરા અને તેમની ટીમ હઠીલા રોગોનું નિદાન કરી ફી દવા ઓ આપેલ.તેમજ કેમ્પમાં સી.જે.ગ્રુપ રાજકોટ દ્વારા વિશેષ સન્માન ડો.કામના ગુપ્તા, સોસાયટી પ્રમુખ યુવરાજસિંહ રાજપૂત, ઉપપ્રમુખ દિલીપભાઈ બસીયાને કૃષ્ણ યુવા મંડળ ગ્રુપનું કરવામાં આવેલ હતું.

ઉપરોકત મેડિકલ કેમ્પમાં રાજકોટની જાહેર જનતાએ બહોળી સંખ્યામાં લાભ લીધેલ. સી.જે.ગ્રુપ રાજકોટની અન્ય સેવા જાણવા ચિરાગભાઈ ધામેચા(જલારામ) ૯૪૨૮૨૩૧૨૭૧ નો સંપર્ક કરવા અનુરોધ કરાયો છે.

ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી દ્વારા પાંચ વર્ષના ગૌરવ પુરસ્કારની જાહેરાત

લોકકલા ક્ષેત્રે ભીખુદાનભાઇ ગઢવી (ગાંધીનગર), દેવરાજ ગઢવી (કચ્છ),યશવંતભાઇ ગઢવી (જામનગર),અરવિંદ બારોટની પસંદગી

રાજકોટ તા.૫

ગુજરાત રાજય સંગીત નાટક અકાદમીના પાંચ વર્ષના ગૌરવ પુરસ્કારની જાહેરાત કરવામાં આવી છે. ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી દ્વારા સંગીત, નૃત્ય, નાટય તથા લોકકલા ક્ષેત્રે ઉચ્ચતમ યોગદાન આપનારા કલાકારોનું ગૌરવ પુરસ્કાર અર્પણ કરીને બીરદાવવામાં આવે છે. ગૌરવ પુરસ્કારની અર્પણ વિધિની જાહેરાત હવે પછી કરાશે.

અહીં વર્ષ મુજબ ગૌરવ પુરસ્કાર મેળવનારા કલાકારોની સૂચિ પ્રસ્તુત છે.વર્ષ ૨૦૧૭-૧૮માં સંગીત ક્ષેત્રે જયદેવ ભોજક, સુશ્રી પ્રતિમા ત્રિવેદી, સુશ્રી લલીત્યા મુન્શા, નૃત્ય ક્ષેત્રે સુશ્રી અમી ઉપાધ્યાય, ડો. સ્મૃતિ વાઘેલા, સુશ્રી બિજલ વિપુલ હરીયા, સુશ્રી જુગનું કિરન કાપડીયા, નાટય ક્ષેત્રે બાલકૃષ્ણ ગોપાલરાવ વડનેરે, સુમન રતિલાલ નાયક, પ્રવીણ રાવલ, હિતેનકુમાર તથા લોક કલા ક્ષેત્રે જગદીશ ત્રિવેદી, માયાભાઈ આહિર, કિર્તીદાન ગઢવી વગેરેની પસંદગી થઈ છે.

વર્ષ ૨૦૧૮-૧૯ માટે સંગીત ક્ષેત્રે હેમાંગિની દેસાઈ તથા આશીષ દેસાઈ, ડો. જયંત શાસ્ત્રી, સનત મંડમા, નૃત્ય ક્ષેત્રે ઐશ્વર્યા વારીયર, સોનલ મજબુદાર તથા ભાવિન પટેલ, નાટક ક્ષેત્રે વૈભવ દેસાઈ, અરવિંદ રાવલ, દિલીપ જોષી તથા ફિરોઝ ઈરાની વગેરે જયારે લોકકલા ક્ષેત્રે મોતીભાઈ નાયક, રાજભા ગઢવી, ગીતાબેન રબારી તથા જિગ્નેશ કવિરાજ વગેરેની પસંદગી થઈ છે.

વર્ષ ૨૦૧૯-૨૦ માટે સંગીત ક્ષેત્રે કિંજલ દવે, કમલેશ અવસ્થી, ભુપેન્દ્ર વસાવડા, ઉર્વશીબેન રાદડીયા, નૃત્ય ક્ષેત્રે મયંક દવે, પરવેઝ પઠાણ, મહેન્દ્ર આણદાણી, નાટક ક્ષેત્રે શંકરભાઈ પટેલ, નિર્લોક પરમાર, સિધ્ધાર્થ રાંદેરીયા, ધનંજય પટેલ, લોક કલા ક્ષેત્રે ભીખુદાન ગઢવી, દેવરાજ ગઢવી, યશવંત લાંબા, અરવિંદ બારોટની પસંદગી થઈ છે.

વર્ષ ૨૦૨૦-૨૧ માટે સંગીત ક્ષેત્રે દિવ્યા ચૌધરી, ભાવિન શાસ્ત્રી, અરવિંદ વેગડા, રાજેશ કેલકર, નૃત્ય ક્ષેત્રે શિવાજી ભોયે, શંકરભાઈ ધરજીયા, શબીરભાઈ સીદી નાટક ક્ષેત્રે મલ્હાર ઠાકર, અભિષેક શાહ, ગુણવંત જાની તથા લોક કલા ક્ષેત્રે વિજય સુવાળા, ગમન સાંથલ તથા રસિક બારોટની પસંદગી કરાઈ છે.

વર્ષ ૨૦૨૧-૨૨ માટે નાટય ક્ષેત્રે ડો. પ્રમોદ ચવ્હાણ, મહેશ વૈદ, સ્વ. અરવિંદ ત્રિવેદી, સુશ્રી સરિતા જોષી, સંગીત ક્ષેત્રે ફરીદા મીર, ડો. ચિંતન પટેલ, સ્વ. મહેશ-નરેશ કનોડીયા, તથા સ્વ. પરેશ ભટ્ટને ગૌરવ પુરસ્કાર એનાયત થશે. નૃત્ય ક્ષેત્રે જીગ્નેશ સુરાણી, અર્ચિતા મહેતા, જુથિકા મહેન, લોક કલા ક્ષેત્રે સુખદેવ ધામેલીયા, સ્વ. લક્ષ્મણ બારોટ તથા નુર મહંમદ સોઢાના નામોની ગૌરવ પુરસ્કાર માટેની જાહેરાત કરાઈ છે.

પેસેન્જર બેસાડવા મામલે રીક્ષાચાલકો વચ્ચે પોલીસ મથકની અંદર બઘડાટી

રાજકોટ તા.૫

શહેરમાં પેસેન્જર ભરવા મામલે અવાર નવાર રીક્ષા ચાલકો વચ્ચે જાહેરમાં ગાળાગાળી અને મારામારીના બનાવો સામે આવતા રહે છે. અને શાંત વાતાવરણ ડહોળવાનો પ્રયાસ કરતા હોય છે. ત્યારે આજે બપોરના સમયે શાસ્ત્રી મેદાન પાસે રીક્ષા ચાલકો વચ્ચે બઘડાટી બોલ્યા બાદ એ ડીવીઝન પોલીસ મથકે પણ સામ સામા તિક્ષ્ણ હથીયાર ખેંચાયા હતા. અઘટીત બનાવ બને તે પહેલા જ પોલીસ સ્ટાફે ભુરાયા થયેલ શખ્સોને પકડી કાયદાનું ભાન કરાવ્યું હતું.

પ્રાપ્ત વિગત મુજબ આજે બપોરના ૧૨ વાગ્યાની આસપાસ શાસ્ત્રી મેદાનના ખુણે એસબીઆઈ બેંકની સામે ઉભા રહેતા રીક્ષાચાલકો વચ્ચે પેસેન્જર બેસાડવા મામલે સામાન્ય ઝઘડાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરી લેતા છુટાહાથની મારામારી સુધી મામલો પહોંચી ગયો હતો અને જાહેરમાં મારામારી થતા થોડો સમય વાતાવરણ તંગ થઈ ગયું હતું.

ત્યાંથી પસાર થતા લોકોમાં પણ દહેશતનો માહોલ છવાયો હતો. બાદમાં રીક્ષાચાલકોના બે જુથ એક જ રીક્ષામાં બેસી એ ડીવીઝન પોલીસ મથકે પહોંચ્યા હતા. જયાં પોલીસ મથકની અંદર રીક્ષા ઘુસાડી સામ-સામા ચપ્પુ ખેંચતા દોડધામ મચી ગઈ હતી.

બનાવ અંગે એ ડીવીઝન પોલીસ મથકના સ્ટાફને જાણ થતા નિચે દોડી આવ્યો હતો અને વાતાવરણ ડહોળવાનો પ્રયાસ કરતાં શખ્સોને દબોચી તેઓની સરભરા કરી કાયદાનું ભાન કરાવી ગુનો નોંધવા તજવીજ હાથ ધરી હતી.

RTO ની ૧૭૦ વાહન માલિકને ૧૫ દિવસમાં ટેક્સ જમા કરાવી દેવા નોટિસ

૧૬ કરોડના ટેક્સની વસૂલાત માટે હવે મિલકત પર બોજો નાખશે

રાજકોટ,તા.૫

રાજકોટ પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરીને વર્ષોથી વાહનનો ટેક્સ જમા કરાવ્યો નથી તેવા વાહન માલિકો પાસેથી ટેક્સની રકમ વસૂલાત માટે કડક કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. ૧૬ કરોડ રૂપિયાની વસૂલાત માટે આરટીઓએ ૧૭૦ વાહન માલિકને નોટિસ આપી છે. જો ૧૫ દિવસમાં વાહન માલિકો ટેક્સની રકમ જમા નહીં કરાવે તો તેમની મિલકત પર બોજો નાખવામાં આવશે. બોજો નાખ્યા બાદ વાહન માલિકો તેમની મિલકત અન્ય કોઇને વેચાણ કે તેના પર લોન મેળવી શકશે નહીં.

રાજકોટ આરટીઓએ જે વાહનચાલકોએ વર્ષોથી સરકારના ટેક્સની ભરપાઈ કરેલ ન હોય તેવા વાહન માલિકોને તેઓની સંપત્તિ ઉપર બોજો નાખવા માટેની કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે. જે વાહન માલિકોએ રાજ્ય સરકારના ટેક્સની રકમ ભરપાઇ કરી નથી તેવા વાહન માલિકો સામે કાર્યવાહી શરૂ કરી છે. રાજકોટ આરટીઓ કે.એમ. ખાપેડે જણાવ્યું હતું કે, આજ દિન સુધી કુલ ૧૭૦ જેટલા વાહનના માલિકે ટેક્સની રકમ ભરપાઇ કરી નથી. તેથી આ તમામ વાહન માલિકોની મિલકત બોજા માટે નોંધ કરવાની પ્રાથમિક શરૂઆત કરી દેવામાં આવી છે. અંદાજે રૂ.૧૬,૦૮,૯૬,૫૭૧ જેટલી રકમ સરકારમાં ૧૫ દિવસમાં ભરપાઈ કરી દેવા નોટિસ આપવામાં આવી છે. જો ૧૫ દિવસમાં ટેક્સની રકમ ભરપાઇ નહીં કરે તો મિલકતો ઉપર બોજો નાખવામાં આવશે.

આરટીઓમાં મોટા ભાગે કોમર્સિયલ વાહનો ટ્રક, બસ, ડમ્પર સહિતના વાહનોનો ટેક્સ પ્રતિ વર્ષ જમા કરવાનો હોય છે, પરંતુ અમુક વાહન માલિકો નિયમિત વાહનનો ટેક્સ જમા કરાવતા નથી. ટેક્સની વસૂલાત માટે રાજકોટ આરટીઓએ કડક કાર્યવાહી શરૂ કરી છે અને પ્રથમ વખત વાહન માલિકો પાસે વાહનના ટેક્સની રકમ જમા નહીં કરાવનારની મિલકત પર બોજો નાખવાનું નક્કી કરાયું છે.

ભાઇએ ખોટા દસ્તાવેજથી ૫ હજાર શેર પત્નીના નામે કરી નાંખ્યાની ફરિયાદ

ભાઇ-ભત્રીજા સાથે છેતરપિંડી કરનાર ભાઇ સામે પોલીસ ફરિયાદ

રાજકોટ,તા.૫

જૂનાગઢ જિલ્લાના કોઠડી ગામે રહેતા કેશવભાઇ દેવશીભાઇ મુલિયાસિયા નામના પ્રૌઢે રાજકોટના અમીન માર્ગ, એસ્ટ્રોન સોસાયટી-૩માં રહેતા નાના ભાઇ સાજણભાઇ સામે છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે. પ્રૌઢની ફરિયાદ મુજબ, ૨૦૦૩માં પોતે અને નાનો ભાઇ સાજણભાઇએ દોઢસો ફૂટ રિંગ રોડ પર એવરેસ્ટ હાઉસ ખાતે એવરેસ્ટ સિક્યુરિટી પ્રા.લિ.ના નામની ડિજિટલ સિક્યુરિટી કંપની ચાલુ કરી હતી. જે કંપનીમાં બંને ભાઇઓ ૫૦-૫૦ ટકાના ભાગીદાર હતા. કંપનીના કુલ ૧૦ હજાર શેર પૈકી ૫ હજાર શેર પોતાની પાસે, જ્યારે નાના ભાઇના નામે ૪૯૯૯ શેર હતા.

તેમજ એક શેર સાજણ મુલિયાસિયાની સોલર એનર્જી પ્રાઇવેટના નામનો હતો. કંપનીનું સંચાલન નાનો ભાઇ સાજણ કરતો હતો. દરમિયાન સાજણે ૨૦૧૯માં ફોન કરી આપણે બંને ડાયરેક્ટર તરીકે એમસીએએ ડિસ્ક્વોલિફાયનો હુકમ કર્યો છે. જેથી મારી પત્ની વર્ષા અને તમારા પુત્ર અર્જુનને ડાયરેક્ટર તરીકે ઉમેરવાના છે. ૨૦૨૦માં પુત્રને ડાયરેક્ટર તરીકે જોડ્યા બાદ પોતાને રાજીનામું આપવાનું હોય તેવી નાના ભાઇ સાજણે કોઇ વાત કરી ન હતી. બાદમાં ત્રણ મહિના પૂર્વે પોતે પુત્ર સાથે રાજકોટ કંપનીએ આવતા નાના ભાઇએ તમે અહીં શું લેવા આવ્યા છો, આ કંપનીમાં તમારો કોઇ ભાગ નથી, આખી કંપની મારી માલિકીની છે તેમ કહેતા પોતે ચોંકી ગયા હતા.

જેથી સાજણને આવું કઇ રીતે બની શકે તેમ પૂછતા તમે બંનેએ કંપનીના ડિરેક્ટર તરીકે રાજીનામા આપ્યાની વાત કરી અમારા રાજીનામાના કાગળો બતાવ્યા હતા. બાદમાં મિનિસ્ટ્રી ઓફ કંપનીઝ (એમસીએ)ની વેબસાઇટ ચેક કરતા અમારા બંનેના રાજીનામાની ખોટી સહીઓ વાળા દસ્તાવેજો તેમાં અપલોડ કરી અમને કાઢી નાખવામાં આવ્યાનું જાણવા મળ્યું હતું. આમ નાના ભાઇએ ખોટા દસ્તાવેજના આધારે પોતાની તેમજ પુત્રની ખોટી સહીઓ કરી ડિરેક્ટર પદેથી કાઢી નાખી પોતાના નામના ૫ હજાર શેર તેની પત્ની વર્ષાના નામે કરી છેતરપિંડી કરી હોય તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

બેંક કર્મચારી મહિલાનો ફાંસો ખાઇ આપઘાત

રાજકોટ,તા.૫

શહેરના સાધુ વાસવાણી રોડ પરની ટોપલેન્ડ રેસિડેન્સીમાં રહેતા બેંક કર્મચારી મહિલાએ મંગળવારે રાત્રે પોતાના ઘરે ફાંસો ખાઇ જીવનનો અંત આણી લીધો હતો. આપઘાતનું કારણ જાણવા પોલીસે તપાસ શરૂ કરી હતી.

ટોપલેન્ડ રેસિડેન્સીમાં રહેતા પૂજાબેન સુમનકુમાર યાદવે (ઉ.વ.૨૯) મંગળવારે મધરાત્રે પોતાના ઘરે વોશિંગ એરિયામાં કપડાં સુકવવાના એંગલમાં દુપટ્ટો બાંધી ફાંસો ખાઇ લીધો હતો. ઘટનાની જાણ થતાં યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના જમાદાર ઇકબાલભાઇ સહિતની ટીમ દોડી ગઇ હતી અને મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે હોસ્પિટલમાં ખસેડ્યો હતો.

પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, ઉત્તરપ્રદેશના વતની પૂજાબેન અને તેના પતિ સુમનકુમાર બેંક કર્મચારી છે. પૂજાબેન બેંક ઓફ બરોડાની ભક્તિનગર બ્રાંચમાં ક્રેડિટ કાર્ડ વિભાગમાં ફરજ બજાવતા હતા જ્યારે તેમના પતિ સુમનકુમાર યાદવ આ જ બેંકની રણછોડનગર બ્રાંચમાં ફરજ બજાવે છે. તેમને સંતાનમાં ચાર માસની પુત્રી છે. રાત્રીના બાળકીનો રડવાનો અવાજ સંભળાતા પરિવારજનો નિદ્રામાંથી જાગી ગયા હતા અને તપાસ કરતાં પૂજાબેન તેમના રૂમમાં જોવા નહીં મળતાં તપાસ કરતાં વોશિંગ એરિયામાં તેમનો લટકતો દેહ જોવા મળ્યો હતો. આપઘાતનું કારણ જાણવા પોલીસે વિશેષ તપાસ શરૂ કરી હતી. ચાર માસની પુત્રીએ માતાની હૂંફ ગુમાવતા પરિવારમાં ગમગીની છવાઇ ગઇ હતી.

એ-ડિવીઝન પોલીસ સ્ટેશને થયેલી તંગદિલી વખતે DCPના ઓર્ડરને ધોળીને પી જનાર ત્રણ પોલીસમેન સસ્પેન્ડ

રાજકોટ,તા.૫

એ-ડિવીઝન પોલીસ સ્ટેશને થયેલી તંગદિલી વખતે ડીસીપીના ઓર્ડરને ધોળીને પી જનાર ત્રણ પોલીસમેન સસ્પેન્ડ કરાયા છે. ઈદના ઝુલુસ વખતે હાજર રહેવા ડીસીપીનો હુકમ હતો છતાં આ પોલીસમેન ગેરહાજર રહેતા સીપીએ સસ્પેન્ડ કર્યા હતા. ઉપરાંત ૧૫થી વધુ હોમગાર્ડ્ઝને નોટિસ અપાઈ છે.

ઈદે મિલાદના ઝૂલુસમાં રાત્રિના દસ વાગ્યા બાદ પણ ડીજે વગડતું હોય, પોલીસે બંધ કરાવતા લોકોના ટોળા એ ડિવિઝન પોલીસ મથકે ઉમટી પડ્યા હતા. ટોળાએ ફરી માઈક શરૂ કરાવવા આકરી રજૂઆત કરતા મામલો તંગ થઈ ગયો હતો. બનાવની ગંભીરતા ધ્યાને લઇ ડીસીપી સુધીર દેસાઈ સહિતના દોડી ગયા હતા. ક્રાઈમ બ્રાંચ , એસઓજીનો તમામ સ્ટાફ દોડી ગયો હતો.પોલીસ ધાડા ઉત્તરી પડતા અને આગેવાનોની મધ્યસ્થી થતા મામલો થાળે પડેલો. જોકે આ વખતે ડીસીપીના ઓર્ડર બાદ પણ કેટલાક પોલીસ હાજર ન થતા તેની સામે આકરા પગલાં લેવાય છે. એ ડીવીઝન પોલીસ મથકના ત્રણ પોલીસમેનને ઉમેશભાઈ ગઢવી, જમાદાર રામભાઈ અને જમાદાર અરુણભાઈને સસ્પેન્ડ કરવાનો ઓર્ડર પોલીસ કમિશનર રાજુ ભાર્ગવે કર્યો છે. આ રાત્રિના ફરજ બજાવતા ૧૫થી વધુ હોમગાર્ડસ સામે પણ પગલા લેવા નોટિસ ઈસ્યૂ કરાઈ છે.

પિયરથી રૂ.૧ લાખ લઇ આવવાના ત્રાસથી પરિણીતાએ ફિનાઇલ પીધું

રાજકોટ,તા.૫

શહેરના નવા થોરાળા, રામનગર-૬માં રહેતી મિતલ અશ્વિન બગડા નામની પરિણીતાએ મંગળવારે તેના ઘરે ફિનાઇલ પી લેતા સારવાર માટે હોસ્પિટલ ખસેડાઇ હતી. બનાવની જાણ થતા થોરાળા પોલીસ હોસ્પિટલ દોડી ગઇ હતી. સારવાર લઇ રહેલી પરિણીતાની પૂછપરછ કરતા તેનું પિયર ગોંડલના ધુળશિયા ગામે છે. અશ્વિન સાથે તેના લગ્ન ત્રણ વર્ષ પહેલાં થયા છે. સાસરે ત્રણ માળનું મકાન હોય તે પતિ સાથે ત્રીજા માળે આવેલી રૂમમાં રહેતા હતા. જ્યારે બીજા માળે જેઠ-જેઠાણી અને નીચે સાસુ-સસરા, નણંદ રહેતા હતા.

લગ્નના દોઢ મહિના બાદ જ નણંદ-સાસુએ ઘરકામ તેમજ સામાન્ય બાબતોએ બોલાચાલી કરતા રહેતા હતા. તેમજ તું કરિયાવરમાં કંઇ લાવી નથી તેમ કહી અવારનવાર મેણાં મારી માનસિક ત્રાસ આપતા હતા. અને પિયરમાંથી દહેજ રૂપે રૂ.૧ લાખ લઇ આવવા ગાળો ભાંડતા હતા. વારંવારના ઝઘડાથી કંટાળી પોતે પિયર આવી ગઇ હતી. બાદમાં વડીલોની હાજરીમાં સમાધાન થઇ જતા પોતે સાસરે જતી રહી હતી. સમાધાન કરીને સાસરે ગયા બાદ પણ પતિ સહિતના સાસરિયાઓએ શારીરિક માનસિક ત્રાસ આપવાનું ચાલુ રાખ્યું હતું. દરમિયાન મંગળવારે ફીનાઈલ પી લીધું હતું.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, કોલેજોની પરીક્ષામાં સીસીટીવી ચાલુ રાખવાની જવાબદારી આચાર્યની

સીસીટીવીનું એક મહિનાનું રેકોર્ડિંગ રાખવું ફરજિયાત : કેમેરા ભાડે લેવાની મનાઈ

રાજકોટ,તા.૫

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ વારંવાર કોલેજો અને ભવનોને પરીક્ષા દરમિયાન સીસીટીવી ચાલુ રાખવા પરિપત્રો કર્યા હોવા છતાં કેટલાક કોલેજ સંચાલકો અને ભવનના અધ્યક્ષો અવગણના કરી રહ્યા છે. ત્યારે યુનિવર્સિટીએ તાજેતરમાં જ ફરી પરિપત્ર કરીને દરેક કોલેજના ટ્રસ્ટી અને આચાર્ય તેમજ ભવનના અધ્યક્ષને પરિપત્ર કરી પરીક્ષા પહેલા સીસીટીવી લગાવી લેવા જણાવ્યું છે. પરીક્ષા નિયામક દ્વારા કરાયેલા પરિપત્રમાં જણાવાયું છે કે, પરીક્ષાના સમય દરમિયાન ચાલુ રહે તે અંગેની કાળજી લેવાની જવાબદારી કોલેજ આચાર્યની રહેશે. કોલેજે પરીક્ષા માટે સીસીટીવી કેમેરા ભાડે લાવી કામગીરી ચલાવી લેવાની નથી, પરંતુ વાસ્તવિકતા એવી છે કે કેટલાક કોલેજ સંચાલકો પરીક્ષામાં સીસીટીવી બંધ કરી દે છે. યુનિવર્સિટી દ્વારા વારંવાર પરિપત્ર કરાય છે પણ પગલાં નથી લેવાતા.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના તમામ ભવનોના અધ્યક્ષો તથા સંલગ્ન તમામ કોલેજો/સંસ્થાના આચાર્યો-ટ્રસ્ટીઓને જણાવાયું છે કે, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા લેવામાં આવતી દરેક પરીક્ષાઓમાં તમામ પરીક્ષા કેન્દ્રો પર CCTV કેમેરા રાખવા ફરજિયાત છે. સીસીટીવી કેમેરાનું સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે લાઈવ મોનિટરિંગ સુપેરે થઇ શકે તે માટે કોલેજમાં વર્ગખંડોમાં પરીક્ષા લેવાતી હોય તેમના સીસીટીવી કેમેરાને જે ડીવીઆર સાથે જોડેલા છે તે ડીવીઆરને ઈન્ટરનેટ કનેક્ટિવિટી આપી પરીક્ષાના સમય દરમિયાન ચાલુ રહે તે અંગેની કાળજી લેવાની જવાબદારી કોલેજ આચાર્યની રહે છે.

કોલેજે આગામી પરીક્ષા માટે સીસીટીવી કેમેરા ભાડે લાવી કામગીરી ચલાવી લેવાની નથી. હજુ પણ જે પરીક્ષા કેન્દ્રોમાં સીસીટીવી કેમેરા સિસ્ટમ વિકસાવી ન હોય તેમણે પણ કાયમી ધોરણે પરીક્ષાઓ દરમિયાન સીસીટીવીનું યુનિવર્સિટી દ્વારા મોનિટરિંગ થઈ શકે તે માટે જરૂરી વ્યવસ્થા કરી આઈડી પાસવર્ડ યુનિવર્સિટીને મોકલવાના રહેશે તેવું પરીક્ષા નિયામકે જણાવ્યું છે.

પરિપત્રમાં જણાવ્યું છે કે, કોલેજો કે ભવનોમાં કોઈપણ તકનીકી કારણોસર જો સીસીટીવી કેમેરા ચાલુ ન હોય અથવા પાવર સપ્લાય ન હોય અને તેવા સંજોગોમાં પીજીવીસીએલની સાથે પત્ર વ્યવહાર કરેલ હોય તો તેની નકલ કારણ દર્શાવતા પત્ર સાથે બિડાણ કરી યુનિવર્સિટીને મેલ કરવાની રહેશે. કોઈપણ પ્રકારની કાનૂની પ્રક્રિયા દરમિયાન આપના સ્તરેથી જ્યારે પણ તમામ સીસીટીવી કેમેરાનું વીડિયો રેકોર્ડિંગ માગવામાં આવે ત્યારે છેલ્લા એક માસ સુધીનું વીડિયો રેકોર્ડિંગ રજૂ કરવાનું રહેશે.

રાજમાર્ગો સહિતના રસ્તે ડામર અને પેચવર્ક શરૂ કરતું કોર્પોરેશન

ચોમાસામાં મેટલીંગ અને પેવીંગ બ્લોકથી કરાયેલા સાંધા હવે પાકા બનાવાશે

રાજકોટ,તા.૫

શહેરના ત્રણે ઝોનમાં લોકોને ખાડાના ત્રાસમાંથી મુક્તિ આપવા મનપા દ્વારા પેચવર્ક અને ડામર કામ શરૂ કરી દેવામાં આવ્યા છે. મેયર નયનાબેન પેઢડીયા, ડે.મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટે. ચેરમેન જયમીનભાઈ ઠાકર, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, દંડક મનિષભાઈ રાડીયા, બાંધકામ સમિતિ ચેરમેન ભાવેશભાઈ દેથરીયાએ આજે જણાવ્યું હતું કે હાલ, ચોમાસાની ઋતુ હવે લગભગ પૂર્ણ થવામાં છે. ચોમાસાની ઋતુ દરમ્યાન જાહેર રસ્તાઓ પર નાના મોટા ખાડાઓ પડેલ છે જેને ચોમાસાની ઋતુ દરમ્યાન મેટલ તથા પેવીંગ બ્લોકથી દુર કરવામાં આવેલ હતા. ચોમાસાની ઋતુ પૂર્ણ થવામાં છે જેથી શહેરના તમામ વોર્ડના જાહેર માર્ગો પર ચોમાસા દરમ્યાન પડેલ ખાડાઓ પર તાત્કાલિક ધોરણે ડામર પેચવર્ક તથા ડામર કામની કામગીરી શરૂ કરાવવામાં આવેલ છે. જાહેર માર્ગો પર ડામર પેચવર્ક અને ડામર કામ થવાથી શહેરીજનોને હાલાકીમાંથી મુક્તિ મળશે.

ક્રાઈમ કોર્નર

એરફોર્સ કર્મચારીના મોબાઈલની ટ્રેનમાંથી ચોરી

રાજસ્થાનના લોસલ ગામે રહેતો અને એરફોર્સમાં નોકરી કરતો તારાચંદ્ર મદનલાલ સૈન ઉ.૪૫ ગત ૧ તારીખે જામનગરથી સુરત જવા ટ્રેનમાં બેઠો હતો ટ્રેનમાં મોબાઈલ ચાર્જીગમાં મૂકી પોતે સુઈ ગયા હતા અને વાંકાનેર રેલ્વે સ્ટેશને ઊંઘ ઉડી હોય જોતા ૧૧,૯૯૦નો મોબાઈલ ગાયબ હોય જેથી ચોરી અંગે રેલ્વે પોલીસમાં ઓનલાઈન ફરિયાદ નોંધાવી હતી.

આર્થિક ભીસથી કંટાળી ઝેરી ટીકડા ખાઈ લેનાર પ્રૌઢનું મોત

શહેરના કુવાડવા રોડ ઉપર શ્રદ્ધા પાર્કમાં રહેતા અને પાનની કેબીન રાખી વેપાર કરતા અશોકભાઈ શૈલેશભાઈ ગઢીયા ઉ.૫૦એ ગત ૧ તારીખે આજી જીઆઈડીસીમાં શ્રીહરી ઇન્ડસ્ટ્રીઝ એરિયામાં પોતાની કેબીન પાસે ઝેરી ટીકડા ખાઈ લેતા હોસ્પીટલે ખસેડાયા હતા અહીં તેમનું મોત નીપજતા થોરાળા પોલીસે તપાસ કરતા સંતાનમાં બે પૂત્રી હોવાનું અને આર્થિક ભીસથી કંટાળી આ પગલું ભર્યુ હોવાનું મળ્યું છે. જાણવા મળ્યું છે.

ટ્રાન્સપોર્ટરની યુવકને મારી નાખવાની ધમકી

શહેરના વિરાણી અઘાટ ઘનશ્યામનગરમાં રહેતા અને કેટરર્સમાં કામ કરતા મદનસિંહ નાથુસિહ સીસોદીયા ઉ.૩૫એ લાલોકે લાલ રોડવેઝના મનીષભાઈ સામે ભક્તિનગર પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે સવારે હું ઘરે હતો ત્યારે મને ફોન કરી તારા આકાશ કેટરર્સમાં કામ કરે છે તે મુકેશે મારા કારીગર ગોપાલ સાથે ઝઘડો કર્યો હતો તું તેને સમજાવી દેજે કહી ગાળો ભાંડી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાનું જણાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

ફેસબૂકમાં મહિલાઓને ગાળો આપનાર સામે ગુનો

શહેરમાં કાલાવાડ રોડ નજીક વિસ્તારમાં જ્ઞાતિના સંગઠનની મહિલાઓને ફેસબૂકમાં બિભત્સ ગાળો આપનાર અજાણ્યા આઈડી ધારક સામે ફરિયાદ કરતા સાયબર ક્રાઈમ પોલીસે અજાણ્યા શખસો સામે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરવાની કાર્યવાહી કરી હતી.

બે દીકરીના પિતાનો અગમ્ય કારણોસર આપઘાત

શહેરના ભાવનગર રોડ ઉપર મયુરનગર મેઈન રોડ પર રહેતા અજયભાઈ ધનસુખભાઈ ધાપા ઉ.૨૮ નામના યુવાને બપોરે પોતાના ઘરે ફાસો ખાઈ આપઘાત કરી લેતા બેભાન હાલતમાં સિવિલ હોસ્પીટલે ખસેડતા ફરજ પરના તબીબોએ મૃત જાહેર કર્યા હતા બનાવને પગલે થોરાળા પોલીસ મથકના પીએસઆઈ એચ એન ગઢવી સહિતે તપાસ કરતા અજય મેટોડા કારખાનામાં કામ કરતો હોવાનું જાણવા મળ્યું હતું યુવાનના મોતથી બે દીકરીઓએ પિતાનું છત્ર ગુમાવ્યું છે કારણ જાણવા તપાસ હાથ ધરી છે.

ખરજવાની બીમારીથી કંટાળી વૃધ્ધ ફાંસો ખાઈ જીવન ટુકાવ્યું

શહેરના ગોકુલધામ હાઉસિંગ ક્વાટરમાં રહેતા લલીતભાઈ કાનજીભાઈ ગુજરાતી ઉ.૬૭એ બપોરે ફાસો ખાઈ આપઘાત કરી લેતા માલવિયાનગર પોલીસ મથકના પી એચ ચૂડાસમા સહિતનો સ્ટાફ દોડી ગયો હતો પ્રાથમિક તપાસમાં તે પત્ની અને દીકરી સાથે રહેતા હોવાનું અને ખરજવાની વર્ષો જૂની બીમારીથી કંટાળી આ પગલું ભર્યુ હોવાનું જાણવા

સરધારમાં ત્રણ બહેનોના એકના એક ભાઈનો ફાંસો ખાઈ આપઘાત

સરધારમાં રહેતા અને પેટ્રોલ પંપમાં નોકરી કરતા સાગર મુકેશભાઈ પરમાર ઉ.૨૭ નામના યુવકે પંખાના હુકમાં ચુંદડી બાંધી ફાસો ખાઈ લેતા બેભાન હાલતમાં સિવિલ હોસ્પીટલે ખસેડાયો હતો પરંતુ અહીં મોત નીપજતા આજી ડેમ પોલીસે તપાસ કરતા મૃતક ત્રણ બહેનોનો એકનો એક ભાઈ હોવાનું અને સંતાનમાં એક પુત્રી હોવાનું જાણવા મળ્યું છે પત્ની પૂત્રીને લઈને ગામમાં ગયા બાદ પરત આવી ત્યારે પતિનો લટકતો મૃતદેહ જોવા મળ્યો હતો આધારસ્તંભ પૂત્રના મોતથી પરિવારમાં શોક વ્યાપી ગયો છે પોલીસે કારણ જાણવા તપાસ હાથ ધરી છે.

કોઠારિયા વિસ્તારમાંથી તરૂણ લાપત્તા, અપહરણની ફરિયાદ

શહેરના કોઠારિયા વિસ્તારમાં રહેતા વેપારીનો ૧૭ વર્ષ ૩ માસ ઉમરવાળો તરૂણ પૂત્ર ગત સાંજે સાતેક વાગ્યા આસપાસ લાપતા થઇ જતા પરિવારજનોએ શોધખોળ હાથ ધરી હતી પરંતુ ક્યાય પતો નહિ લાગતા તેને કોઈ અજાણ્યો શખસ લલચાવી ફોસલાવી ઉઠાવી ગયો હોવાની શંકાએઆજી ડેમ પોલીસ સ્ટેશનમાં અપહરણની ફરિયાદ નોંધાવી હતી.

રતનપરની તરૂણીએ બીમારીના વધુ પડતા ટીકડાં ખાઇ લીધા

પિતાના અવસાન બાદ દેણું વધી જતાં રતનપરની ધોરણ ૭ની છાત્રાએ બીમારીના વધુ પડતા ટીકડાં ખાઇને આપઘાતનો પ્રયાસ કરતાં તેને રાજકોટ હોસ્પિટલમાં ખસેડાઇ હતી.શહેરની ભાગોળે મોરબી રોડ પરના રતનપરમાં રામધામ સોસાયટીમાં રહેતી બંસી આસિતભાઇ કોટેચા (ઉ.વ.૧૩)એ પોતાના ઘરે કોઇ બીમારીની વધુ પડતી ટીકડી ખાઇ લેતા તેને તાકીદે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. ઘટનાની જાણ થતાં કુવાડવા પોલીસ દોડી ગઇ હતી. પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, બંસી એક ભાઇ અને એક બહેનમાં મોટી છે અને ધોરણ ૭માં અભ્યાસ કરે છે. બંસીના પિતા આસિતભાઇ કોટેચાનું ત્રણેક વર્ષ પૂર્વે ટ્રેનની ઠોકરે મૃત્યુ થયું હતું. પિતાના અવસાન બાદ બંસીની માતા નિશાબેન ઈમિટેશનનું કામ કરી પરિવારનું ગુજરાન ચલાવ છે, પરંતુ પરિવાર પર દેણું થઇ જતાં બંસી ચિંતિત હતી અને તે ચિંતામાં તેણે આપઘાતની કોશિશ કરી હતી.

ઇલેક્ટ્રિસિટી બિલના નામે અજાણ્યા શખ્સોએ ૫.૭૮ લાખની છેતરપિંડી કરી

રાજકોટ શહેરમાં રહેતા ૪૩ વર્ષિય નરેશભાઇ ધિરૂભાઇ વામજા એ સાયબર ક્રાઇમમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું કે, તેઓ કાસ્ટીંગ મેન્યુફેક્ચરીંગનો વેપાર કરે છે. ગઇ તારીખ ૩૧મી ઓગસ્ટ ૨૦૨૩ના તેમના મોબાઇલ નંબરમાં કોઇ અજાણ્યા નંબરમાંથી ઇલેક્ટ્રિસિટી બિલ ભરેલું નથી તેવો મેસેજ આવ્યો હતો. મેસેજની નીચે આપેલા નંબરમાં કોલ કરતા સામાવાળાએ ભક્તિનગર PGVCL ઓફીસમાંથી બોલે છે અને તમારું બિલ ભરાયેલું નથી અને પ્લે સ્ટોરમાંથી ક્વીક સપોર્ટ તેમજ એડ્રોપ નામની એપ્લીકેશન ડાઉનલોડ કરાવેલી હતી. આરોપીએ તેઓના ફોનનું એક્સેસ મેળવી લીધેલ તે દરમિયાન તેમની સાથે વાત ચાલુ રાખી હતી. PGVCL સાઇટ ઓપન કરાવી તેમાં પ્રથમ ૧૦ રૂપિયાનું ટ્રાન્જેક્શન કરાવ્યું જેથી મારા ફોનમાં આવતા ઘડ્ઝ સામેવાળાને જતો રહેલ હતો. બાદમાં બેંક સ્ટેટમેન્ટ ચેક કરતા તેમાં પ્રથમ રૂ.૭૮,૨૮૨ તેમજ બીજા રૂ.૫ લાખનું ટ્રાન્જેક્શન થયેલું હતું. બાદમાં જાણવા મળ્યું કે, આરોપીએ ઇલેક્ટ્રિસિટી બિલ ભરવાના બહાને તેની સાથે રૂ.૫.૭૮ લાખની છેતરપિંડી કરેલી હતી. બનાવ અંગે સાયબર ક્રાઇમે અજાણ્યા શખ્સો વિરુદ્ધ ગુનો નોંધીને આગળની તપાસ હાથ ધરી હતી.

શ્રદ્ધાંજલિ
અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક
-:શ્રધ્ધાંજલિની જાહેર ખબરઃ-
ફિક્સ સાઇઝ
(અંદરના પાને)
6 x 2.5: 200 Rs.
+5%GST
ફિક્સ સાઇઝથી વધુ સાઇઝની જાહેરાત આપવા ૬૦રૂ.(Per C.C) ચાર્જ થશે
122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ
Mo: 9033344426

લાખના બંગલા પાસે ગૌતમનગરમાં મનપાની ઢોર પકડ પાર્ટી પર હુમલો

ચાર મહિલા સહિત આઠ શખ્સો સામે રાયોટ અને ફરજ રૂકાવટનો ગુન્હો દાખલઃ ધરપકડ કરવા તજવીજ હાથ ધરાઈ

તસવીરઃદિલીપ ગોહેલ

રાજકોટ.તા.૫

શહેરના રસ્તાઓ પર રખડતા ઢોરના કારણે અકસ્માતના બનાવોનું પ્રમાણ વધ્યુ હોય જેથી શહેરમાં અલગ અલગ સ્થળોએ રાજમાર્ગો પર રખડતા ઢોરોને પકડવાની કામગીરી કરતા મહાનગરપાલિકાની ઢોર પકડ પાર્ટી આજે સવારે લાખના બંગલા પાસે ગૌતમનગરમાં રખડતા ઢોર પકડવા ગયા હતા ત્યારે ચાર મહિલા સહીત આઠ શખ્સોએ ફરજમાં રુકાવટ કરી મહાનગરપાલિકાના સ્ટાફ સાથે મારામારી કરતા ગાંધીગ્રામ પોલીસમાં ફરીયાદ નોંધાઈ છે. આ અંગેની માહિતી મુજબ મહાનગરપાલિકા લાઈવ સ્ટોક ઈન્સ્પેકટર અને ઘંટેશ્વર રત્નમ સીટીમાં રહેતા પ્રફુલસિંહ નારણભાઈ ઝાલાએ ગાંધીગ્રામ પોલીસમાં ચાર મહિલા, બે અજાણ્યા પુરુષ અને ગૌતમનગર લાખના બંગલા વાળા રોડ પર રહેતો મેહુલ વશરામ મીર નામના આઠ શખ્સો વિરૂધ્ધ રાયોટ, ફરજ રુકાવટ અને મારામારી કરી હોવાની ફરીયાદ નોંધાવી છે. ફરીયાદમાં જણાવ્યા પ્રમાણે આજે સવારે પોતે તેઓની ઢોર પડક પાર્ટી ટીમના રવીકુમાર, બીપીનભાઈ, એસઆરપી મેન હીતેષભાઈ, તથા એક આર્મીમેન બોઘુભા, હીતેષભાઈ, પંકજભાઈ, રતીભાઈ, મહિલા સીક્યુરીટી હીનાબેન, ઈલાબેન, સંજયભાઈ, ચીરાગભાઈ, સહીતનો સ્ટાફ આજે સવારે લાખના બંગલા પાસે આવેલ મારુતી હોલ નજીક ગૌતમનગર શેરી નં.૪ના ખુણે રખડતી ચાર ગાયોને પકડવા ગયા હતા ત્યારે ત્યાં રહેતો મેહુલ વશરામ મીર અને ચાર મહિલા સહીત આઠ શખ્સોએ ઢોરપકડ પાર્ટી સાથે ઝપાઝપી કરી મહિલાઓએ મહીલા સીક્યુરીટી ગાર્ડને માર મારી ઢોર છોડાવી લઈ ગયા હતા. બનાવ બાદ મહાનગરપાલિકાનો કાફલો ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન ખાતે દોડી જઈ ચાર મહિલા સહીત આઠ શખ્સો સામે ફરીયાદ નોંધાવતા પીએસઆઈ જે જી જાડેજાએ ગુનો નોંધી ચાર મહિલા સહીત આઠ શખ્સોની ધરપકડ કરવા તજવીજ હાથ ધરવામાં આવી છે.

ટીપી શાખા દ્વારા સેન્ટ્રલ ઝોન કચેરી હેઠળના વિસ્તારમાં ગેરકાયદેસર બાંધકામ દૂર કરાયું

રાજકોટ.તા.૫

મ્યુનિ. કમિશ્નર આનંદ પટેલ સાહેબની સૂચના અનુસાર તથા ટાઉન પ્લાનીંગ ઑફિસર એમ. ડી. સાગઠીયાના માર્ગદર્શન હેઠળ રાજકોટ મહાનગરપાલિકાની ટાઉન પ્લાનીંગ શાખા દ્વારા શહેરના સેન્ટ્રલ ઝોન વિસ્તાર પૈકીવોર્ડ નં.૩માંસાધુવાસવાણી કુંજરોડ પરટી.પી. સ્કીમ નં.૧૯(રાજકોટ) નાએફ.પી.નં. ૧૩/બી, એસ.ઈ. ડબ્લ્યુ.એસ. હાઉસિંગ હેતુના અનામત પ્લોટમાંથી ૬-ઝુંપડા તથા મોહન પાર્ક વિસ્તારમાં એફ.પી.નં. ૧૬/ઈ, ગાર્ડન હેતુના અનામત પ્લોટમાંથી ૧ ટોયલેટ તેમજ વોર્ડનં.૨માં એચ.સી.જી. હોસ્પિટલ પાછળ ટી.પી. સ્કીમ નં.૯ (રાજકોટ) ના એફ.પી.નં.આર-૧, રહેણાંકવેચાણ હેતુનાના અનામત પ્લોટમાંથી ૮ ઝુંપડાનું થયેલ ગેરકાયદેસર બાંધકામ દુર કરી, અંદાજે ૬૫ કરોડની કિંમતની ૧૬,૬૧૦ ચો.મી. જમીન ખુલ્લી કરાવવામાં આવેલ છે.

આ કામગીરીમાં ટાઉન પ્લાનીંગ શાખાના સેન્ટ્રલ ઝોનનો તમામ સ્ટાફ, જગ્યા રોકાણ શાખા તથા રોશની શાખાનો સ્ટાફ સ્થળ પર હાજર રહેલ તથા આ કામગીરી દરમ્યાન સ્થાનિકે કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે માટે વિજિલન્સ શાખાનો સ્ટાફ પણ સ્થળ પર હાજર રહ્યા હતા.

હોર્ડીંગ કંપનીએ લાયસન્સ ફી રકમની ચુકવણી નહીં કરતા ૧૦ વર્ષ માટે બ્લેકલીસ્ટ કરાઈ

રાજકોટ.તા.૫

રાજકોટ રાજપથ લી. દ્વારા શહેરના ૧૫૦ ફુટ રીંગ રોડ પર હોર્ડીંગ બોર્ડ મારફત તેમજ શહેરમાં વિવિધ સ્થળોએ આવેલ બસ સ્ટોપ પર જાહેરાત પ્રસિધ્ધ કરવાના રાઈટ્સ વિવિધ એજન્સીઓને આપવામાં આવેલ છે. જે એજન્સીઓ દ્વારા તેઓને આપવામાં આવેલ રાઈટ્સના અનુસંધાને રાજકોટ રાજપથ લી.ને નિયમિત ધોરણે લાયસન્સ ફીની રકમ ચુકવવાની થાય છે.

મે. ચિત્રા (બી) પબ્લીસીટી કંપનીને બી.આર.ટી.એસ. કોરીડોર પર ૧૧ યુનિપોલ અને ૦૪ ઓબ્લીગેટરી સ્પાન પર જાહેરાત પ્રસિધ્ધ કરવાના હક્ક તા.૦૯/૦૭/૨૦૨૩ સુધીની મુદ્દત માટે તથા ૦૫ યુનિપોલ પર જાહેરાત પ્રસિધ્ધ કરવાના હક્ક તા.૨૬/૧૦/૨૦૨૩ સુધીની મુદ્દત માટે આપવામાં આવેલ હતા.

મે. ચિત્રા (બી) પબ્લીસીટી કંપની દ્વારા રાજકોટ રાજપથ લી.ને લાયસન્સ ફીની રકમ ચુકવવા આવતી ન હોય, આ કામે એજન્સીને નોટીસ પાઠવવામાં આવેલ. આમ છતા એજન્સી દ્વારા બાકી લાયસન્સ ફીની રકમ ભરપાઈ કરવામાં આવેલ ન હોય,મે. ચિત્રા (બી) પબ્લીસીટી કંપનીને રાજકોટ રાજપથ લી.ના તમામ કામો માટે ૧૦ વર્ષ માટે ડીબાર / બ્લેકલીસ્ટ કરવામાં આવેલ છે. મે. ચિત્રા (બી) પબ્લીસીટી કંપની, અમદાવાદની જમા રહેલ બેંક ગેરંટીની રકમ રૂ.૨૪,૪૦,૩૧૫ રાજકોટ રાજપથ લી. દ્વારા જપ્ત કરવામાં આવેલ છે. તેમજ રાજકોટ રાજપથ લી.ની બાકી રકમ વસુલવા એજન્સી વિરૂધ્ધ કાયદાકીય કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

આંગણવાડી વર્કરોને સાત માસથી નાસ્તા ખર્ચના બીલ તેમજ અન્ય પ્રશ્ન નહીં ઉકેલાતા આવેદન

રાજકોટ.તા.૫

રાજયની ૫૩ હજાર આંગણવાડી કેન્દ્રોમાં છેલ્લા સાત માસથી આંગણવાડી વર્કરોને બાળકોના નાસ્તાના કરેલ ખર્ચના બીલ ચુક્વાયા નથી. વધુમાં તેઓના ખાનગી મોબાઈલમાંથી કરાતી કામગીરીના મોબાઈલની રકમના બીલ પણ એક વર્ષથી ચુક્વાયા નથી. આ અંગે આંગણવાડી બહેનોમાં રોષ ફેલાયો છે. રાજય સરકારને ગત તા.૨૪ એપ્રીલ, તા.૩૦ જુલાઈ, તેમજ ગત માસની ૨૮ તારીખે રજુઆત કરાયા છતા કોઈ પરિણામ મળેલ નથી. વધુમાં માસીક પગાર પણ એક બે મહિના મોડો ચુક્વાય છે. આ અંગે મુખ્ય મંત્રીને મહિલા બાળ વિકાસ મંત્રીને મળી હેલ્પરોએ આવેદનપત્ર સુપ્રત કર્યુ હતું. જેમાં જણાવ્યુ હતુ કે, જો તેઓનો પ્રશ્ન ઉકેલાશે નહીં તો રેલી યોજી જલદ કાર્યક્રમો અપાશે.

‘૧૦ ગામ દીઠ એક મોબાઈલ પશુ દવાખાના‘ યોજના હેઠળ ચાલુ વર્ષે ૨૫૦ નવીન મોબાઈલ પશુ દવાખાના શરૂ કરાશે

રાજકોટ તા.૫ ગુજરાતના સર્વાંગીણ વિકાસ માટે ઉદ્યોગ સહિતના અન્ય ક્ષેત્રો સાથે પશુપાલન ક્ષેત્રને પણ એટલું જ મહત્વ આપવામાં આવી રહ્યું છે. રાજ્યની પોણા ત્રણ કરોડ જેટલી પશુ સંપદા-સમૃદ્ધિને આરોગ્ય રક્ષા કવચ પુરૂં પાડી ‘દરેક જીવને અભયદાન‘નો મંત્ર સાકાર કરવા રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે. પશુપાલકોના આર્થિક ઉત્થાન માટે રાજ્ય સરકાર દ્વારા સમયાંતરે અનેકવિધ પશુ કલ્યાણકારી પ્રયાસો હાથ ધર્યા છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ રાજ્યમાં શરૂ કરેલી પશુ આરોગ્ય સેવાનો વ્યાપ વધારવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. પશુ સારવાર માટેની મહત્વપૂર્ણ યોજના ‘૧૦ ગામ દીઠ એક મોબાઈલ પશુ દવાખાના‘ અંતર્ગત રાજ્યમાં ચાલુ વર્ષે ઊખછઈ-ત્રઈંજ મારફતે ૨૫૦ નવા ફરતા પશુ દવાખાના શરૂ કરવામાં આવશે.

પશુપાલન મંત્રી રાઘવજીભાઈ પટેલે આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, ગુજરાત આજે દરેક ક્ષેત્રે અગ્રીમ હરોળ તરફ આગળ વધી રહ્યું છે. પશુપાલન ક્ષેત્રે પણ ગુજરાત હરહંમેશ અગ્રેસર રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા મહામૂલા પશુધન માટે ઘર આંગણે પશુ ચિકિત્સા સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. ‘૧૦ ગામ દીઠ એક મોબાઈલ પશુ દવાખાના‘ યોજના હેઠળ ગુજરાતમાં કાર્યરત ૪૬૦ મોબાઈલ પશુ દવાખાના થકી અત્યારે ૫,૩૦૦ થી વધુ ગામના પશુઓને વિનામૂલ્યે સારવાર સેવાઓ પૂરી પાડવામાં આવી રહી છે. રાજ્યના મહત્તમ ગામડાઓને આ સેવાનો લાભ મળે તે માટે નવા ફરતા પશુ દવાખાના શરૂ કરી વધુ ગામડાઓને આવરી લેવાની રાજ્ય સરકારની નેમ છે.

મંત્રી શ્રી પટેલે ઉમેર્યું હતું કે, આ નેમને પરિપૂર્ણ કરવા મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વ હેઠળ ચાલુ વર્ષ ૨૦૨૩-૨૪માં જ નવા ૨૫૦ ફરતા પશુ દવાખાના શરૂ કરવાનો રાજ્ય સરકાર દ્વારા પશુ હિતલક્ષી નિર્ણય કરવામાં આવ્યો છે. જે પૈકીના ૨૦૦ નવીન ફરતા પશુ દવાખાના બિન-આદિજાતિ વિસ્તારમાં અને ૫૦ નવીન ફરતા પશુ દવાખાના આદિજાતિ વિસ્તારમાં શરૂ કરવામાં આવશે.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક
જલદી તમે પણ જોડાઈ જાવ ડિજિટલ ક્રાંતી સાથે
FOLLOW US
YouTube @saurashtrakrantidaily
@Saurashtra kranti
LIVE BREAKING NEWS
વોટ્સએપમાં અમારી સાથે જોડાઓ...
'Hi'લખીને મોકલો #95125 28005

મૂળ લાભાર્થીને સ્થાને ભાડુઆત રહેતા હોવાનું માલુમ પડ્યે ૧૮ આવાસ સીલ



રાજકોટ.તા.૫

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા મુખ્યમંત્રી આવાસ યોજના અંતર્ગત અલગ અલગ સ્થળો પર આવાસોબનાવવામાં આવેલ છે. જે અન્વયેછત્રપતિ શિવાજી ટાઉનશીપ - પોપટપરા, લાલબહાદુર શાસ્ત્રી ટાઉનશીપ-પોપટપરા, ચંદ્ર શેખર આઝાદ ટાઉનશીપ - પોપટપરા, ખાતે મૂળ લાભાર્થીના સ્થાને ભાડુઆત રહેતા હોવાનું માલુમ પડેલ હોય નોટીસ આપવામાં આવેલ. જે અન્વયે તા.૦૩/૧૦ અને તા.૦૫/૧૦નાં રોજ કુલ મળી૧૮ (અઢાર) આવાસો આવાસ યોજના વિભાગ દ્વારા સીલ કરવામાં આવેલ છે.

રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.
નાના માણસની મોટી બેંક
(મલ્ટી-સ્ટેટ શેડયુલ્ડ બેંક)
સ્થાપના સમયે ૫૯ સભ્યો
₹ ૪,૮૯૦/- શેરમૂડી
હાલમાં ૩.૨૫ લાખથી વધુનો વિશાળ સભાસદ પરિવાર અને ₹ ૯,૪૫૦ કરોડનો બિઝનેશ મિક્સ ધરાવતી મધ્યમવર્ગના લોકોની પોતાની બેંક
સ્વભંડોળ ₹ ૮૬૧ કરોડ
બેંકનો ૭૧ મો સ્થાપના દિન
બેંકના સ્વપ્નદષ્ટા

પૂ. અરવિંદભાઈ મણીઆર
૯૧ મો પાવન જન્મદિન
૧૮% ડિવિડન્ડ, નેટ એનપીએ ઝીરો


આઠમા દાયકામાં મંગલ પ્રવેશ
વીવીપી કોલેજ અને રેસકોર્સ-૨માં અટલ સરોવર નિર્માણ માટે આર્થિક યોગદાન
મંગળયાન -ચંદ્રયાનના પાર્ટ્સ પૂરા પાડનાર રાજકોટના લઘુ ઉદ્યોગને વિકસિત થવા માટે ધિરાણ
રાજકોટના વિકાસમાં પાયાનું યોગદાન
આત્મ-નિર્ભર ગુજરાત સહાય યોજના દ્વારા નાના અને મધ્યમ વર્ગના ૪૦,૦૦૦થી વધુ પરિવારોને રૂા.૫૨૩+ કરોડનું ધિરાણ
ગુજરાત અને મહારાષ્ટ્રમાં કુલ ૩૮ શાખા
જન વિશ્વાસની આરાધનાના સફળ ૭૦ વર્ષ
શ્રમિકો, વેપારીઓ, ઉદ્યોગ સાહસિકોનું આર્થિક પાવર-હાઉસ
PROUDLY CO-OPERATIVE
વિનોદ શર્મા સી.ઈ.ઓ.
જીમ્મી દક્ષીણી કાર્યકારી ચેરમેન
સહકારથી સમૃદ્ધિ તરફ આગેકૂચ

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.